વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૨
SATURDAY
12 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 220 CMD : Sanjay Shah

### વિદેશી મીડિયાને આડે હાથ લેતાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે સ્પષ્ટ કહ્યું, ઓપરેશન સિંદૂર ફક્ત ૨૩ મિનિટમાં જ પૂર્ણ થયું હતું

# પાકે. ભારતની એક ઈંટ પણ ખેરવી હોય તો ફોટો બતાવો : ડોભાલ

### અજિત ડોભાલે IIT મદ્રાસ ખાતે દીક્ષાંત સમારોહમાં કહ્યું, ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાયેલ શસ્ત્રો ભલે તે આપણું બ્રહ્મોસ હોય કે રડાર બધા સ્વદેશી હતાં

ચેન્નાઈ, તા.૧૧

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ચેન્નાઈમાં IIT મદ્રાસના ૬૨મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે ઓપરેશન સિંદૂર વિશે પણ ઘણી વાત કરી. અજિત ડોભાલે આ દરમિયાન ઓપરેશન સિંદૂરની સફળતા વિશે પણ જણાવ્યું. તેમણે વિદેશી મીડિયાને આડેહાથે લેતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને જો નુકસાન થયું હોય તો મને એક તસવીર બતાવો.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, અમે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવાનો નિર્ણય લીધો છે. અમને અમારા ઓપરેશન સિંદૂર પર ગર્વ છે. અમે અમારા નિર્ધારિત ૯ લક્ષ્યો સિવાય બીજે ક્યાંય હુમલો કર્યો નથી. હુમલાઓ ચોક્કસ હતા. તેમણે વધુમાં કહ્યું, "ભલે તે આપણું બ્રહ્મોસ હોય કે રડાર, આ બધા સ્વદેશી શસ્રો હતા".

આ સાથે, અજિત ડોભાલે કોન્વોકેશનમાં ઓપરેશન સિંદૂર પરના અહેવાલ માટે વિદેશી મીડિયા પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, વિદેશી મીડિયાએ કહ્યું કે, પાકિસ્તાને આમ અને તેમ કર્યું. તમે મને એક ફોટો બતાવો જે કોઈપણ ભારતીય



ઈમારતને નુકસાન પહોંચાડેલું હોય, મને એક એવો ફોટો બતાવો જે ભારતનું નુકસાનમાં કાચનો એક ટુકડો પણ તુટ્યો હોય તો બતાવો. વિદેશી મીડિયાએ ઘણી બધી વાતો લખી અને આગળ મૂકી. પણ કોઈ સચોટ પુરાવાઓ રજૂ નથી કર્યા.

અજિત ડોભાલે કહ્યું, આપણે આપણી સ્વદેશી ટેકનોલોજી વિકસાવવી પડશે. સમગ્ર કામગીરીમાં ૨૩ મિનિટ લાગી. તેમણે વધુમાં કહ્યું, તમે એક એવા દેશ, એક સભ્યતાના છો જે હજારો વર્ષોથી મુશ્કેલી અને અપમાનમાં છે.

આપણા પૂર્વજોએ ઘણું સહન કર્યું છે. મને ખબર નથી કે આ સભ્યતાને જીવંત રાખવા, રાષ્ટ્રની આ વિભાવનાને જીવંત રાખવા માટે તેમણે કેટલું અપમાન, વંચિતતા અને દુઃખ સહન કર્યું છે. રાષ્ટ્ર રાજ્યથી અલગ છે. ભારત એક રાષ્ટ્ર છે. ૨૨ વર્ષ પછી આપણે આપણી સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છીએ. તે સમયે તમે તમારી કારકિર્દીના શિખર પર હશો. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં હુમલો થયો હતો. આ હુમલામાં આતંકવાદીઓએ નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ ચલાવી હતી. આ પછી, ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ ઓપરેશન હેઠળ, પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમને નષ્ટ કરવામાં આવ્યા હતા. આ પછી, પાકિસ્તાને ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ પણ કર્યો. ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયો. ભારત સાથે આ સીઝફાયર માટે પાકિસ્તાને એક વાર નહીં પણ બે વખત સંપર્ક સાધ્યો હતો. ૭મેની સાંજે ભારત સાથે સીઝફાયર કરવા સંપર્ક કર્યો હતો. પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટ્રી ઓપરેશન્સ દ્વારા ઔપચારિક સંદેશ મારફત સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૦ મેના રોજ બપોરે ૩.૩૫ વાગ્યે DGMO સ્તરે બેઠક થઈ હતી. બંને પક્ષે સીઝફાયર પર સહમતિ કરવામાં આવી.

### અમદાવાદ પ્લેન ક્રેશનો તપાસ અહેવાલ આવે તે પહેલાં વૉલસ્ટ્રીટ જનરલના અહેવાલથી ખળભળાટ


# અમદાવાદ પ્લેન ક્રેશમાં પાયલટ અને ફ્યૂલ સ્વિચની તપાસ પર વધુ ફોકસ?

### વિમાનમાં ટેકનિકલ ખામી નથી, એન્જિન ફ્યુઅલ સ્વિચો બંધ હતી : વૉલસ્ટ્રીટ જનરલ તજજ્ઞ

નવી દિલ્હી, તા.૧૧

અમદાવાદમાં થયેલી ભયાનક વિમાન દુર્ઘટનાની પ્રાથમિક તપાસમાં અત્યાર સુધી બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનમાં કોઈ ટેકનિકલ ખામી જોવા મળી નથી. વોલ સ્ટ્રીટ જર્નલે પોતાના અહેવાલમાં આ દાવો કર્યો છે. એક અમેરિકન મીડિયા આઉટલેટ અનુસાર, વિમાનના બંને એન્જિનના ઈંધણ પુરવઠાને નિયંત્રિત કરતા સ્વીચો બંધ થઈ ગયા હતા, જેના કારણે ટેકઓફ પછી તરત જ એન્જિનનો પાવર (થ્રસ્ટ) ખોવાઈ ગયો હતો. પાઈલોટ્સ સામાન્ય રીતે કટોકટીમાં એન્જિન શરૂ કરવા, બંધ કરવા અથવા રીસેટ કરવા માટે આ સ્વીચોનો ઉપયોગ કરે છે.

ઉલ્લેખનીય છેકે, વોલ સ્ટ્રીટ



જનરલ દ્વારા પ્રકાશીત અહેવાલમાં તજજ્ઞએ જણાવ્યું હતું કે, એએઆઈબી દ્વારા તપાસમાં પાયલટ તેમજ ફયૂલ સ્વીચ પર વધારે ભાર મુકાઈ રહ્યો છે. જેના આધારે એવું પણ તારણ આવી રહ્યું છેકે, પ્લેનમાં કોઈ ખામી ન હતી, પરંતુ ફ્યૂલ સ્વીચ બંધ હતી.

યાદ રહે કે ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ, એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદ એરપોર્ટથી લંડન માટે ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ૨૬૦ થી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ મુસાફરોનો સમાવેશ થાય છે. આ ઘટના ભારતના ઉડ્ડયન ઈતિહાસમાં સૌથી ભયાનક દુર્ઘટનાઓમાંની એક છે.

એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (એએઆઈબી) અમદાવાદ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના સંબંધિત તેનો પ્રારંભિક તપાસ અહેવાલ આજે (શુક્રવાર, ૧૧ જુલાઈ, ૨૦૨૫) જાહેર કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બ્યુરોના અધિકારીઓએ બુધવારે સંસદની સ્થાયી સમિતિને આ માહિતી આપી હતી.

એએઆઈબીના ડાયરેક્ટર જનરલ જીવીજી યુગંધરે ટ્રાન્સપોર્ટ, ટુરિઝમ અને કલ્ચર પરની સ્થાયી સમિતિને જણાવ્યું હતું કે તેઓ તાજેતરના દાયકાઓમાં સૌથી ખરાબ ઉડ્ડયન દુર્ઘટનાઓમાંની એક અને બોઈંગ ડ્રીમલાઈનરને લગતા પ્રથમ અકસ્માત વિશે ૩૦ દિવસની અંદર પોર્ટલ પર રિપોર્ટ અપલોડ કરશે.

આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (આઈસીએઓ) ના ધોરણો હેઠળ, એએઆઈબી અકસ્માતના ૩૦ દિવસની અંદર પ્રારંભિક અહેવાલ સબમિટ કરી શકે છે. એએઆઈબીએ અકસ્માતના એક દિવસ પછી તપાસ શરૂ કરી અને વૈશ્વિક ધોરણો અનુસાર તેના ડાયરેક્ટર જનરલ જીવીજી યુગંધરના નેતૃત્વમાં એક ટીમની રચના કરી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતમાં આટલી મહત્વપૂર્ણ તપાસ પહેલી વાર થઈ રહી છે.

#### AAIBનો પ્રારંભિક અહેવાલ ટૂંકસમયમાં આવશે : ઉડ્ડયન મંત્રી

ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ શુક્રવારે જણાવ્યું હતું કે, ગયા મહિને અમદાવાદમાં થયેલા જીવલેણ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક તપાસ અહેવાલ ખૂબ જ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. તે તેમની જવાબદારી છે, તેમને તેમનું કામ કરવા દો. મંત્રાલય ખાતરી કરી રહ્યું છે કે તપાસ પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને જવાબદાર હોય.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### સરકારી કર્મચારીઓના પગારમાં ૧૭,૦૦૦ રૂપિયાનો વધારો થયો

નવી દિલ્હી : જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU)માં કામ કરતા કેન્દ્રીય કર્મચારીઓ માટે એક મોટા સમાચાર આવ્યા છે. સરકારે તેમના મોંઘવારી ભથ્થામાં મોટો વધારો જાહેર કર્યો છે. હવે તેમનો મોંઘવારી ભથ્થું વધીને ૭૫૮.૩ ટકા થઈ ગયું છે. કેન્દ્ર સરકારના એક નાયબ સચિવ સ્તરના અધિકારીએ આ વધારાની માહિતી આપી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે મોંઘવારી સતત વધી રહી છે અને તેનો સીધો લાભ હજારો જાહેર ક્ષેત્રના કર્મચારીઓને મળશે. ડેપ્યુટી સેક્રેટરી ડો. પી. કે. સિંહાના જણાવ્યા અનુસાર, આ વધારો બોર્ડ સ્તરથી નીચેના બોર્ડ સ્તરના અધિકારીઓ અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ૧૯૮૭ અને ૧૯૯૨નાં ફ્રછ પગાર ધોરણ પર કામ કરતા સુપરવાઈઝર માટે મોંઘવારી ભથ્થુંમાં કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝ એ ૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ એક આદેશ જાહેર કર્યો છે.

### સુપ્રીમ કોર્ટ કાર્ટૂનિસ્ટ હેમંત માલવિયાની આગોતરા પર સુનાવણી કરશે

નવીદિલ્હી : સુપ્રિમ કોર્ટે આરએસએસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વિવાદાસ્પદ કાર્ટૂન શેર કરનારા કાર્ટૂનિસ્ટ હેમંત માલવિયાની આગોતરા જામીન અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી છે. તેમની અરજી પર ૧૪ જુલાઈએ સુનાવણી થશે. મંગળવારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે હેમંતની અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જોયમલ્યા બાગચીની બેન્ચે ૧૪ જુલાઈએ હેમંત માલવિયા દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી હતી. માલવિયાના વકીલ વૃંદા ગ્રોવરે કહ્યું કે આ કેસ માલવિયાએ ૨૦૨૧માં કોવિડ દરમિયાન બનાવેલા કાર્ટૂન સાથે સંબંધિત છે અને હાઈકોર્ટે કહ્યું કે અર્નેશ કુમાર અને ઈમરાન પ્રતાપગઢી જેવા સીમાચિહ્નરૂપ કેસ, જે જીવન અને સ્વતંત્રતા સાથે સંબંધિત હતા, તેનું પાલન કરવામાં આવશે નહીં. હાઈકોર્ટે કાર્ટૂનિસ્ટને દોષિત ઠેરવ્યા છે. ગ્રોવરે કહ્યું કે આ ગુનો મ્રજી હેઠળ આવે છે.

### ભારતીય બુલિયન બજારમાં ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ થયો

# ચાંદીના ભાવમાં ઉછાળો, કિલોના રૂા. ૧.૧૦ લાખને પાર

● ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય બુલિયન બજારમાં આજે એટલે કે ૧૦ જૂલાઈના રોજ સોનાના ભાવમાં વધારો થયો છે. ઉપરાંત, ચાંદીના ભાવ પણ મોટા આંકડાને પાર કરી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, આજે ચાંદી ૧ લાખ ૧૦ હજારને પાર કરી ગઈ છે. આજે ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ રૂપિયા થઈ ગયો છે. એટલે કે, ભારતીય બુલિયન બજારમાં આજે સોના અને ચાંદી બંનેના ભાવમાં વધારો થયો છે.

રાષ્ટ્રીય સ્તરે ૯૯૫ શુદ્ધતાવાળા ૧૦ ગ્રામના ૧૦ ગ્રામનો ભાવ આજે ૯૭૦૮૩ રૂપિયા છે, જે ગુરુવારે ૯૬૬૫૭ રૂપિયા હતો. જો આપણે ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યો છે, જે ગઈકાલે ૮૮૮૯૪ રૂપિયા હતો. ૭૫૦ શુદ્ધતાના ૧૮ કેરેટ સોનાનો ભાવ આજે ૭૩૧૦૫ રૂપિયા છે અને ૫૮૫ શુદ્ધતાના ૧૪ કેરેટ સોનાનો ભાવ આજે ૫૭૦૨૨ રૂપિયા છે.

આજે ચાંદીનો ભાવ ૧૦૯૯૦૦ રૂપિયા પ્રતિ કિલો છે, જે બુધવારે ૧૦૯૫૩૧ રૂપિયા હતો. આ કિંમતોમાં GST ઉમેરવામાં આવ્યો નથી અને તમારે ઘરેણાં ખરીદવા પર મેકિંગ ચાર્જ અલગથી ચૂકવવા પડશે. સોના અને ચાંદીના ભાવ સોમવારથી શુક્રવાર સુધી ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ પર દરરોજ સવારે અને સાંજે જાહેર કરવામાં આવે છે.અમેરિકા અને અન્ય દેશો વચ્ચે વેપાર સંઘર્ષ અને ટેરિફ યુદ્ધના ભયથી આંતરરાષ્ટ્રીય રોકાણકારોનો સુરક્ષિત રોકાણોમાં વિશ્વાસ વધી રહ્યો છે. સદીઓથી આવા અસ્થિર સમયમાં સોના અને ચાંદીને "સેફ હેવન" માનવામાં આવે છે.

જોકે, યુએસ ડોલર મજબૂત થવાને કારણે સોનાની ચમક થોડી મર્યાદિત થઈ છે, કારણ કે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય ચલણોમાં સોનાની કિંમત વધે છે અને માંગ થોડી ધીમી પડી શકે છે. પરંતુ આ હોવા છતાં સ્થાનિક બજારમાં ભાવ વધી રહ્યા છે.

### પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારે સુરક્ષા વચ્ચે શરૂ થયેલી

# અમરનાથ યાત્રા : શિવલિંગ પીગળી રહ્યું છે

શ્રીનગર, તા.૧૧

અમરનાથ દાદાનું શિવલિંગ પીગળી રહ્યું છે. ત્યારે યાત્રાએ જવા માંગતા શ્રધ્ધાળુઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. આવનારા દિવસોમાં યાત્રાએ જનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં છે કે, અમરનાથ યાત્રાએ જવું કે નહિ. તો સાથે જ ટુર ઓપરેટર્સ પણ મૂંઝવણમાં મૂકાયા છે. સૌપ્રથમવાર યાત્રા શરૂ થયાના સાત જ દિવસમાં શિવલિંગ પીગળી ગયું છે. હવે માત્ર રક્ષાબંધન સુધી યાત્રા ચાલુ રહી



શકે તેવી સ્થિતિ છે. પવિત્ર શ્રાવણ માસ પહેલા જ શિવલિંગ પીગળી જતાં આવનારા દિવસોમાં યાત્રાએ જવાનું આયોજન કરનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં મુકાયા છે.

પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારે સુરક્ષા વચ્ચે શરૂ થયેલી અમરનાથ યાત્રા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ છે. એવા અહેવાલો છે કે બરફમાંથી કુદરતી રીતે બનતું પવિત્ર શિવલિંગ ઝડપથી પીગળી રહ્યું છે, જેના કારણે યાત્રાળુઓમાં વહેલી તકે દર્શન કરવા માટે ધસારો જોવા મળી રહ્યો છે. જોકે, આંકડા દર્શાવે છે કે અત્યાર સુધીમાં ૧૭ હજારથી વધુ લોકોએ શિવલિંગના દર્શન કર્યા છે. ઝડપથી પીગળવાની બાબતએ યાત્રાળુઓથી લઈને સ્થાનિકો સુધી બધાને આશ્ચર્યચકિત કર્યા છે.ખાસ વાત એ છે કે કાશ્મીર ખીણમાં તીવ્ર ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓ કહે છે કે હવે તેમણે અનુમાન લગાવવાનું બંધ કરી દીધું છે કે શિવલિંગ કેટલો સમય રહેશે. એક વરિષ્ઠ સભ્યએ કહ્યું, 'દર વર્ષે શિવલિંગ ઝડપથી પીગળે છે.' તેમણે કહ્યું, 'વર્ષો પહેલા તે ઓગસ્ટ સુધી રહ્યું હતું.


### ભાજપ સાંસદે ખરાબ રસ્તા અંગે ઠેકડી ઉડાડી

## ગર્ભવતી મહિલા ડિલિવરીની તારીખ બતાવે, અમે એક સપ્તાહ પહેલાં જ ઉઠાવી લઈશું

### રસ્તા હું નહીં એન્જિનિયર-કોન્ટ્રાક્ટર બનાવે છે

ભોપાલ, તા.૧૧

ચૂંટણીમાં વોટ માંગવા માટે મીઠા મીઠા વચનો આપતા નેતાઓ જીત્યા બાદ કેવા બદલાઈ જાય છે તેનું ઉત્તમ ઉદાહરણ મધ્ય પ્રદેશના ભાજપના સાંસદ રાજેશ મિશ્રાએ પૂરું પાડ્યું છે. મધ્યપ્રદેશના સીધી જિલ્લાની રહેવાસી લીલા સાહુ પાસેથી દરેક વ્યક્તિએ શીખવા જેવું છે. સાહુએ સોશિયલ મીડિયામાં પોતાના ગામ માટે મૂળભૂત સુવિધાઓની માંગ કરી હતી. તેમણે સરકારના દરેક દાવાઓને ખોટા સાબિત કર્યા છે. હાલમાં તેનો વીડિયો ખૂબ વાઈરલ થયો હતો.



નોંધનીય છે કે મધ્ય પ્રદેશના સીધી જિલ્લાની ગર્ભવતી મહિલા લીલા સાહૂએ એક વીડિયો બનાવીને પોતાના ગામમાં રસ્તો બનવાની માંગ કરી હતી. તેમનો વીડિયો ખૂબ વાઈરલ થયો હતો. જોકે એક વર્ષ બાદ પણ ગામમાં રસ્તો બન્યો. લીલા સાહૂ ફરી એક્ટિવ થયા અને નેતાઓ અને તંત્ર સામે સવાલ ઉઠાવ્યા. વીડિયોના માધ્યમથી ફરિયાદ કરી હતી કે ગર્ભવતી મહિલાને લઈ જવા માટે એમ્બ્યુલન્સ પણ આવી શકે તેવા રસ્તા નથી.

મહિલાને જવાબ આપતા ભાજપના સાંસદ રાજેશ મિશ્રાએ હદ વટાવી કહ્યું છે કે, ગર્ભવતી મહિલા ડિલિવરીની તારીખ બતાવે, અમે એક સપ્તાહ પહેલા જ ઉઠાવી લઈશું અને દાખલ કરાવીશું. તેમણે કહ્યું છે, કે ચિંતાની શું વાત છે? એમ્બ્યુલન્સ છે, હોસ્પિટલ છે, આશાવર્કર્સ છે, અમે વ્યવસ્થા કરી આપીશું. ડિલિવરીની સંભાવિત તારીખ બતાવો અમે એક સપ્તાહ પહેલા જ ઉઠાવી લઈશું અને દાખલ કરાવી દઈશું. રસ્તા હું નહીં એન્જિનિયર-કોન્ટ્રાક્ટર બનાવે છે.'

આટલું જ નહીં મધ્ય પ્રદેશના PWD મંત્રી રાકેશ સિંહ તો કહી રહ્યા છે કે એવા ઘણા વિસ્તાર છે કે જ્યાં રસ્તાની માંગણી છે. PWD કે કોઈ પણ વિભાગ પાસે એટલું બજેટ નથી કે કોઈ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દે અને અમે રસ્તા બનાવવા માટે ડમ્પર લઈને પહોંચી જઈએ? રસ્તો બનાવવા માટે પણ એક પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા કોઈ કશું પોસ્ટ કરી દે તો શું અમે માંગ સ્વીકારી લઈશું?'

### કેરળ યુક્તવડા સંગમ કાર્યક્રમમાં સંબોધન

# ધર્મ અને જાતિની ઓળખથી મુક્ત બાળકો જ દેશની સાચી આશા : જસ્ટિસ અરુણ

### બાળકો નિર્ભય બની સમાજના રૂઢિપ્રયોગોને પડકારશે

કેરળ, તા.૧૧

કેરળ હાઈકોર્ટના જસ્ટિસ વી.જી.અરુણે કહ્યું હતું કે, ધર્મ અને જાતિની ઓળખથી મુક્ત જન્મેલા બાળકો ભવિષ્યની આશા છે. તેમણે કહ્યું હતું કે, આવા બાળકો નિર્ભય બનીને મોટા થશે અને સમાજના રૂઢિપ્રયોગોને પડકારશે. જસ્ટિસ અરુણ કેરળ યુક્તવડા સંગમ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

એક રિપોર્ટ અનુસાર જસ્ટિસ વીજી અરુણે એવા માતા-પિતાની પ્રશંસા કરી હતી, જેઓ કોઈ પણ ધાર્મિક કે જાતિની ઓળખ વિના પોતાના બાળકોને ઉછેરી રહ્યા છે. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે, હું તે દરેકની પ્રશંસા કરું છું જે તેમના બાળકોને શાળાએ મોકલે છે અને ધર્મ અથવા જાતિ સાથે જોડાયાં વિના તેમને શિક્ષણ આપે છે. આ બાળકો આવતીકાલની આશા છે. સમાજનો વિરોધ હોવા છતાં આ બાળકો નિર્ભયપણે ભવિષ્યમાં યોગ્ય પ્રશ્નો પૂછશે.

પ્રખ્યાત તર્કવાદી અને લેખક પવનનની યાદમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લેખક વૈશાખાનને રેશનાલિસ્ટ પ્રવચનમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જસ્ટિસ અરુણે આ કાર્યક્રમમાં પવનન અને વૈશાખાનના યોગદાન વિશે વાત કરતા કહ્યું હતું કે, તેઓએ તેમના જીવનમાં તર્ક અને ધર્મનિરપેક્ષતાને અપનાવવા માટે જાતિની અટકોનો ત્યાગ કર્યો હતો.આ દરમિયાન જસ્ટિસ અરુણે પોતાના પિતા ટીકેજી નાયરનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમના પિતા લેખક, રાજકારણી અને સામાજિક કાર્યકર હતા.

### ઈરાને અમેરિકાની વાયુ સેનાનું કમ્યુનિકેશન સેન્ટર નષ્ટ કર્યું

કતાર, તા.૧૧

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ગત મહિને સર્જાયેલા ભીષણ યુદ્ધમાં થયેલા નુકસાનનો ખુલાસો ધીમે ધીમે થઈ રહ્યો છે. ઈરાને આજે એક વીડિયો રજૂ કરી દાવો કર્યો હતો કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત યુએસ કોમ્યુનિકેશન ફેસિલિટીને નષ્ટ થઈ હતી. ભારતમાં ઈરાનની એમ્બેસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વીડિયો રજૂ કરી જણાવ્યું હતું કે, સેટેલાઈટ ઈમેજ દર્શાવે છે કે, ઈરાને ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત અમેરિકાની સેનાના પ્રાઈમરી કોમ્યુનિકેશન્સ રેડોમને નષ્ટ કર્યું હતું. તેનું બીજુ રેડોમ કુવૈત આવેલું છે. ઉલ્લેખનીય છે, ઈરાનના દાવા પર કતાર કે અમેરિકાએ કોઈ નિવેદન આપ્યું નથી. અમેરિકાએ ગતમહિને બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કરી ઈરાનના ત્રણ પરમાણુ મથકોને ટાર્ગેટ બનાવ્યા હતાં.

### ભારતમાં TFR હાલમાં પ્રત્યેક મહિલાને ૨.૦ બાળક છે

# ભારતની વસતી ૧૪૬ કરોડે પહોંચી પણ પ્રજનન દરમાં નોંધપાત્ર ઘટાડો!

### ભારતમાં એક મહિલાને સરેરાશ ૨ બાળકો થવાની ધારણા

નવી દિલ્હી, તા.૧૧

૧૧ જુલાઈને વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ દિવસે ભારતની વસતી સંબંધિત યુએનનો એક અહેવાલ પણ બહાર આવ્યો છે, જેમાં મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ભારત ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૧.૪૬ અબજ લોકો સાથે સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે. જોકે, દેશનો કુલ પ્રજનન દર ૨.૧ થી ઘટીને ૧.૯ થયો છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ મંગળવારે જાહેર કરેલા અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. ૨૦૨૫ વર્લ્ડ પોપ્યુલેશન ડેટા (SOWP) રિપોર્ટમાં દર્શાવ્યું છે કે વાસ્તવિક સંકટ વધતી વસતી નથી, પરંતુ લોકોના સ્વતંત્ર અને જવાબદારીપૂર્વક નિર્ણય લેવાના અધિકારમાં વ્યાપક પડકારોમાં છે કે તેઓ બાળકો ઈચ્છે છે કે નહીં, ક્યારે ઈચ્છે છે અને કેટલા બાળકો ઈચ્છે છે.

યુએનના રિપોર્ટમાં અંદાજ છે કે, ભારતની વર્તમાન વસતી ૧૪૬.૩૯ કરોડ છે. ભારત હવે વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. જેની વસતી લગભગ ૧.૫ અબજ છે. વસતીમાં ઘટાડાનું વલણ શરૂ થાય તે પહેલાં વસતી ૧.૭ અબજે પહોંચવાનો અંદાજ છે.

ભારતમાં કુલ પ્રજનન દર હાલમાં પ્રત્યેક મહિલાને ૨.૦ બાળક છે. આનો અર્થ એ છે કે ભારતમાં એક મહિલાને તેના પ્રજનન વર્ષો દરમિયાન સરેરાશ ૨ બાળકો થવાની ધારણા છે. સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) ના ૨૦૨૧ ના અહેવાલ મુજબ, ૨૦૨૦થી આ દર સ્થિર રહ્યો છે.


### વડોદરા શહેરમાં ૬ મહિનાની અંદર જ જન્મના ૯ બોગસ દાખલા મળી આવ્યા

# રૂ. ૨ ૨૦૦માં જન્મનો દાખલો કઢાવનાર મહિલા ઝડપાઈ

### ભેજાબાજો જન્મના બોગસ દાખલા બનાવવા સક્રિય : અગાઉ વોર્ડ નં.૪માંથી ૩ બોગસ દાખલા મળ્યા હતા

વડોદરા, તા. ૧૧

વડોદરા શહેરમાં જન્મના બોગસ દાખલા એકબાદ એક સામે આવી રહ્યા છે જેથી સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે કે વડોદરા શહેરમાં બોગસ જન્મના દાખલા કાઢી આપવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં એક બિહારીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ પણ કરી છે છતા, શહેરમાં અન્ય ભેજાબાજો બોગસ જન્મના દાખલા બનાવવા માટે સક્રિય છે. આજે પાલિકાની વોર્ડ નંબર-૪ની કચેરીમાં વધુ એક બોગસ જન્મનો દાખલો પકડાયો હતો. બોગસ જન્મનો દાખલો લઈ દીકરીના આધારકાર્ડમાં સુધારો કરવા માટે આવેલી મહિલા સામે વારસીયા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નોંધનીય છે કે, અત્યાર સુધીમાં ૯ બોગસ જન્મના દાખલા પકડાયા છે.






શહેરના વારસીયા રીંગરોડ વાઘરી વાસમાં રહેતા રેખાબેન જુગેશભાઈ વાઘેલા તેમની પુત્રીના આધારકાર્ડ બાબતે વોર્ડ નંબર-૪માં જન્મનો દાખલો લઈને ગયા હતા. આધારકાર્ડનું કામ કરતી ટીમને જન્મના દાખલામા શંકા જતા તપાસ કરી હતી. તપાસ દરમિયાન જન્મનો દાખલો બોગસ હોવાનો ભાંડો ફૂટ્યો હતો. નોંધનીય છે કે, વોર્ડ નંબર-૪ની કચેરીમાં અગાઉ ૩ બોગસ જન્મના દાખલા સામે આવી ચૂક્યા છે. આ બાબતે આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અને આધાર કાર્ડ વિભાગના વડા શમીક જોષીએ જણાવ્યું હતું કે, આજે એક મહિલા આધારકાર્ડમાં સુધારો કરાવવા માટે બોગસ જન્મનો દાખલો લઈને આવી હતી. જે પ્રાથમિક દ્રષ્ટિએ જ બોગસ હોવાનું જણાઈ આવ્યું હતું છતાં, તપાસ કરાવતાં દાખલો બોગસ હોવાનું બહાર આવ્યું હતું. મહિલા સામે વારસીયા પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૯ બોગસ જન્મના દાખલા પકડાયા છે. પોલીસે એક વ્યક્તિને પકડ્યો છે પરંતુ, હજુ અનેક ભેજાબાજો સક્રિય હોઈ, વધુ તપાસ જરૂરી છે. વારસીયા રીંગ રોડ વાઘરી વાસમાં રહેતા રેખાબેન જુગેશભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, પતિ શાકભાજીનો વેપાર કરે છે. દીકરીના આધાર કાર્ડના કામ માટે જન્મનો દાખલો જરૂરી હતો. આથી, આ જન્મનો દાખલો ખોડીયાર નગર તળાવ પાસેના ઝેરોક્ષવાળાએ ૨૨૦૦ રૂપિયામાં કાઢી આપ્યો હતો. આ દાખલો લઈને આવતા નકલી હોવાનું ખબર પડી હતી. ઝેરોક્ષની દુકાનની બહાર બોર્ડ મારેલું છે. આ દાખલો બોગસ હતો તે અંગેની મને ખબર ન હતી. બોગસ જન્મના દાખલાના આધારે દીકરીના આધાર કાર્ડમાં સુધારો કરાવવા ગયેલ રેખાબેન જુગેશભાઈ વાઘેલા સામે વારસીયા પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. વારસીયા પોલીસે મહિલાએ આપેલી માહિતીના આધારે વધુ તપાસ હાથ ધરી છે. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવે એવી શક્યતાઓ છે.

### વોર્ડની સેનેટરીની ટીમ દ્વારા ગંદકી અને સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ચેકિંગ દરમિયાન

# તરસાલીમાં પાણીપૂરીવાળાને દંડ કરાતાં પૂર્વ નેતા દોડ્યા, પાલિકા ટીમ સાથે બોલાચાલી!

### પોલીસ ફરિયાદ નહીં કરવા કહેતાં આખરે મામલો રફેદફે કરવામાં આવ્યો

વડોદરા, તા.૧૧

વડોદરા શહેર ના તરસાલી રવિ પાર્ક ચાર રસ્તા પાસે ગઈકાલે સાંજે કોર્પોરેશનના સેનેટરી ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ લારી ગલ્લાનું ચેકિંગ કરવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેની કાર્યવાહી કરી હતી. દરમિયાન પાણીપુરીની લારીવાળાનું ચેકિંગ કરીને દંડનીય કાર્યવાહી કરતાં ભાજપના કાર્યકર્તાએ કામગીરી સામે વિરોધ કરી ચકમક કરતાં વોર્ડના સેનેટરી વિભાગના સ્ટાફે પોલીસ કંટ્રોલમાં ફોન કરીને પોલીસને બોલાવતા મામલો ગરમાયો હતો. જોકે, ભાજપના પૂર્વ નેતા સ્થળ પર દોડીએ આવ્યા હતા અને સેનેટરી ઈન્સ્પેક્ટર સાથે બોલાચાલી કરીને પોલીસ ફરિયાદ નહીં કરવા જણાવતા આખરે મામલો રફેદફે કરવામાં આવ્યો હતો.

**પસાર થતાં ટોળું જોઈને ઊભો રહ્યો અને બંનેને છૂટા પાડ્યા**

સમગ્ર મામલે પાલિકામાં ભાજપના પૂર્વ નેતા અને કાઉન્સિલર અલ્પેશ લિમ્બાચિયાએ કહ્યું હતું કે, હું રાત્રે અહીંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટોળું જોયું જેથી વિસ્તારના આગેવાન તરીકે ઉભો રહ્યો હતો. બોલાચાલી ચાલતી હતી જેથી પાલિકાના કર્મચારી અને બન્નેને છૂટા પાડ્યાં હોવાનું તેમણે કહ્યું હતું.

તરસાલી ના રવિ પાર્ક ચાર રસ્તા પાસે એક દુકાનની પાસે પાણીપુરીની લારી મૂકવામાં આવે છે. આ દુકાન ભાજપના કાર્યકરની હોવાનું કહેવાય છે. કોર્પોરેશનના વોર્ડના સેનેટરી ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ગંદકી અંગે ચેકિંગ કરવા નીકળ્યા હતા ત્યારે પાણીપુરીની લારી વાળાનું ચેકિંગ કરી પેનલ્ટી વસૂલ કરવાની સાથે પ્લાસ્ટિકની થેલી જમા કરવાની કાર્યવાહી કરતા ભાજપના કાર્યકર્તાએ અને લારી ધારકે વિરોધ કર્યો હતો અને કર્મચારીઓ સાથે બોલાચાલી કરી હતી. જેથી સેનેટરી ઈન્સ્પેક્ટરે પોલીસ કંટ્રોલમાં ફોન કરીને પોલીસને બોલાવી લીધી હતી. જેથી મામલો ગરમાયો હતો. જોકે, ભાજપના પૂર્વ નેતાના ટેકેદાર હોવાથી તેઓ પણ દોડી ગયા હતા જ્યાં સેનેટરી ઈન્સ્પેક્ટર સાથે તેઓએ દબાણ કરી આખરે સેનેટરી ઈન્સ્પેક્ટરને પોલીસ ફરિયાદ નહીં નોંધાવવા જણાવતાં મામલો રફેદફે કરવામાં આવ્યો હતો.

### આજવા રોડ પર દત્તનગરમાં પોલીસનો દરોડો

# પ્રતિબંધિત નશાકારક ટેબલેટ્સ અને સીરપના જથ્થા સાથે યુવક ઝડપાયો

### પેટીપલંગમાં જથ્થો સંતાડનાર યુવક સામે એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી

વડોદરા, તા. ૧૧

પોતાના મકાનમાં ગેરકાયદે બિનઅધિકૃત નશાકારક ટેબ્લેટ્સ અને સિરપની બોટલનો જથ્થો છુપાવનાર આજવારોડના યુવકની ક્રાઈમ બ્રાન્ચે એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરી તેની પાસેથી દસ હજારથી વધુની મત્તા કબજે કરી હતી.

આજવારોડ પર આવેલા દત્તનગરમાં રહેતો ૪૩ વર્ષીય લાખનસીંગ મગનસીંગ સિકલીગરે તેના રહેણાંક મકાનમાં ગેરકાયદે નશાકારક ટેબ્લેટ્સ અને સિરપનો જથ્થો સંતાડી રાખી તેનું ગેરકાયદે વેચાણ કરતો હોવાની ક્રાઈમ બ્રાન્ચની ટીમને માહિતી મળી હતી. આ માહિતીના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે લાખનસીંગના ઘરે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે લાખનસીંગને સાથે રાખી તપાસ કરી હતી જેમાં લાકડાના પેટીપલંગની અંદરથી કોઈ પણ જાતના પ્રિસ્કીપ્શન વિનાની ૧૨૬૫ ટેબલેટની સ્ટ્રીપો તેમજ ૧૧૨ કેપ્સ્યુલની સ્ટ્રીપ અને સિરપ ભરેલી ૯ બોટલો મળી હતી.

તેની પાસેથી મળેલા દવા અને સિરપના જથ્થાની ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ પાસે તેમજ એફએસએલ પાસે ખાત્રી કરાવતા આ દવા એનડીપીએસ એક્ટ હેઠળ નાર્કોટીક્સ દવા તરીકે સમાવિષ્ટ હોવાનું તેમજ આ દવા રહેણાંકની જગ્યામાં કોઈ પણ લાયસન્સ કે પરમીટ વગર રાખવામાં આવે તો એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો બને છે. આ વિગતોના પગલે પોલીસે લાખનસીંગની એનડીપીએસ એક્ટના ગુના હેઠળ ધરપકડ કરી તેની પાસેથી દવાનો જથ્થો અને મોબાઈલ સહિત ૧૦ હજારથી વધુની મત્તા કબજે કરી હતી.

પ્રાથમિક તપાસમા લાખનસીંગે આ ગેરકાયદે દવા-સિરપનો જથ્થો સોમાતળાવ ચાર રસ્તા પાસે મેડિકલ સ્ટોર પરથી લાવેલાની કબુલાત કરી હતી. પોલીસને એવી પણ વિગતો સાંપડી હતી કે લાખનસીંગ ગત ૨૦૨૨માં તેના બે સાગરીતો સાથે મળીને વાપીમાં ચોરી કે લુંટના ઈરાદે ભેગા થઈ ચાકુ, ડિસીમીસ,લોખંડની પરાઈ અને કાતર જેવા સાધનો સાથે ઝડપાઈ જતાં તેઓની વિરુધ્ધ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

### પરિવાર ચારરસ્તા પાસે દારૂની મહેફિલ માણતાં ૪ ઝડપાયાં

વડોદરા, તા. ૧૧

શહેરના વાઘોડિયારોડ પર પરિવાર ચારરસ્તા પાસે અમીદર્શન કોમ્પલેક્સમાં દુકાનની બહાર કેટલાક યુવકો વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યા છે માહિતીના પગલે પોલીસે તુરંત ઉક્ત સ્થળે તપાસ કરી હતી જેમાં કોમ્પલેક્સમાં વીર એન્ટરપ્રાઈઝની દુકાનની આગળ બેસીને વિદેશી દારૂની મહેફિલ માણી રહેલાં સૌરભ ચેતનકુમાર મોરે (યોગી સોસાયટી, પરિવાર ચારરસ્તા), કૃણાલ રઘુપતિ તેવર (સાંઈધામ સોસાયટી, વાઘોડિયારોડ), રમેશ રામજી રાવલ (ધોઘંબા, પંચમહાલ) અને અક્ષત શૈલેષભાઈ ઠક્કર (પરિવાર સોસાયટી, વાઘોડિયારોડ)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે ચારેય નશેબાજો પાસેથી વોડકાની અડધી બોટલ તેમજ બિયરના ટીન સહિતની મુદ્દામાલ જપ્ત કરી ચારેયની ધરપકડ કરી હતી.

### સંબંધી મારફત લગ્નનો પ્રસ્તાવ આવ્યા બાદ

# વાડી વિસ્તારની યુવતીએ લગ્ન કરવાની ના પાડતાં યુવકનો રસ્તામાં હુમલો કરી ધમકી

### યુવતીની હેરાનગતિ કરી રહેલા આદિત્ય અને તેના સાગરિતો સામે બે ફરિયાદ

વડોદરા, તા. ૧૧

શહેરના વાડી વિસ્તારમાં રહેતી નોકરિયાત યુવતીએ તેની પાસે લગ્નનું માંગુ લઈને આવેલા યુવક સાથે લગ્ન કરવાનો ઈનકાર કરતાં યુવકે યુવતીના ગાડી પર મોડી રાત્રે પેન્ટીંગ સ્પ્રેથી ખરાબ શબ્દો લખી તેમજ યુવતીનો પીછો કરીને હેરાનગતિ કર્યા બાદ રાત્રે યુવતી પર હુમલો કરીને બદલો લેવાની અને અને મારી નાખવાની ધમકી આપતાં યુવક વિરુધ્ધ યુવતીએ વાડી પોલીસ મથકમાં બે ફરિયાદો નોંધાવી હતી.

શહેરના રેસકોર્સ વિસ્તારમાં નટુભાઈ સર્કલ પાસે પસાભાઈ પાર્કની સામે સંગીત એપાર્ટમેન્ટમાં રહેતા આદિત્ય પંકજભાઈ ઠાકર ગત મે-૨૦૨૧માં વાડી વિસ્તારમાં રહેતી વૈષ્ણવ પરિવારની યુવતી સાથે લગ્નની વાત કરતા માટે યુવતીના ઘરે ગયો હતો અને યુવતી સાથે વાતચિત કરી હતી. જોકે ત્યારબાદ યુવતીને આદિત્યનો સ્વભાવ સારો નહી લાગતા તેણે આદિત્ય સાથે વાતચિત કરવાનું બંધ કર્યું હતું અને લગ્નનો ઈનકાર કર્યો હતો.

આ ઈનકાર બાદ ગત ૨જી જુલાઈના મોડી રાત્રે યુવતીના પરિવારજનોને પાડોશીએ જાણ કરી હતી કે તમારી ગાડી પર કોઈએ પેઈન્ટીંગ સ્પ્રેથી તમારી પુત્રી વિશે ખરાબ શબ્દો લખ્યા છે. યુવતીએ તપાસ કરતાં ગાડી પર તેના વિશે ખરાબ શબ્દો લખેલા જોતા તેની માતાએ તુરંત સીસીટીવી કેમેરાના ફુટેજની ચકાસણી કરી હતી જેમાં રાત્રે પોણા એક વાગે એક્ટિવા પર આવેલા બે ઈસમોએ યુવતીના ગાડી પર લખાણ કર્યુ હોવાની જાણ થઈ હતી. ગત એપ્રિલ માસમાં પણ યુવતી ગેંડા સર્કલ પાસે ઓફિસથી ઘરે જતી હતી ત્યારે આદિત્યએ તેનો પીછો કરીને અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યારબાદ ગત ૯મી તારીખના રાત્રે યુવતી જમીને ચાલતા ચાલતા રણમુક્તેશ્વર મંદિરથી વિહાર ચાર રસ્તા તરફ જતી હતી તે સમયે પણ તેની પાછળ એક્ટિવા પર આવેલા બુકાનીધારી બે યુવકો પૈકીના પાછળ બેઠેલા યુવકે તેના માથામાં પાછળથી એક ઝાપટો મારી ધમકી આપી હતી કે હું બદલો લઈશ અને તેમને ત્રણમાંથી કોઈને છોડીશ નહી, તમને બરબાદ કરી નાખીશ. આ અવાજ આદિત્યનો હોવાનું યુવતી ઓળખી જતાં તે ત્યાંથી ફરાર થયો હતો. યુવતીએ ઉક્ત બંને બનાવોની વાડી પોલીસ મથકમાં અલગ અલગ ફરિયાદ નોંધાવી હતી જેમાં તેની ગાડી પર લખાણ કરનાર અને હુમલો કરનાર આદિત્ય ઠાકર હોવાની શંકા વ્યક્ત કરતાં પોલીસે આદિત્ય ઠાકર અને તેના સાગરીતો સામે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે.

### બંને અછોડાતોડની એક મહિનામાં શહેરમાંથી ૬ અછોડા તોડ્યા હોવાની કબૂલાત

# ગોરવા અને અકોટામાં ચેઈન સ્નેચિંગ કરનાર બે ઝડપાયા

### અછોડા તોડ રીઢા આરોપીઓ પાસેથી પોલીસે ૧૦ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો

વડોદરા, તા. ૧૦

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અછોડા તોડ બાઈક સવારનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે અને અછોડા તોડ પોલીસના નાઈટ પેટ્રોલિંગના ધજાગરા ઉડાવી રહ્યા છે. શહેરના અકોટા અને ગોરવા વિસ્તારમાંથી ૫૦ મીનીટમાં જ બાઈક સવાર અછોડા તોડે બે અછોડા તોડીને રફુચક્કર થઈ ગયા હતા. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા બાઈક સવાર અછોડા તોડને શોધવાની તજવીજ હાથ ધરી હતી જેમાં ક્રાઈમ બ્રાન્ચે બે રીઢા આરોપીને ઝડપી પાડ્યા હતાં. બંન્ને રીઢા આરોપીઓએ વડોદરા શહેરમાંથી એક જ મહિનામાં ૯ લોકોના અછોડા તોડ્યા હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી. પોલીસે બંન્ને રીઢા આરોપીઓ પાસેથી ૧૦ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગત ૯ જુલાઈના રોજ મધ્યરાત્રીના સમયે સોનાનું મંગળસૂત્ર અને સોનાની ચેઈન તોડીને બે સ્પોર્ટસ બાઈક પર આવેલા બે અજાણ્યા તસ્કરો તફડાવીને રફુચક્કર થઈ ગયા હતાં. જેની ફરિયાદ ગોરવા અને અકોટા પોલીસ મથકમાં નોંધાઈ હતી. જેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવતી હતી તે સમયે શહેરમાં બનેલા ચેઈન સ્નેચીંગના ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપી પાડવામાં માટે શહેરમાં લાગેલ સીસીટીવી અને હ્યુમન સોર્સના આધારે માહિતી મળી હતી. કે, અગાઉ ચેઈન સ્નેચિંગના ગુનાઓમા ઝડપાયેલા સોનુસિંગ બલવિરસિંગ ભોંડ (સિકલીગર રહે, સુરત) શંકાસ્પદ જણાઈ આવ્યો હતો. આ ઈસમ નેશનલ હાઈવે કપુરાઈ ચોકડીથી તરસાલી ચોકડી વચ્ચે ક્રીષ્ણા હોટલે પાસેના રસ્તા થઈ તરસાલી દંતેશ્વર તરફ જઈ રહ્યો છે. ત્યારે સામેથી બે જુદી જુદી મોટર સાયકલ પર બે ઈસમ બેસી આવતા હતા આ બંન્ને ઈસમો પોલીસને જોઈ પોતાની મોટર સાયકલ પલટાવીને ભાગવાનો પ્રયાસ કરતા હતા જેથી પોલીસે બંન્ને શંકાસ્પદ ઈસને ઝડપી પાડ્યા હતાં. જે પૈકી એક ઈસમ હાલમાં જ બનેલા ચેઈન સ્નેચિંગના ગુનામાં સોનુંસિંગ ભોંડ એ; જશપાલસિંગ પાપાસિંગ બાવરીને ઝડપી પાડ્યા હતાં. પોલીસે બંન્નેની અંગ ઝડપી વખતે પોલીસને તેમની પાસેથી સોનાના બે મંગળસુત્ર અને ચાર સોનાની ચેઈનો તુટેલી હાલતમાં મળી આવી હતી. તેમજ એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો. પોલીસે સોનાના મંગળુસત્ર અને સોનાની ચેઈન અંગે તેમની પૂછપરછ કરતા તેમણે વડોદરા શહેરમાંથી એક મહિનાની અંદર શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ૯ લોકોના અછોડા તોડયા હોવાની કબૂલાત કરી હતી. આ બંન્ને ઈસમો પાસેથી મળી આવેલ સોનાની ચાર ચેઈન તથા સોનાના બે મંગળસુત્ર તેમજ એક મોબાઈળ ફોન અને બે મોટર સાયકલ શંકાસ્પદ મુદ્દામાલ હોય તપાસ અર્થે કબજે કરી આ બંને ઈસમો પાસેથી મળી આવેલ સોનાની ચેઈનો અને મંગળસુત્ર બાબતે શહેરના અકોટા અને ગોરવા પોલીસ મથકમાં ચેઈન સ્નેચીંગના કુલ ૯ ગુનાઓ નોંધાયેલા હોય અને તમામ ૯ ગુના ડીટેકટ થતા હોય અકોટા અને ગોરવા પોલીસ મથકને આરોપીને મુદ્દામાલ બાબતે જાણ કરી વધુ તપાસ માટે કાર્યવાહી કરવામાં આવશે.

### વાહન વેચાણ લઇ પૈસા પરત નહીં આપી વિશ્વાસઘાત કરનાર એક ઝડપાયો

# એક દિવસ માટે ભાડેથી થાર કાર લઈ બારોબાર વેચી મારનાર ત્રિપુટી ઝડપાઈ

### ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકે મિત્રની થાર કાર ભાડે ફેરવવા આપી હતી

વડોદરા, તા.૧૧

ગત ૩ જુલાઈના રોડ રાત્રીનાસમયે મિત્ર રૂચીત પટેલના નામની કાર મારા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામથી ધવલ વાઘેલાને એક મહીના માટે ફોર વ્હિલર ભાડે એક દિવસના ભાડા ૩૭૦૦ રૂપિયા નક્કી કરી આપેલ હતી. ત્યારબાદ આ ધવલનો મને પાંચ જુલાઈના ફોન આવેલ અને જણાવેલ કે, મારા મામાનો છોકરાને અમરેલી જવા થાર ગાડી જોઈએ છે. જેથી મે ધવલ અને એક અન્ય ઈસમ મે આપેલી ક્રેટા ફોર વ્હિલર ચલાવતો હતો અને ધવલ વાઘેલાને ભાડે આપતી વખતે એગ્રીમેન્ટ બુક પર સહિત તેમજ ગાડી સાથે ફોટો ગ્રાફ પાડીને અશ્વિનભાઈની ફોર વ્હીલર મહેન્દ્રા થાર ગાડી ૩ દિવસ માટે ભાડે આપી હતી. પરંતુ થાર ગાડી ૩ દિવસ બાદ પરત ન આવતા મને ધવલ ઉપર શંકા જતા અમારી થારના લોકેશન ઉપર ચેક કરતા અમરેલી જણાય આવ્યું હતું.

અમરેલી જ્યાં અમારી કારના લોકેશન ઉપર પહોંચી થાર ચાલક સાથે વાતચીત કરતા જણાવેલ કે, મે આ કાર ધવલ અને ભાવેશએ મને વેચેલ છે અને તમારી જોઈતી હોય તો પાંચ લાખ રૂપિયા આપી દો અને ગાડી લઈજાવ. જેથી હું ત્યાંથી વડોદરા પરત આવેલ અને ૮ જુલાઈના રોજ ધવલે આપેલ ફોન બંધ આવતો હતો. તેના ઘરના સરનામે તપાસ કરતા કોઈ રહેતુ ન હોવાનું જાણવા મળ્યું હતું જેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવતા જ એક દિવસ માટે ભાડેથી લઈ ગયેલ મહીન્દ્રા થાર ગાડી બારોબાર અન્યને આપી ઠગાઈ કરવાના ગુનામાં ધવલ રાજુભાઈ વાઘેલા, ભાવગીરી ઉર્ફે ભાવેશ રામગીરી ગોસાઈતથા વાહનો વેચાણ લઈ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત કરવાના ગુનામાં કિશભાઈ રાજેશભાઈ ટીલાળને ઝડપી પાડ્યા હતાં.

### ખિસકોલી સર્કલ પાસે મહિલાની કાર ડિવાઇડર સાથે ભટકાઇ

## મહિલાએ સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર પલટી, કારચાલક મહિલા ઈજાગ્રસ્ત

વડોદરા, તા. ૧૧

વડોદરા શહેરમાં એકબાદ એક અકસ્માતની લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે ગત રોજ રાત્રીના સમયે ખિસકોલી સર્કલ પાસે ૧૦ જૂલાઈના રોજ એક કાર પલટી ગઈ હતી, જેને પગલે મોટી સંખ્યામાં લોકોનું ટોળુ સ્થળ પર એકત્રિત થયુ હતું. આ અકસ્માતની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જેમાં સ્પષ્ટ પણે જોઈ શકાય છે કે એક કાર અચાનક ડિવાઈડર સાથે ભટકાઈ છે અને પછી બે ટપ્પા ખાઈને પલટી જાય છે. આ ઘટનામાં મહિલા કાર ચાલકને ઈજા પહોંચી છે. આ મામલે અટલાદરા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ખિસકોલી સર્કલથી માંજલપુર તરફ જતા રોડ પર એક મહિલા કાર લઈને જઈ રહી હતી. એ સમયે મહિલાએ સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને બાદમાં કાર પલટી ખાઈ ગઈ હતી. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારને ધક્કો મારીને સીધી કરી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કારને થોડુ ઘણુ નુકસાન થયું છે. આ સાથે કારચાલક મહિલાને સામાન્ય ઈજાઓ થઈ છે. ઘટનાને પગલે ખિસકોલી સર્કલથી માંજલપુર તરફ જતા રસ્તા ટ્રાફિક થઈ ગયો હતો. ઘટનાની જાણ અટલાદરા પોલીસને થતાં તરત ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતની આ ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં થઈ ગઈ હતી. સીસીટીવીમાં સ્પષ્ટ દેખાયું હતું કે મહિલા કારના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવે છે અને કાર ડિવાઈડર સાથે અથડાય છે અને પછી પલટી જાય છે, જોકે સદનસીબે કોઈ જાનહાનીનો બનાવ સામે આવ્યો ન હતો.

### સાવલી અને જરોદમાં એલસીબીનો સપાટો

## કટિંગના સમયે જ પોલીસ ટીમ ત્રાટકતાં બૂટલેગરો ફરાર : રૂા.૧૨.૨૪ લાખનો દારૂનો જથ્થો જપ્ત

વડોદરા, તા.૧૧

જિલ્લા એલસીબી પીઆઈ કે.આર.સિસોદીયાએ જણાવ્યું હતું કે એલસીબીની ટીમ સાવલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે હે.કો.જીતેન્દ્રસિંહ ગંભીરસિંહને બાતમી મળી હતી કે ગોપાલ માળી અને વિજય માળીનામના શખ્સોએ વડી તલાવડીથી સરદારપુરા રોડ પર ફટાકડા સ્ટોરના વેર હાઉસની બાજુમાં ખેતરાઉ કાચા નરીવાળા રસ્તેથી અંતરિયાળ અંદરના ભાગે ખેતરના શેઢા પાસે કોઈ વાહન મારફતે વિદેશી દારૂનો જથ્થો મંગાવેલો છે,અને દારૂનો જથ્થો લેવા માટે ટાટા ઈન્ફો ફોર વ્હીલર ટેમ્પો અને સીએનજી રીક્ષા લઈને ગયેલા છે.બાતમીવાળી જગ્યાએ એલસીબી ટીમે દરોડો કરતાં ટેમ્પો અને રીક્ષા મળી આવ્યા હતા તેમાંથી વિદેશી દારુના ક્વાર્ટરીયા ૪૩૨૦ નંગસહિત કુલ રૂ.૧૧,૮૫,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે ગોપાલ માળી અને વિજય માળી અને વાહન ચાલકો સામે ગુનો દાખલ કરી આરોપીઓની તપાસ હાથ ધરી હતી.

જ્યારે અન્ય બનાવમાં જરોદ પાસે ભણીયારા ગામની સીમમાંથી રૂ.૩,૯૪,૯૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.એલસીબીના પોસઈ એસ.જે.રાઠવા-અજયસિંહ ભુપતસિંહને બાતમી મળી હતી કે ભણીયારા ગામની સીમમાં દીપમંગલ પેટ્રોલપંપ નજીક આવેલી ઈસ્કોન ગ્રીન સાઈટ સામે કોઈ ઈસમે વિદેશી દારુનો જથ્થો મંગાવ્યો હોવાની બાતમી મળી હતી.બાતમી આધારે એલસીબીએ દરોડો કરતાં બીયરની પેટી અને વિદેશી દારુના ક્વાર્ટરીયા કુલ નંગ -૮૫ અને બિયરના ટીન-૨૮૯૮ સહિત બે વાહનો સહિત કુલ રૂ.૪,૪૪,૯૮૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.મોપેડ ચાલક અને વિદેશી દારુ મંગાવનાર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### ટેક્નિશિયન ટાવરમાં તપાસ કરતાં ચોરી થઇ હોવાની જાણ થઇ

## અટલાદરા વિસ્તારમાં મોબાઈલના ટાવરમાંથી ૬૦હજારના બે રિક્ટિફાયર કેસેટની ચોરી

વડોદરા, તા. ૧૧

અટલાદરા વિસ્તારમાં શ્રીજી બંગ્લોઝ પાસે લગાવેલ જીવીપી ટાવરમાંથી રૂપિયા ૬૦ હજારની બે રેક્ટિફાયર કેસેટની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતાં. સિક્યુરિટી ગાર્ડને અટલાદરા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરમાં તસ્કરોએ માંઝા મુકી હોય તેમ શહેરના અલગ અલગ વિસ્તારમાં ચોરી કરવા નવી નવી તરકીબો અજમાવીને ચોરી કરીને પલાયન થઈ જતા હોય છે જેથી શેહરના આજવા રોડ પર આવેલા સાંઈ શ્રદ્ધા ડુપ્લેક્ષમાં રહેતા રમેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે કે, હું આરએસ સીક્યુરીટી છું તથા ગ્રામ્ય બ્રાંચમાં ટીમ લીડર તરીકે એક વર્ષથી નોકરી કરી મારૂ જીવન ગુજરાન ચલાવું છું. અમારી કંપનીએ ઈન્ડસ મોબાલિ ટાવરોની સુરક્ષાની જવાબદારી અમને સોપેલ છે. ગત ૯ના રોજ ઈન્ડસ કંપનીના ટેકનિશિયન જુગલ કિશોરે રાત્રીના તેઓના મોબાઈલ નંબર પરથી ફોલ્ડ સુપરવાઝર દિલાવરસિંહ હરેન્દ્રસિંહ ઝાલાના મોબાઈલ નંબર પર ફોન કરીને જાણ કરી હતી કે, શ્રીજી બંગ્લોઝ વડ ગાર્ડન પાસે આવેલ જી.વીપી. મોબાઈલ ટાવર ઉપરથી રેકટીફાયર કેસેટ નંગ.૨ જે ટાવરની અંદર આવેલ એસ.એમ.પી.એસમાં લગાવેલ હોય જેમાંથી કેસેટ નંગ ૧ની ૩૦ ગણી શકાય તેવી બંન્ને રેકટીફાયર કેસેટ નંગની મળી કુલ ૬૦ હજારની બે કેસેટ કોઈ અજાણ્યો ઈસ ટાવરમાંથી ચોરી કરીને લઈ ગયો હતો. સિક્યુરિટીની ફરિયાદના આધારે અટલાદરા પોલીસે કેસેટ ચોરી કરનાર શખસોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ગોરવા અને ફતેગંજ પોલીસના દરોડાથી ફફડાટ

## શ્રાવણ આવતાં જ જુગારીઓ મોજમાં ૧૩ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા

વડોદરા, તા. ૧૧

શ્રાવણ મહિનો આવતા જ જુગારીઓની મોસમ ખીલી હોય તેમ ઠેર ઠેર જુગારીઓ જુગાર રમતા ઝડપાઈ રહ્યા છે. તેવામાં ગોરવા અને ફતેગંજ પોલીસે ૧૩ જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડ્યા છે.શહેરના ગોરવા પોલીસ મથકનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે સમયે માહિતી મળી હતી કે, ફાતીમાં હાઈટસના મકાનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમે છે અને હાલમાં જુગાર ચાલુ છે. જેવી માહિતી મળતા જ ગોરવા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સ્થળ જઈ રેડ કરતા ૧૦ જુગારીઓ જુગાર રમતા મળી આવ્યા હતાં. પોલીસને જોતા ૧૦ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે જુગાર રમતા ઘાંચી સેજાદ ઉર્ફે જુનેદ યુસુફભાઈ, શાહરુખ યુસુફ શેખ, ચિરાગ ઐયુબભાઈ ઘાંચી, ચિરાગ મહેન્દ્રસિંગ રાજ, પ્રતિક હરમાનભાઈ પઢીયાર, સલમાન અલ્લારખા શેખ, ઈરફાન મજીદભાઈ મલેક, અરબાજ સલીમ ઉદવાણીયા, બેલીમ અશીફમીયા હુસેનમીયા, સુનીલ બીપીનચંદ્ર ચોકસીને ઝડપી પાડ્યા હતાં. જુગારીઓ પાસેથી પોલીસે ૧.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં ફતેગંજ પોલીસે ગણપતિ ચોકડી જોગણી માતાના મંદિર પાસેથી જુગાર રમતા ૩ જુગારીઓને ઝડપી પાડ્યા હતાં. જેમાં ગોવિંદભાઈ વઢીયારા, અશોકભાઈ કાંતિભાઈ વઢીયારા અને શૈલેષભાઈ અશોકભાઈ વઢીયારાને ઝડપી પાડી રોકડા ૧૦ હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

### દેશ આખાને હચમચાવનારી પાદરા-ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યના આરોગ્યમંત્રી ઇજાગ્રસ્તોની મુલાકાત લેવા માટે સયાજી હોસ્પિટલ પહોંચ્યા હતા

# મંત્રીની મુલાકાત પહેલાં એસએસજીને સજાવાઈ

## મંત્રી હોસ્પિટલ પહોંચ્યા ત્યાં સુધી એસએસજીમાં તૈયારી ચાલતી હતી, તૂટેલી ટાઈલ્સ દૂર કરી પોપડાં ભરવામાં આવ્યાં, સફાઈ પણ કરાઈ હતી

વડોદરા, તા.૧૧

વડોદરા ગ્રામ્યમાં આવતા પાદરાના ગંભીરા બ્રિજનો ભાગ તૂટી પડવાની દુર્ઘટના બાદ આજે રાજ્ય સરકારના સ્વાસ્થ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઇજાગ્રસ્તોની ખબર કાઢવા પહોંચ્યા હતા. જોકે, તેમના આગમન પહેલાં એસએસજી હોસ્પિટલ તંત્ર દ્વારા સફાઈ, રંગરોગાન અને તૂટેલી-ફૂટેલી ટાઈલ્સો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેને કારણે નવો વિવાદ સર્જાયો હતો અને લોકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો.





આજે દુર્ઘટનાના ત્રીજા દિવસે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ વડોદરાની મુલાકાતે આવ્યા હતા. તેમણે પહેલા દુર્ઘટના સ્થળ અને પછી સારવાર હેઠળ ઇજાગ્રસ્તો સાથે વાત કરવા એસએસજી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સ્વાસ્થ્ય મંત્રીના આગમન પહેલા હોસ્પિટલ તંત્રએ શરમ નેવે મૂકી હોય તેવું પ્રદર્શન કર્યું હતું. મંત્રીના આગમન પહેલા હોસ્પિટલમાં યુદ્ધના ધોરણે રંગરોગાન હાથ ધરાયું હતું. એટલું જ નહીં, તૂટેલી ટાઈલ્સોને દૂર કરીને તેના પોપડા ભરવામાં આવ્યા હતા અને ખૂણે-ખાંચરેથી કચરો દૂર કરાયો હતો. આ મામલે વહીવટી તંત્રની ભારે ટીકા થઈ હતી. લોકોનો આક્રોશ આ વાક્યો સ્વરૂપે સામે આવી રહ્યો છેકે, સરકારી તંત્રથી જર્જરિત પુલનું સમારકામ થતું નથી, પરંતુ મંત્રીના આવતા પહેલા હોસ્પિટલમાં રંગરોગાન કરાય છે. જનતા ભલે મરે પરંતુ તંત્ર સીનસપાટા કરવાનું ભૂલતું નથી. આ ઘટનાએ સરકારી તંત્રની પ્રાથમિકતાઓ અને કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

### મંત્રીની મુલાકાત અગાઉ જ વધુ એક ઈજાગ્રસ્ત દર્દીનું મોત

વડોદરા શહેર નજીક પાદરાના ગંભીરાપુરા બ્રિજની દુર્ઘટનાના ૭૨ કલાક બાદ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઘટનાનું નિરીક્ષણ તથા ઈજાગ્રસ્તો મુલાકાતે સયાજી હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા. તેમના એક દિવસ અગાઉ આરોગ્ય વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ધનંજય દ્વીવેદી સયાજી હોસ્પિટલ ખાતે દર્દીઓની મુલાકાતે આવ્યા હતા. જ્યાં તેમને હોસ્પિટલના તંત્રને દર્દીઓની લાઈફ લોસ ન થાય તે અંગેની સૂચના આપી હતી. પરંતુ શેઠની શિખામણ ઝાંપા સુધી જેવો ઘાટ સયાજી હોસ્પિટલમાં જોવા મળ્યો હતો. આરોગ્ય મંત્રી આવે એ પહેલા જ વધું એક ઈજાગ્રસ્ત દર્દી નું મોત નીપજયું હતું. બ્રિજની દુર્ઘટનામાં ઈજા પામેલ નરેન્દ્રસિંહ પરમાર સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા એ દરમિયાન તેમનું આજે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ તેમને મૃત જાહેર કરાયા હતા. જોકે આ બનાવ સંદર્ભે પરિવારજનોએ તબીબો ઉપર આક્ષેપો કર્યા હતા. જોકે તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે કોલ્ડ રૂમ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું કારણ પ્રકાશમાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### જર્જરિત ગંભીરા બ્રિજની સતત અવગણના, છતાં મંત્રીનું મૌન

પાદરાના ગંભીરા બ્રિજની જર્જરિત હાલતનો મુદ્દો વર્ષ ૨૦૨૨માં સરકારને પત્ર લખીને ઉજાગર કરાયો હતો. ત્યારથી લઈને દુર્ઘટના પહેલા સુધી અનેક વખત ગંભીરા બ્રિજની ખરાબ હાલત અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું. પરંતુ સરકારના પેટનું પાણી હાલ્યું નહોતું અને જર્જરિત પુલનું સમારકામ કરવામાં આવ્યું નહોતું. આખરે ત્રણ દિવસ પહેલા સવારના સમયે બ્રિજનો ભાગ તૂટી પડતા ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં અનેક વાહનો નદીમાં ખાબક્યા હતા. જે ઘટનામાં અત્યાર સુધી ૧૯ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ત્યારે આજે ત્રીજા દિવસે મુલાકાતે આવેલા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પણ સમગ્ર બાબતે જવાબ આપવાનું ટાળ્યું હતું.

### ગર્લ્સ હોસ્ટેલ ફૂડ પોઈઝનની ઘટનામાં સત્તાધીશોને રજૂઆત

# MSUની ગર્લ્સ હોસ્ટેલનો રીડિંગ રૂમ જ હોસ્પિટલમાં ફેરવી દેવાયો

## પૂર્વ સેનેટસભ્ય દ્વારા મેસના કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવા માગ

વડોદરા, તા.૧૧

એમ. એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં કોન્ટ્રાક્ટર શિલ્પા હોસ્પિટાલિટીની બેદરકારીને કારણે ૨૦૦ જેટલી વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝન થયાની ગંભીર ઘટનાના ૭૨ કલાક વીતી ગયા હોવા છતાં, યુનિવર્સિટીના સત્તાધીશો હજી જવાબદારોને બચાવવાના પેંતરા રચી રહ્યા હોવાનો આક્ષેપ પૂર્વ સેનેટ સભ્ય દ્વારા કરાયો છે. આ મામલે પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષીએ આજરોજ યુનિવર્સિટીના સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી કેટલીક કડક માંગણીઓ મૂકી હતી. ઉલ્લેખનીય છેકે, હજી પણ વિદ્યાર્થિનીઓની તબિયત સારી ન હોવાથી તેમને સારવારની જરૂરિયાત છે. જેથી હોસ્ટેલનો રીડીંગ રૂમ હોસ્પિટલમાં ફેરવી દેવાયો છે. જેમાં તમામ વિદ્યાર્થિનીઓને એક સાથે સારવાર આપવામાં આવી રહી છે.

માંગણીઓ બાબતે કપિલ જોષીએ જણાવ્યું હતું કે, ઘટનામાં બીમાર વિદ્યાર્થિનીઓ વતી યુનિવર્સિટી સત્તાધીશો શિલ્પા હોસ્પિટાલિટી સામે તત્કાળ પોલીસ ફરિયાદ નોંધાવે, વિદ્યાર્થિનીઓને બીમાર થતા ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે થયેલ ખર્ચ શિલ્પા હોસ્પિટાલિટી પાસેથી વસૂલ લેવામાં આવે, સારવાર દરમિયાન વર્ગોમાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થિનીઓને તેમની ગેરહાજરીને કારણે પરીક્ષા દરમિયાન મુશ્કેલી ન પડે તે અંગે સ્પષ્ટ સૂચના આપોતો પરિપત્ર કરવામાં આવે, શિલ્પા હોસ્પિટાલિટીણે કોન્ટ્રાક્ટ આપનાર સામે પણ પગલા લેવામાં આવે,

### હરણી સમા લીંકરોડ પર બ્રાઈટ સ્કૂલની પાસે

# બિનવારસી કારમાંથી વિદેશી દારૂની ૧૪૪૦ બોટલો મળી

વડોદરા, તા.૧૧

હરણી-સમાલીંક રોડ પર બ્રાઈટ સ્કૂલના ખાંચામાં બિનવારસી હાલતમાં પડેલી વેગન આર કારમાંથી વિદેશી દારૂ- બિયરનો જથ્થો મળી આવતા હરણી પોલીસે કાર અને દારૂના જથ્થા સહિત ૫.૫૮ લાખથી વધુની મત્તા કબજે કરી કારમાલિકની શોધખોળ હાથ ધરી છે.

હરણી પોલીસને પેટ્રોલીંગ દરમિયાન એવી માહિતી મળી હતી કે હરણી-સમાલીંક રોડ પર બ્રાઈટ સ્કુલની બાજુના ખાંચામાં બિનવારસી હાલતમાં પડી રહેલી જીજે-૦૭-ડીસી-૧૦૪૮ નંબરની વેગનઆર કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. આ વિગતોના પગલે પીઆઈ એસ વી વસાવા સહિતના સ્ટાફે તુરંત તપાસ હાથ ધરી હતી જેમાં ઉક્ત સ્થળેથી વેગનઆર કાર મળી હતી. પોલીસે કારમાં તપાસ કરતાં કારની ડીકીમાં તેમજ પાછળની સીટ પરથી વિદેશી દારૂની ૧૪૪૦ ક્વાટરિયા તેમજ બિયરના ૨૯૨ ટીન સહિત ૨,૫૮,૨૪૦નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને કાર સહિત ૫.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કારમાલિકની શોધખોળ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ કાર હિમ્મતનગર હોવાની અને તેની પર લગાવેલી નંબરપ્લેટ બોગસ હોવાની વિગતો સપાટી પર આવી હતી.

### ગંભીરા બ્રિજ ઘટનામાં ઇજાગ્રસ્તનું મોત થતાં પરિવારનો આરોપ

# ૨૪ કલાક પાણી આપવાની પણ ના પાડી હતી, છતાં જ્યૂસ અપાયું

વડોદરા, તા.૧૧

પાદરાના ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત નરેન્દ્રસિંહ પરમારનું આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ઘટનાને પગલે મૃતકના પરિજનોએ એસએસજી હોસ્પિટલ મેનેજમેન્ટ વિરુદ્ધ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. મૃતક નરેન્દ્રસિંહ પરમારના ભાઈએ જણાવ્યું હતું કે, મારો નાનો ભાઈ નરેન્દ્રસિંહ નોકરીથી ઘરે પાછો આવી રહ્યો હતો. બ્રિજ તૂટ્યો એટલે તે બાઈક સાથે નદીમાં પડ્યો હતો. તેને કોઈ ગંભીર ઈજા પહોંચી નહોતી. તેને માત્ર આંખ પર ચાર ટાંકા આવ્યા હતા. તે સંપૂર્ણ સ્વસ્થ હતો. તેને ૨૪ કલાક પાણી આપવાની પણ ના પાડી હતી, જેથી તેને અમે કંઈ આપ્યું નહોતું. તે બાદ હોસ્પિટલના મેનેજમેન્ટના કહ્યા અનુસાર અમે તેને દાડમનું જ્યુસ આપ્યું હતું. તે પછી તેનું મોત નીપજ્યું છે. તેણે જ્યુસ પીધો એટલે તેનું મૃત્યું થયું છે. તેમણે અમને કહ્યું કે પીએમ માટેની કાર્યવાહી કરવા ફોર્મ પર સહી કરવી પડશે.

### મૃતકે અંતિમ સંવાદમાં કહ્યું, આ તંત્રની ભૂલ

નરેન્દ્રસિંહ પરમારે ગુરુવાર ૧૦ જુલાઈના રોજ આખરી સંવાદમાં કહ્યું હતું કે, આ તંત્રની ભૂલ છે. તેમની જરૂરત હોય ત્યારે આવે, ચૂંટણી આવે ત્યારે તેઓ જોવા આવે છે, બાકી પબ્લીકને જોવા કરવા કોઈ તૈયાર નથી. હું નોકરીની નાઈટશીપ પતાવીને ઘરે જતો હતો. હું અને મારી પત્ની તે જગ્યાએ પહોંચ્યા અને બ્રિજ બેસી ગયો હતો. આ ઘટનાએ ફરી એકવાર સરકારી તંત્ર અને હોસ્પિટલ મેનેજમેન્ટની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે, અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વડતાલ આચાર્યનાં નિવાસસ્થાને ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ

અષાઢ સુદ પૂનમના રોજ ગુરુપૂર્ણિમાના પાવન અવસરે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધીશ્વર પ.પૂ.સ.ધ.ધુ ૧૦૦૮ અજેન્દ્ર પ્રસાદ મહારાજનું



ભાવપૂજન સંપ્રદાયના સંતો-હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશ-વિદેશથી લાખો સત્સંગી હરિભક્તો અને ધામો ધામથી સંતો ઉપસ્થિત રહ્યા હતા. સંપ્રદાયના ગુરુપદે બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજનું પૂજન ભાવી આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રીનૃગેન્દ્ર પ્રસાદજી મહારાજ યજ્ઞેન્દ્ર પ્રસાદજી મહારાજ, દિગ્વિજયેન્દ્ર પ્રસાદજી મહારાજ સાથે કવિન્દ્ર મિસાજી દ્વારા કરવામાં આવ્યું હતું.

### પાટીદાર સમાજ સંગઠનની મ.ગુજરાતની ચિંતન શિબિર

વડોદર: તા. ૯ મીના રોજ ભોપાલ ખાતે વિવિધ પાટીદાર સમાજના અગ્રણીઓ સાથે પાટીદાર એકતા બાબતે ચર્ચા વિચારણા, તેમજ ગુજરાત પાટીદાર સંગઠનોની એકતા માટે ભવિષ્યમાં વિવિધ કાર્યક્રમો વિશે ચર્ચા તેમજ આયોજન માટે



વિચારણા અંગે ચિંતન શિબિર યોજાઈ હતી જેમાં વડોદરા શહેર જિલ્લાના પાટીદાર સમાજ સંગઠન સહિત પાટીદાર સમાજના વિવિધ સંગઠનો આગેવાનો ઉપસ્થિત રહ્યા. પાટીદાર સમાજ સંગઠનના પ્રમુખ કલ્પેશભાઈ પટેલ દ્વારા પાટીદાર સમાજમાં એકતાની તાતી જરૂર તેમજ પાટીદાર સમાજમાં એકતા જળવાઈ રહે તે વિશેવિચાર રજૂ કર્યા હતા.

### શહેરમાં મહિલા સશક્તિકરણ એક્ઝિબિશનનું સફળ આયોજન

વડોદરા: શહેરમાં પ્રતિભા પ્રાગટ્ય- મહિલા સશક્તિકરણ એક્ઝિબિશનનું સફળ આયોજન નોટસ આઈટી પાર્ક, સારાભાઈ કેમ્પસ ખાતે કરાયું હતું. વિશિષ્ટ કાર્યક્રમની શરૂઆત વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ સેવા અને કાર્ય કરનાર ૯ પ્રેરણાદાયી



મહિલાઓના સન્માનથી કરવામાં આવી. આરોગ્ય ક્ષેત્રમાં સેવાભાવી કાર્ય માટે ડૉ. કાલિન્દી પરમાર અને રિંકલ પટેલ (નર્સ)નું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ જગતમાં બાળકોના ભવિષ્ય માટે કાર્ય કરનારી પલક પટેલ (શિક્ષિકા) અને હિરલ પરમાર (પ્રોફેસર)ને માન આપવામાં આવ્યું. હાઉસકીપિંગ ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક કામગીરી કરનારી સવિતા પરમાર, સૌંદર્ય ક્ષેત્રમાં કાર્યરત મમતા મજમુદાર (બ્યુટિશિયન), રસોડામાં કૌશલ્ય બતાવનારી ધૃતિ શાહ (શેફ), સમાજ માટે સક્રિય નિલમ આચાર્ય (સોશિયલ એક્ટિવિસ્ટ) અને વ્યવસાય ક્ષેત્રે પોતાના કામથી આગવી ઓળખ બનાવનાર કીર્તલ દેસાઈ (પ્રોફેશનલ) સૌને બીલિયન લાઈવ્ઝ ફાઉન્ડેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

### કોર્પોરેશન દ્વારા ઓનલાઈન ટેન્ડરથી ઓફર મગાવાઈ

# પાલિકા દ્વારા તમામ કર્મચારીઓ માટે એઆઈ બેઈઝ હાજરી સિસ્ટમ અમલમાં મૂકવા નિર્ણય

વડોદરા, તા.૧૧

વડોદરા કોર્પોરેશનમાં કર્મચારીઓની હાજરી અંગે વિવાદ વચ્ચે હવે જીઓ ફેન્સીંગ બેઝ્ડ હાજરી સિસ્ટમ શરૂ કરવા તૈયારી ચાલુ કરવામાં આવી છે. . આ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે અને તા. ૧૪ જુલાઈ સુધી ટેન્ડર ભરી શકાશે.

પાલિકામાં કર્મચારીઓની હાજરી અંગે વારંવાર વિવાદ થાય છે. અનેક વખત એવી બાબતો સપાટી પર આવી છે કે, કર્મચારીઓ હાજરી પુરાવીને ઓફિસે હાજર ન હોય અને પોતાના અંગત કામમાં વ્યસ્ત હોય છે. જેને કારણે લોકોનાં પ્રશ્નો અને ઓફિસ કામને અસર થાય છે. ત્યારે પૂર્વે મેન્યુઅલ હાજરી બાદ ફેસ રીડીંગ સહિત પદ્ધતિ પછી હવે કોર્પોરેશન એઆઈ બેઝ એટેન્ડન્સસિસ્ટમ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ માટે પાલિકાએ ઓનલાઈન ટેન્ડર પ્રસિદ્ધ કરીને ઓફર મંગાવી છે. જેનું બીડ ભરવાની અંતિમ તા. ૧૪ જુલાઈ છે. હજુ કોઈ પણ ઈજારદારે આમાં હજુ રસ દાખવ્યો નથી પરંતુ છેલ્લા દિવસે કેટલા ઈજારા આવે છે? તેના પર આ અંગેનો આગામી નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

આ આધુનિક હાજરી પદ્ધતી અંગે મળતી વિગતો મુજબ જે કર્મચારીનું નોકરીનું જે સ્થળ હશે ત્યાં તે પોતાનો મોબાઈલ લઈને જશે તો જ તેની હાજરી પૂરાશે. એટલે કે, પાલિકાએ પોતાની વિવિધ કચેરીઓની ચોક્કસ જગ્યા મર્યાદામાં આ અંગે લોકેશનના આધારે કર્મચારીની હાજરી ગણાશે. પાલિકાના મોટાભાગના ક્લાસ વનથી થ્રી કક્ષાના તમામ અધિકારીઓ, કર્મચારીઓ પાસે પોતાના મોબાઈલ છે. જેથી તેઓ મોબાઈલ ફોનના માધ્યમથી, જે એપ ડેવલપ કરવામાં આવશે તેમાં, તે પોતાના નોકરીના સ્થળે આવીને પોતાની હાજરી પુરાવી લેશે. પોતાના નોકરીના લોકેશનના ચોક્કસ પેરાફેરી માટે આવવાની સાથે જ મોબાઈલ ફોનની એપની મદદથી પોતાની એટેન્ડન્સ નિશ્ચિત કરી શકશે. જે કર્મચારીઓ પાસે મોબાઈલ નથી જેમાં ખાસ કરીને વર્ગ ૪ના કર્મચારીઓ પાસે મોબાઈલ ન હોય તેમાં જે તે વિભાગના સુપરવાઈઝર ગ્રુપ ફોટોના માધ્યમથી હાજરી પુરશે. હાલ દેશના બેંગ્લોર, હૈદરાબાદ, પુના, પિંપરી ચિંચવડ પાલિકા દ્વારા આ પ્રકારની હાજરી સિસ્ટમનો અમલ હોવાનું પાલિકાના સૂત્રો દ્વારા કહેવામાં આવી રહ્યું છે.

### હવે જેટકોએ કહ્યું - આરોપો પાછળ ધંધાકીય લાભ, તથ્ય નથી

વડોદરા, તા.૧૧

જેટકોમાં વિજિલન્સ તપાસ બાદ ફણગો સપાટી પર આવ્યો છે, ભાજપાના સ્થાનિક કાર્યકરની ફરિયાદ બાદ વિજિલન્સ તપાસ પુરી થતાં જેટકોના ઇજનેરે જણાવ્યું છે કે, લગાવાયેલા આરોપો પાછળ ધંધાકીય લાભ અને કરાયેલા આરોપોમાં તથ્ય નથી.

જેટકોના કોર્પોરેટ અફેર્સના ચીફ ઇજનેરે જણાવ્યું છે કે,આરોપ મુકનાર રીધમ ગોસ્વામી દ્વારા કિશનભાઈ રઘુનાથના નામે કેશોદ સ્ટોરના માલસામાન અંગેની ફરિયાદ કરાઈ હતી.જેના સંબંધે મુખ્ય ઇજનેર (પ્રવહન) દ્વારા અધીક્ષક ઇજનેર,ગોંડલને તપાસ કરવા મૌખિક સુચના અપાઈ હતી.રીધમ ગોસ્વામી બનાવટી,ઉપજાવી કાઢેલી,તથ્ય વગરની, ` પાયા વિહોણી ફરિયાદો પોતાના અંગત લાભ માટે કરી છે. તે જેટકોના અધિકારીઓને માનસિક ત્રાસ આપી,બદલો લેવાની વૃતિ સાથે સતાવાર કામગીરીમાં બિનજરુરી રુકાવટ ઉભી કરી રહેલ છે.રીધમે કેશોદ સ્ટોરનો લોડીંગ -અનલોડીંગનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થવાથી બીજાના નામે ૯૫ ટકા ડાઉન ભાવે ભરવામાં આવ્યા હતો.

### આજે પ્રધાનમંત્રી રોજગાર મેળા અંતર્ગત ૫૧,૦૦૦થી વધુ નિમણૂકપત્રોનું વિતરણ

વડોદરા, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨મી જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૬માં રોજગાર મેળાનો પ્રારંભ કરશે. આ પ્રસંગે વડાપ્રધાન ૫૧,૦૦૦ થી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કરી નવનિયુક્ત કામદારોને પણ સંબોધશે. ૧૬મો રોજગાર મેળો તેનું આયોજન ભારતીય રેલવે દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભારતીય રેલવે દ્વારા ૪૭ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, પશ્ચિમ રેલવે વડોદરા મંડળના પ્રતાપનગર સ્થિત રેલવે ઓડિટોરિયમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં આયોજિત રોજગાર મેળામાં, લગભગ ૯૩ નવા ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવશે, જેમાં સૌથી વધુ રેલવેના ૫૧ ઉમેદવારો સામેલ છે, આ ઉપરાંત, ટપાલ વિભાગ અને મહેસૂલ (સીબીઆઈસી) ના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.

The fastest growing Indian CRDMO* in a global pharmaceutical contract services industry that's projected to touch USD 330 billion by 2029.**



- Offer comprehensive one-stop service capabilities across the drug lifecycle for both small molecules and biologics
- One of the youngest Indian CRDMO companies and the fastest Indian CRDMO, among the assessed peers, to achieve a milestone of Rs.10,000 million of revenue within 14 years of operations, reaching this milestone in Fiscal 2021**
- Recorded the highest revenue growth among Indian and global peers between FY24 and FY25**
- Innovation-focused approach
- 550+ customers spread over 44+ countries ^
- Differentiated business model catering to the needs of small pharmaceutical and emerging biotech companies
- Wide specialty ingredients portfolio, well-positioned to capitalize on the large market opportunity for niche specialty ingredients

Anthem® BioSciences
www.anthembio.com

*Contract Research, Development and Manufacturing Organization ** According to the F&S Report ^ As of March 31, 2025

**ANTHEM BIOSCIENCES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on July 8, 2025. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.anthembio.com; and on the websites of the BRLMs, i.e. JM Financial Limited, Citigroup Global Markets India Private Limited, J.P. Morgan India Private Limited and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.jmfl.com, https://www.citigroup.com/global/about-us/global-presence/india/disclaimer, www.jpmipl.com and www.nomuraholdings.com/company/group/asia/india/index.html, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 34 of the RHP filed with SEBI and the Stock Exchanges, when filed. Potential Bidders should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, for making investment decision.
This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Anthem Biosciences Limited does not intend to register any of the securities in the United States or to conduct a public offering of the securities in the United States.

Adfactors 244A/25

છોટાઉદેપુર જિલ્લાના અનેક પુલ ૫૦ વર્ષ કરતાં વધુ જૂના અને જર્જરિત હોય જેને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે ત્યારે

# છોટાઉદેપુર જિલ્લાના પુલોનું કલેક્ટર દ્વારા નિરીક્ષણ

## મેરિયા નદી પર તેમજ રાજપીપળા તરફ જતા ઓરસંગ બ્રિજને જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી ભારદારી વાહનો માટે બંધ કરવામાં આવ્યો

બોડેલી, તા.૧૧

છોટાઉદેપુર જિલ્લાના ત્રણ બ્રીજો ની જિલ્લા કલેકટરે વિઝીટ કરી હાઈવે નંબર ૫૬ પર આવેલા મેરિયા અને ઓરસંગ બ્રિજ પર ભારદારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યું છે.

વડોદરા જિલ્લાના પાદરાના ગંભીરા બ્રિજમાં દુર્ઘટના બની હતી અને બ્રિજ તૂટી ગયો હતો ૧૫ થી વધુ નિર્દોષ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા જેને લઈને છોટાઉદેપુર જિલ્લાના બ્રીજોની હાલતને લઈને કલેક્ટર દ્વારા વિઝિટ કરવામાં આવી હતી છોટાઉદેપુર જિલ્લાના અનેક બ્રીજો ૫૦ વર્ષ કરતાં વધુ જુના હોય જેને લઈને બ્રિજો પર અનેક સવાલો જોવા મળી રહ્યા છે ત્યારે આજે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને ત્રણ બ્રીજો મુલાકાત કરી જેમાં બે બ્રિજ બંધ કરવામાં આવતા ભારદારી વાહનોને લાંબો ફેરો કરવાનો વારો આવ્યો છે છોટાઉદેપુર જિલ્લામા આવેલા મહત્વના એવા બોડેલી પાસેના બે છોટાઉદેપુર તરફ મેરિયા નદી પર આવેલ તેમજ રાજપીપળા તરફ જતા ઓરસંગ બ્રિજ ને છોટાઉદેપુર જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરી ભારદારી વાહનો માટે બંધ કરવામાં



આવ્યા છે સવારે જિલ્લા કલેકટર ગાર્ગી જેને ડુંગરવાટ પાસે આવેલ બ્રિજ બોડેલી પાસે આવેલ મેરીયા બ્રિજ અને રાજપીપળા તરફ જતા ઓરસંગ નદી પર આવેલા બ્રિજ પર વિઝીટ કરી હતી આ બ્રિજો પર કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે વહીવટી તંત્રએ તાત્કાલિક પગલાં લીધાં છે. બોડેલી નજીકના મેરિયા તથા ઓરસંગ બ્રિજ પર હવે ભારદારી વાહનોની અવરજવર પર રોક મૂકાયો છે છોટાઉદેપુરના બોડેલી નજીક આવેલા મેરિયા અને ઓરસંગ બ્રિજની હાલત જર્જરિત બનતા વહીવટી તંત્રએ કડક પગલાં લીધાં છે. જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના જાહેરનામા પછી, બંને બ્રિજ પર તાત્કાલિક અસરથી ભારદારી વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.પોલીસ દ્વારા બંને બ્રિજ પર બેરિકેટ મૂકવામાં આવ્યા છે અને ભારે વાહનોને વૈકલ્પિક માર્ગ તરફ નો ઉપયોગ કરી અવર જવર કરવા જણાવ્યું છે આ તકેદારીના પગલાંથી અકસ્માત ટાળવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

### બોડેલી મેરિયા બ્રિજ પર ભારે વાહનોની રોક લગાવતાં ખેડૂતો મૂંઝવણમાં મૂકાયાં

બોડેલી. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી જબુગામને જોડતો મેરીયા બ્રિજ ઉપર ભારધારી વાહનોની રોક લગાવવામાં આવી છે જેથી કરીને નજીકના ગામો જબુગામ, સુષ્કાલ, કુકણા, સિહોદ, ચાપરગોટા, જેવા ૨૦ થી ૨૫ ગામો ના ખેડૂતો ખૂબ જ મૂંઝવણમાં મુકાયા જેને લઈ જબુગામના જાગૃત ખેડૂતો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યો જિલ્લા કલેક્ટર દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં થોડી બાંધછોડ કરવામાં આવે કેમકે હાલ ખેડૂતોના કેળા ના પાક તૈયાર થઈ ગયા છે જેમાં ૧૦% જેટલો જ કેળ કટીંગ કરવામાં આવ્યું છે તેને લેવા માટે મોટા વાહન જેવા કે આઈસર, ટ્રક આવે છે પરંતુ તેમનું વજન રેતીના ટ્રક જેટલું હોતું નથી.



## સંક્ષિપ્ત સમાચાર

### સીબી ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલ ખાતે ગુરુ-વંદના કાર્યક્રમ યોજાયો



કાલોલ. શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કુલ, કાલોલ ખાતે આજ રોજ ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના શાળાના આચાર્ય નારણભાઈ પટેલનું બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ગ મોનિટર અને પ્રતિનિધિઓ દ્વારા શિક્ષકોને બુકે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું પણ બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીનીઓ દ્વારા ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે વકતવ્ય અને ભજન રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં શાળાના ઇન્ચાર્જ આચાર્ય એન.પી.પટેલ દ્વારા ગુરુપૂર્ણિમા દિવસનું મહત્વ સમજાવી સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

### દેવગઢબારિયા કૉલેજમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી



દેવગઢ બારિયા. વાય.એસ.આર્ટ્સ અને કે.એસ.કોમર્સ કોલેજ, દેવગઢ બારિયા જિ.દાહોદમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ. એન. ગોહિલે પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. આર. કે. પટેલ, હિન્દી વિભાગના ડૉ. એસ. બી. પટેલ, ડૉ. ડી. એમ. વણકર, અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. પુષ્પાબેન ગોહડિયા જેવા અધ્યાપક મિત્રોએ પુરાણોમાંથી દ્રષ્ટાંતો ટાંકીને ગુરુ-શિષ્યના મહિમાને સમજાવ્યો હતો. સાથોસાથ સાંપ્રત કાળમાં આપણા વાણી - વર્તન - વ્યવહાર કેવા હોવા જોઈએ તેના વિવિધ દ્રષ્ટાંતો ટાંકીને માનવીય મુલ્યોને ઉજાગર કરવા ઉપર ખુબ ભાર મુકવામાં આવ્યો હતો. સંસ્કૃત વિભાગના શ્રી આર. બી. પટેલ તથા સંસ્કૃત વિભાગના તમામ અધ્યાપકોએ શ્લોક ગાન કરી પ્રસ્તુત પ્રોગ્રામને જીવંત બનાવ્યો હતો. ગુજરાતી વિભાગના ડૉ. એ. એસ. રાઠવા સાહેબે આભારવિધિ દ્વારા કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગના ડૉ. પૂજાબેન પટેલે કર્યુ હતું. સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### દેવગઢબારિયા કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ. બીકોમના વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું



દેવગઢ બારીયા. વાય. એસ. આર્ટ્સ અને કે. એસ. કોમર્સ કોલેજ, દેવગઢ બારિયા જિ. દાહોદમાં પ્રથમ બી.એ./બી.કોમના વિદ્યાર્થીઓનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. કોલેજ પ્રિન્સિપાલ ડૉ. એમ. એન. ગોહિલ દ્વારા બાળકોને કુમકુમ તિલક કરી પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. અમારી કોલેજની સીનીયર એસ. વાય. બી. એ તથા ટી. વાય. બી. એની વિદ્યાર્થીનીઓએ પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી પુષ્પગુચ્છ આપી સન્માન કરી સારા ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. સાથે કોલેજની તમામ અધ્યાપિકા બહેનોએ પણ બાળકોને કુમકુમ તિલક કરી પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે કોલેજનાસીનીયર અધ્યાપક એવા ડૉ.એસ.બી.પટેલે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી માહિતી પૂરી પડી હતી.

પોલીસની સરાહનીય કામગીરી

## પાવાગઢ ખાતે યાત્રિકોની ભીડમાં વિખૂટા પડેલા બાળકનું પુન: પરિવાર સાથે મિલન

### બાળક મળી જતાં પરિવારમાં ખુશી છવાઈ

હાલોલ, તા.૧૧

સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરને લઈને ગુજરાત સહિત અનેક રાજ્યોમાંથી એક લાખ ઉપરાંત યાત્રિકો પાવાગઢ ખાતે માતાજીના દર્શને પધાર્યા હતા જેમાં મધ્યપ્રદેશના ઝાબૂઆ જિલ્લાના મેઘનગર ના પર્વતભાઈ ચોપરાનું પરિવાર પણ પાવાગઢ ખાતે માતાજીના દર્શન માટે આવ્યો હતો જ્યાં ડુંગર પર હજારો યાત્રિકોની ભીડમાં ચોપરા પરિવારનું એક થી દોઢ વર્ષીય બાળક પરિવારથી વિખુટા પડી ગયું હતું પરિવારે હાંફળા ફાંફળા થઈ બાળકની શોધખોળ હાથ ધરી હતી જેમાં પાવાગઢ ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારી સુનિલભાઈ શર્માને આ બાળક એક યાત્રિકના માધ્યમથી મળી આવતા તેઓએ માચી ખાતે આ રડતા કકડતા બાળકને પોતાની પાસે તેડી લઈ તેને સાંત્વના અને હુંફ આપી શાંત કર્યું હતું જે બાદ હાલોલ નાયબ પોલીસ અધિક્ષક વી.જે.રાઠોડ અને પાવાગઢ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી.વોરાની સૂચના અને માર્ગદર્શન હેઠળ સુનિલભાઈ શર્માએ પોતાના સાથી પોલીસ કર્મચારીઓની મદદથી યાત્રાધામ પાવાગઢ ખાતે હજારો યાત્રિકોની ભીડમાં પોતાના પરિવારથી વિખુટા પડેલા એક થી દોઢ વર્ષના ફૂલ જેવા માસુમ નાદાન બાળકના પરિવારને શોધવાની કપરી અને મુશ્કેલભરી કહી શકાય તેવી કામગીરી હાથ ધરી હતી જેમાં દોઢ થી બે કલાકની લાંબી અને ભારે જહેમત બાદ આખરે સુનિલભાઈ શર્માએ બાળકના પરિવારને શોધી કાઢી બાળક તેઓનું છે કે નહીં તે અંગેની ચોક્કસ ખાતરી અને ખરાઈ કરી તેઓના પરિવાર સાથે બાળકનું પુનઃ સુખદ મિલન કરાવ્યું હતું.

પાણીના નિકાલની વ્યવસ્થા અને અન્ય આનુષંગિક બાબતોનું બારીકાઈથી અવલોકન

## મહિસાગર કલેકટર દ્વારા જિલ્લાના પુલોનું નિરીક્ષણ : સલામતી અને જાળવણી પર ભાર

### જ્યાં જરૂર જણાય ત્યાં પુલોના મજબૂતીકરણના કાર્યો હાથ ધરવા પર ભાર મૂક્યો

લુણાવાડા, તા.૧૧

મહીસાગર જિલ્લા કલેકટર અર્પિત સાગર દ્વારા આજે આગરવાડા, પાનમ, હાડોડ પુલ સહિત જિલ્લાના વિવિધ પુલોનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને પુલોની સ્થિતિ, તેમની મજબૂતાઈ અને સલામતી સુનિશ્ચિત કરવાના હેતુસર આ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

નિરીક્ષણ દરમિયાન, કલેકટર સાગરે પુલોની સપાટી, સ્ટ્રક્ચરલ ઇન્ટિગ્રિટી, પાણીના નિકાલની વ્યવસ્થા અને અન્ય આનુષંગિક બાબતોનું બારીકાઈથી અવલોકન કર્યું હતું. તેમણે ખાસ કરીને એવા



પુલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું જે જૂના છે અથવા વધુ અવરજવર ધરાવે છે. નિરીક્ષણ બાદ, કલેકટર અર્પિત સાગરે સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચનો કર્યા હતા.

તેમણે પુલોના સમારકામ, જાળવણી અને જ્યાં જરૂર જણાય ત્યાં મજબૂતીકરણના કાર્યો હાથ ધરવા પર ભાર મૂક્યો હતો. કલેકટર અર્પિત સાગર દ્વારા આજે આગરવાડા, પાનમ, હાડોડ પુલ સહિત જિલ્લાના વિવિધ પુલોનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન નિવાસી અધિક કલેક્ટર સી વી લટા, લુણાવાડા પ્રાંત અધિકારી ઉમેશ શાહ, માર્ગ અને મકાન (સ્ટેટ) અધિકારી, માર્ગ અને મકાન (પંચાયત) અધિકારી, લુણાવાડા મામલતદાર સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેક્ટર સાગરે પુલોની સપાટી અને પાણીના નિકાલની વ્યવસ્થા અંગે પણ બારીકાઈથી અવલોકન કર્યું હતું.

દાહોદ જિલ્લાના ઝાલોદ પાલિકાના કાઉન્સિલરની રજૂઆતને પગલે કાર્યવાહી

## નિયમ વિરુદ્ધ ફી ઉઘરાવવા બાબતે ઝાલોદની ત્રણ શાળાને રૂપિયા દસ-દસ હજારનો દંડ ફટકારાયો

### વાલીઓ પાસેથી ઉઘરાવેલી રકમ દિન-૫માં પરત કરવા ડીઈઓએ આદેશ કર્યો

દાહોદ, તા.૧૧

ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત ત્રણ શાળા નિયમો વિરુદ્ધ ફિ ઉઘરાવતી હોવાના તપાસ અહેવાલ બાદ ત્રણેય શાળાને જિલ્લા શિક્ષણાધિકારીએ રૂપિયા ૧૦-૧૦ હજારનો દંડ ફટકારી વાલીઓ પાસેથી દાન પેટે ઉઘરાવેલી રકમ વાલીઓને દિન-૫ માં પરત કરવા હુકમ કરતા ઝાલોદ સહિત જિલ્લા ની શિક્ષણ લોબીમાં ભૂકંપી ખળભળાટ મચી ગયો છે. અને દાનના નામે ડોનેશન ઉઘરાવતી જિલ્લાની શાળાઓના સંચાલકોમાં ભારે ફફડાટ ફેલાવા પામ્યો છે. ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત ત્રણ શાળાઓ મ.ચુ.કોઠારી પ્રાથમિક શાળા, જે.વી.શેઠ મિડલ સ્કૂલ તેમજ બી.એમ.હાઈસ્કુલ




દ્વારા નિયમો વિરુદ્ધ જઈ ફિ ઉઘરાવાતી હોવાની ઉગ્ર રજૂઆત ઝાલોદ પાલિકા કાઉન્સિલર રજાક પટેલ દ્વારા દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી ને કરવામાં આવતા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ કમિટીની રચના કરી તારીખ ૧૮ જૂને તપાસના આદેશ કરાયા હતા. જે બાદ તપાસ સમિતિએ તારીખ ૩૦ જૂને તપાસ અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં શાળાઓ દ્વારા વાર્ષિક ફિ એક સાથે વસૂલવા, દાન પેટે રૂપિયા ૨૦૦૦/-થી ૨૧૦૦/-વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવા જેવી ગંભીર બાબતો સામે આવી હતી. જે બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ તારીખ ૨ જુલાઈએ મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા ત્રણે શાળાના આચાર્યો તેમજ અરજદાર કાઉન્સિલર રજાક પટેલ ની રૂબરૂ સુનાવણી હાથ ધરી હતી. જેમાં મ.ચુ. કોઠારી પ્રાથમિક શાળા તેમજ જે.વી.શેઠ મિડલ સ્કૂલ દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણના નિયમનન ઉલ્લંઘન બદલ રૂપિયા ૧૦-૧૦ હજારનો દંડ ફટકારાયો હતો. જ્યારે બી.એમ.હાઈસ્કુલ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી દાન લેવા માં આવ્યું હોવા બદલ ભવિષ્યમાં આવું નહીં કરે તે માટે રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

દુધિયા PHCની જ્ઞાનદીપ હાઈસ્કૂલ ખાતે

## આયુષ્માન ભારત સ્કૂલ હેલ્થ એન્ડ વેલનેસ પ્રોગ્રામ અંતર્ગત એડોલેસન હેલ્થ-ડે કાર્યક્રમ

### આરોગ્ય કાર્યક્રમ વિશે પણ સમજૂતી

દાહોદ, તા.૧૦

દેવગઢ બારીયા તાલુકાના દુધિયા જ્ઞાનદીપ હાઈસ્કૂલ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ઉદય ટીલાવત માર્ગદર્શન હેઠળ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, અને આર. સી.એચ ઓફિસર તેમજ તાલુકા હેલ્થ ઓફિસર આર.કે.એસ.કે. પ્રોગ્રામ અંતર્ગત આયુષ્માન ભારત સ્કૂલ હેલ્થ એન્ડ વેલનેસ પ્રોગ્રામ અંતર્ગત આઈઈસી એક્ટિવિટી અને એચ.બી. ટેસ્ટિંગ, સિકલ સેલ ટેસ્ટિંગ કાર્યક્રમ મેડિકલ ઓફિસરના સહકારપથી પી.એસ.સી દુધિયા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. પોષણયુક્ત આહાર વિશે સમજૂતી આપવામાં આવી એનિમિયા તેમજ આર્યનફોલિકની ગોળીઓ વિશે સમજૂતી આપવામાં આવી માસિક દરમિયાન થતી તકલીફો તેમજ માસિક સ્વચ્છતા વિશે સમજૂતી આપવામાં આવી હતી. અને રોડ સેફટી વિશે પણ સમજાવવામાં આવ્યું હતું. લગ્ન કરવાની ઉંમર વિશે સમજૂતી આપવામાં આવી હતી.અને એચ.બી ટેસ્ટિંગ તેમજ સિકલ સેલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું. ઉપરાંત તમામ કિશોરોને તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, ટીબી નિયંત્રણ કાર્યક્રમ, લેપ્રસી, મેલેરિયા જેવા આરોગ્ય કાર્યક્રમ વિશે પણ સમજૂતી આપવામાં આવી.

એડોલેસન કાઉન્સિલર દ્વારા તમામ પિયર એજ્યુકેટરને આર. કે. એસ. કે પ્રોગ્રામ અને એજ્યુકેટર ની ભૂમિકા તેમજ ગૌરવી દિવસ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને પી.એચ.સી. મેડિકલ ઓફિસર, તેમજ તમામ શાળાનો સ્ટાફ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. દેવગઢ બારીયા તાલુકાના દુધિયા જ્ઞાનદીપ હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

ખેડૂતોની સુખાકારી માટે કરોડોના ખર્ચે કેનાલો બનાવાઈ

## મુઢીયારી સુખી જળાશય કેનાલમાં મોટું ગાબડું હલકી ગુણવત્તાનું કામ થયાનો કોંગ્રેસનો આક્ષેપ

### વિધિવત રીતે કેનાલ ખૂલ્લી પણ મુકાઈ નથી ત્યાં તો ગાબડું

બોડેલી, તા.૧૧

છોટાઉદેપુર જિલ્લાનો સૌથી મોટો ડેમ જે પાવીજેતપુરના ડુંગરવાડ ખાતે આવેલ સુખી ડેમમાંથી નીકળતી માઈનોર કેનાલ સુખી જળાશય કેનાલમાં ગાબડું પડતા છોટાઉદેપુર કોંગ્રેસ ની ટીમ દ્વારા સ્થળ પર જઈ હલકી ગુણવત્તા નું કામ થયું હોય તેવા કર્યા આક્ષેપ છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સુખી જળાશય યોજનાં હેઠળ ચાલતી જમણા કાંઠા નું કામગીરી માં મુઢીયારી અને રાયપુર માં કેનાલમાં મસ મોટા ગાબડા પડતા પ્રમુખ સહિત કોંગ્રેસના હોદ્દે દારોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.ડુંગરવાટ સુખી જળાશય કેનાલ અંદાજે ૩૦ કરતા વધુ કિલોમીટર જેટલા અંતરે મુખ્ય કેનાલ ૨૨૫ કરોડના



ખર્ચે ૩૧૩ જેટલા ગામડાઓમાંથી પસાર થઈ ત્રણ થી ચાર તાલુકા ના ખેડૂતોની સુખા કારી માટે કરોડો રૂપિયા ના ખર્ચે બનાવવામાં આવી રહી છે. ઉલ્લેખની છે કે કોંગ્રેસ પ્રમુખના જણાવ્યા અનુસાર મુખ્ય નહેર અંદાજે બે મહિના જેટલો સમય થવા જઈ રહ્યો છે. અને હજુ તો વિધિવત રીતે કેનાલની ખુલ્લી પણ મુકાઈ નથી અને મુઢીયારી અને રાયપુરમાં ગાબડા પડતા ભ્રષ્ટાચાર થયા હોવાના આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે.જેથી કરી ખેડૂતોની સુખાકારી માટે કરોડો રૂપિયા ખર્ચી કેનાલનું કામજે કરવામાં આવી રહ્યું છે. લઈ ગુણવત્તા ઓમાં કમી રહેવાના કારણે મોટા ગાબડા પડવાના કિસ્સાઓ સામે આવ્યા છે.

કુલ ૬૦૦ જેટલી બાલિકાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો

## દેવગઢબારિયા ખાતે ગૌરી-જયા પાર્વતી વ્રત નિમિત્તે 'મહેંદી અને અંબોડા સ્પર્ધા' યોજાઈ

### બાલિકાઓને નિર્ણાયકોના હસ્તે ઇનામ તથા પ્રમાણપત્ર એનાયત

દેવગઢ બારીયા, તા.૧૧

ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રતના પાવન પર્વ નિમિત્તે શાળામાં અભ્યાસ કરતી બાલિકાઓ માટે શાળાના ટ્રસ્ટી ગજવિજયસિંહ ચૌહાણ, શાળાના કો-ઓર્ડીનેટર કનિકાસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં મહેંદી અને અંબોડા સ્પર્ધાનું બે દિવસીય આયોજન થયું,જેમાં પ્રથમ દિવસે પૂર્વ પ્રાથમિક,બાલવાટિકા, ધોરણ ૨,૭ અને ૮ માં અભ્યાસ કરતી બાલિકાઓ તથા બીજા દિવસે ધોરણ ૧,૩,૪,૫,૬ તથા માધ્યમિક વિભાગની બાલિકાઓ મળીને કુલ ૬૦૦ જેટલી બાલિકાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ બંને સ્પર્ધાનું મૂલ્યાંકન બહારથી પધારેલ નિર્ણાયક દ્વારા કરવામાં આવ્યું હતું.સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર



બાલિકાઓને નિર્ણાયકોના હસ્તે ઈનામ તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા,જ્યારે ભાગ લેનાર સર્વે બાલિકાઓને શાળા સંચાલક મંડળવતી પ્રોત્સાહન સ્વરૂપે આશ્વાસન ઈનામ અર્પણ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાલિકાઓની આસ્થાનું પ્રતિક એવા ગૌરીવ્રતના તહેવારનું મહત્વ જળવાઈ રહે બાલિકાઓને શાળા કક્ષાએ સ્પર્ધારૂપી પ્લેટફોર્મ મળી રહે તે બાબતનો હતો. આ બે દિવસીય સ્પર્ધાને સફળ બનાવવામાં શાળાની બાલિકાઓ, મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ, શિક્ષકો તથા શાળા પરિવારનું વિશેષ યોગદાન રહ્યું હતું.

### રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન યોજનાથી અનેક વિદ્યાર્થીઓના સપનાને પાંખો મળી

# ૧૪,૯૯૩ વિદ્યાર્થીની ૨૧૮૨ કરોડની લોન મંજૂર

### બિન અનામત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ ધો. ૧૨ પછી વિદેશમાં અભ્યાસ કરી શકે તે માટે યોજના અમલમાં છે

અમદાવાદ,તા.૧૧

ભારતમાં ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતા અનેક વિદ્યાર્થીઓએ વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ થકી વિદેશમાં અભ્યાસ પૂર્ણ કરીને પોતાની કારકિર્દીને પાંખો આપી છે. ત્યારે રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધીમાં બિન અનામત વર્ગના ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૧૮૨.૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરાઈ છે.

બિન અનામત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી વિદેશ અભ્યાસ કરી શકે તથા પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે 'વિદેશ અભ્યાસ લોન યોજના' અમલી બનાવાઈ છે. વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છુક બિન અનામત વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત બિન અનામત વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ લોન યોજના અમલી બનાવાઈ છે. વર્ષ ૨૦૧૮થી કાર્યરત આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૧૫ લાખ લેખે કુલ રૂ. ૨૧૮૨.૪૩ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. વિદેશી અભ્યાસ લોન યોજના હેઠળ, બિન-અનામત શ્રેણીના વિદ્યાર્થીઓને એક વર્ષ કે તેથી વધુ અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટર માટે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો કરવા માટે વાર્ષિક ૪ ટકાના સરળ વ્યાજ દરે ૧૫ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે.



આ યોજનાનો લાભ લેવા માટે વ્યક્તિગત અને કૌટુંબિક આવક મર્યાદા રૂ. ૬ લાખ રાખવામાં આવી છે. 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ લોન ધોરણ-૧૨ કે માન્યતા પ્રાપ્ત સમકક્ષ અભ્યાસક્રમમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઈએ. ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા, પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમિસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક જ પરિવારના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. આ યોજના હેઠળ આપવામાં આવેલી લોનમાં રૂ. પાંચ લાખ સુધીની કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ પાંચ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે. જ્યારે રૂ. પાંચ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ છૂટ બાદ છ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે.

# અમદાવાદ જિલ્લા ભાજપ યુવા મોરચાના કોઓર્ડીનેટર જિગ્નેશ પંડ્યા પર જીવલેણ હુમલો

### બુકાનીધારી ત્રણ શખ્સોએ છરી-પાઇપથી હુમલો કર્યો, હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ જિલ્લા ભાજપ યુવા મોરચાના કોઓર્ડીનેટર જીગ્નેશ પંડ્યા પર જીવલેણ હુમલો થયો છે. બાવળાના જીગ્નેશ પંડ્યા જ્યારે અમદાવાદ તરફથી બાવળા બાજુ આવતા સમયે બુકાની ધારી ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. આ બનાવ સમગ્ર બાવળા તાલુકાના રજોડા ગામના પાટિયા પાસે બન્યો હતો. રજોડા ગામના પાટિયા પાસે અજાણ્યા શખ્સોએ જીગ્નેશ પંડ્યા પર હુમલો કર્યો હતો. આ અજાણ્યા શખ્સોએ જીગ્નેશ પંડ્યા પર છરી અને પાઈપો વડે હુમલો કર્યો હતો. જેમાં જીગ્નેશ પંડ્યા ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત ભાજપના કોઓર્ડીનેટર જીગ્નેશભાઈ પંડ્યાને સારવાર અર્થે બાવળા આરોગ્ય કેન્દ્ર માટે ખસેડવામાં આવ્યા હતા.

બાવળા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તાજેતરમાં જ અમદાવાદ જિલ્લા યુવા મોરચાના જીગ્નેશભાઈ પંડ્યા સમગ્ર ઘટના અંગે પોલીસને જાણવાજોગ ફરિયાદ પણ કરી હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે થોડા દિવસો પૂર્વે જીગ્નેશ પંડ્યાના લેટરે ચર્ચા જગાવી હતી. કેમ કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તારમાં આવતી સાણંદ વિધાનસભા બેઠકનો ભાગ બનેલી બાવળા નગરપાલિકા ફરી વિવાદમાં આવી છે.સ્થાનિક ભાજપના યુવા નેતા જીગ્નેશ પંડ્યાએ પોતાના જ ધારાસભ્ય કનુ પટેલ વિરુદ્ધ ચાર પાનાનો ખખડતો પત્ર લખી રોષ વ્યક્ત કર્યો છે. પત્રમાં તેમણે બાવળાની પરિસ્થિતિને નરકપાલિકા તરીકે સંબોધી છે અને કનુ પટેલ ઉપર સાણંદ કેન્દ્રિત વિકાસ તથા ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. જેથી આ સમગ્ર મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો તેમજ બાવળામાં છેલ્લા દસ વર્ષથી વિકાસના કામો ન થયા હોવાનો લેટર લખ્યો હતો. હવે જીગ્નેશ પંડ્યા પર થયેલા હુમલા બાદ સમગ્ર મામલે બાવળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પહેલીવાર સાઇબર આતંકવાદની કલમ હેઠળ નોંધાયેલા કેસમાં સગીર આરોપી સામે દાદ

# ઓપરેશન સિંદૂર સમયે સરકારી સાઈટ્સ હૅક કરવા પ્રયાસ કરનાર આરોપીને પુખ્ત ગણવા માગ

અમદાવાદ તા.૧૧

ઓપરેશન સિંદૂર સમયે ભારતની ડિફેન્સથી માંડીને બેકિંગ અને એવિએશન ઉપરાંત અન્ય રાજ્યોની ફાઈનાન્સ વેબસાઈટ્સને હેક કરવાના પ્રયાસ બદલ ગુજરાત એટીએસે સાઈબર ટેરરીઝમની એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. હવે આ કેસની તપાસ એનઆઈએ દ્વારા કરવામાં આવી રહી છે.

બે દિવસમાં જ ચાર્જશીટ કરવામાં આવશે સાથે સૂત્રોએ ઘટસ્ફોટ કર્યો છે કે આ કેસના બે પૈકી એક આરોપીની ઉંમર ૧૭ વર્ષને ૧૦ મહિના છે જેને જુવેનાઈલ જસ્ટિસ કોર્ટમાં પુખ્ત ગણવા દાદ માંગવામાં આવી છે.

ઉલ્લેખનિય છે કે, રાજ્યમાં પહેલીવાર સાઈબર આતંકવાદ જેવી ગંભીર કલમ હેઠળ નોંધાયેલા કેસમાં સગીર આરોપીને પુખ્ત ગણવા દાદ માંગવામાં આવી છે. ગુજરાતમાં નોંધાયેલા સાયબર આતંકવાદના પહેલા જ કેસમાં ભાગ્યેજ કરવામાં આવતી કાર્યવાહી સુરક્ષા એજન્સીઓ દ્વારા કરવામાં આવી છે. મે મહિનામાં ગુજરાત ATS દ્વારા નોંધવામાં આવેલા સાયબર એટેકના કેસમાં પોલીસે જશીમ અંસારી સહિત બેને પકડ્યાં હતા.બન્નેના ફોન સહિતની ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ FSL માં મોકલવામાં આવી ત્યારે તેમના દ્વારા કરવામાં આવેલા ષડયંત્રનો પર્દાફાશ થયો હતો. પૂછપરછ દરમિયાન પોલીસને એ પણ જાણવા મળ્યું હતુ કે, બન્ને સાયબર એટેક કરવા માટે છેલ્લા ત્રણેક મહિનાથી ષડયંત્ર ઘડી રહ્યા હતા અને તેના માટે કરવા પડતા પ્રયાસ પણ કર્યા હતા.

ટેક્નોલોજીની માહિતી ઉપરાંત કોડીંગની અટપટી ભાષા પણ તે યુટ્યુબ સહિતના પ્લેટફોર્મ પરથી શીખ્યા અને તેનો ઉપયોગ કર્યો હતો. દરમિયાન પહેલગામ આતંકી હુમલો થયો અને ભારતે આતંકીઓના ખાત્મા માટે શરૂ કરેલા ઓપરેશન સિંદૂરથી બન્નેએ જાણે ભારત સરકાર સામે યુધ્ધ શરૂ કર્યું હોય તેવા લખાણ ગ્રુપમાં લખ્યા હતા. આ ટેલિગ્રામ ગ્રુપની વિગતો, ટેક્નિકલ પુરાવા, ફોનની વિગતો સહિતના પુરાવા એફ. એસ.એલમાં મુકી એટીએસએ ઉંડી તપાસ શરૂ કરી હતી. કેસની ગંભીરતા જોતા હવે આ કેસની આગળની તપાસ દ્વૈછ એ શરૂ કરી છે અને આગામી બે દિવસમાં આ કેસની પ્રથમ ચાર્જશીટ પણ કરવામાં આવશે તેમ સૂત્રોનું કહેવું છે.

ગુજરાત ATS એ આઈ.ટી એક્ટ ૪૩ અને ૬૬(ક) હેઠળ ગુનો નોંધ્યો હતો. સાઈબર આતંકવાદ ના ઉલ્લેખ વાળી આ કલમોમાં આજીવન જેલની સજાની જોગવાઈ છે. જો કે, આ કેસમાં બે પૈકી એક આરોપી સગીર છે.

### ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મામલે વિધાનસભામાં વિપક્ષના નેતા અમિત ચાવડાના સરકાર પર પ્રહાર

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને રૂપિયા ૨૫ લાખની સહાય આપો: અમિત ચાવડા

### બ્રિજના ઉદઘાટન પ્રસંગે ફોટો અને ભાષણો કરતાં મંત્રીઓ બ્રિજ તૂટે ત્યારે જવાબદારી ક્યારે સ્વીકારશે

ગાંધીનગર તા.૧૧

ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫ લાખની સહાય અપાય તેવી માંગણી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ કરી છે. તેમણે સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ બ્રિજના ફિટનેસ રિપોર્ટ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે. તેમજ રાજ્યમાં ભયજનક પુલો પરનો વાહન વ્યવહાર બંધ તાત્કાલિક ધોરણે કરાવો. અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, બ્રિજના ઉદઘાટન પ્રસંગે ફોટા પડાવતા અને ભાષણો કરતા મંત્રીઓ અને મુખ્યમંત્રી બ્રિજ તૂટે ત્યારે તેની જવાબદારી સ્વીકારે. તેમજ ગંભીરા-મુજપુરને જોડતો નવો પુલ બનાવવાની માંગણી કરી છે.

વિધાનસભા ખાતે આજે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કમિશનવાળી સરકારમાં કોઈપણ ગુજરાતીના જીવની કોઈ કિંમતના હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે પ્રજાના ટેક્ષના પૈસાથી ચાલતી સરકારના શાસનકાળમાં છેલ્લા થોડા જ વર્ષમાં રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ કાંડ, મોરબી બ્રિજ તૂટ્યો, વડોદરા હોડી દુર્ઘટના, સુરતમાં તક્ષશિલાકાંડ અને છેલ્લે ગંભીરાનો બ્રિજ તૂટ્યો જેમાં ૧૮ કરતા વધુ વ્યક્તિના જીવ ગયા. ગુજરાતમાં થોડા વર્ષોનો અભ્યાસ કરીએ તો સરકારની ગુન્હાહિત બેદરકારીને કારણે અકસ્માત થાય છે અને મોટી સંખ્યામાં લોકોના જીવ જાય છે. સરકારના કમિશન રાજમાં ગુજરાતીઓના જીવની કોઈ કિંમત જ ના હોય એવી બેદરકારી સરકાર દ્વારા દાખવાઈ છે. રાજ્યના શાસકો આવી દુર્ઘટના, હોનારતો પછી શીખ લેવાને બદલે, ફરીવાર આવી દુર્ઘટનાઓ, હોનારત ના થાય તે માટે આગોતરા પગલાં લેવાને બદલે ટ્વીટ કે સંદેશાઓ પાઠવી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી દેતા હોય છે.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રજાના ટેક્ષના પૈસાથી સરકારનું બજેટ બને, એમાંથી પુલ, રસ્તા કે બીજા વિકાસના કામો થાય,



પરંતું એની સલામતી, જાળવણી, યોગ્ય ગુણવત્તાયુક્ત કામો થાય એ જોવાની સંપૂર્ણ જવાબદારી સત્તામાં બેઠેલા લોકોની છે. બ્રિજ સલામત છે કે કેમ? ભયજનક છે કે કેમ? એની ચકાસણી કોઈ સામાન્ય માણસ ક્યાંથી કરવાનો, અને ક્યાંથી સેફટી સર્ટિફિકેટ લેવા જવાનો કે બ્રિજ પરથી પસાર થાય ત્યારે અકસ્માત નહિ થાય, દુર્ઘટના નહિ ઘટે, મારો જીવ નહિ જાય એ તો સરકારના ભરોસે છે પણ સરકાર જાહેરાત કરે કે દર ચોમાસા પહેલા જેટલા બ્રિજ કે સ્ટ્રક્ચર છે તેની કાર્યપાલક ઈજનેર કે અધિક્ષક ઈજનેર દ્વારા ચકાસણી કરાશે. હાઈકોર્ટમાં પણ મોરબીના બ્રિજ પછી સુઓમોટો કેસ ચાલ્યો ત્યારે પણ સરકારે કહ્યું હતું કે, અમે ગુજરાતના બધા જ બ્રિજોની ચકાસણી કરી છે બધાજ બ્રિજો સલામત છે કોઈ ભયજનક નથી. છતાં ગંભીરાનો બ્રિજ ભયજનક છે તેવી જાહેરાત કેમ ના કરી? શા માટે લોકોની અવર-જવર માટે બ્રિજ બંધ ના કરાયો?

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે અમારી પાસે લેખિત પુરાવાઓ છે કે વડોદરા જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા ત્યાના કલેક્ટર, કાર્યપાલક ઈજનેરને ૨૦૨૨થી પત્ર લખાયો છે કે, આ બ્રિજ પર ભારે વાહનો જાય ત્યારે આખા બ્રિજમાં ધ્રુજારી થાય છે, બ્રિજ ભયજનક છે, લોકોના અવર-જવર માટે બંધ કરવો જોઈએ અને નવો બનાવવો જોઈએ. આવી જ રીતે વખતો વખત રજૂઆત કરાઈ છે કે, આ બ્રિજ બિસ્માર હાલતમાં છે, તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે.

### વડોદરાની બ્રિજ દુર્ઘટના બાદ શહેર-જિલ્લાનાં બ્રિજોની વર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા બેઠક મળી

# સુરત શહેર-જિલ્લામાં આવેલા તમામ બ્રિજની ચકાસણી કરી આજે સાંજ સુધીમાં રિપોર્ટ આપવા જિલ્લા કલેક્ટરનો આદેશ

### સુરત જિલ્લામાં કુલ ૯૫ બ્રિજ : અરેઠ-બોધાન-ગલા ગામને જોડતો બ્રિજ ક્રિટિકલ જ્યારે ગળતેશ્વર-ટીંબા ગામનો જોડતાં બ્રિજની કંન્ડિશન ખરાબ હોવાનો રિપોર્ટ

સુરત, તા. ૧૧

વડોદરા જિલ્લામાં બનેલી બ્રિજ દુર્ઘટના પછી સુરત શહેર અને જિલ્લામાં આવેલાં તમામ બ્રિજની ચકાસણી કરીને શનિવાર સાંજ સુધીમાં તમામ બ્રિજની કંન્ડિશન અંગે રીપોર્ટ આપવા માટે જિલ્લા કલેક્ટરે ડો. સૌરભ પારધીએ આદેશ આપ્યો છે.

**જરૂર જણાય તો બ્રિજોને બંધ કરવાનો જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીનો આદેશ**

સુરત જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીનાં અધ્યક્ષસ્થાને સુરત શહેર-જિલ્લામાં આવેલા બ્રિજોની સ્થાપના સમય તેમજ હાલની વર્તમાન પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તમામ જિલ્લાના કલેક્ટરોને તાજેતરમાં વડોદરા જિલ્લાના મુજપુર- ગંભીરા બ્રીજ જેવી ઘટના ન બને તે માટે સુચનાઓ આપતા જિલ્લા કલેક્ટરે તાકિદની બેઠક યોજી સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો



હતો. સુરત જિલ્લામાં કુલ મોટા અને નાના મળીને કુલ ૯૫ બ્રિજ હયાત છે તેમાંથી કામરેજનો તાપી નદી ઉપરનો બ્રિજ તો ગઈકાલે જ મોટાવાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. આજની બેઠકમાં અધિકારીઓએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, અરેઠ-બોધાન-ગલાને જોડતો બ્રિજ ક્રિટિકલ કંન્ડિશનમાં છે જ્યારે ગળતેશ્વર-ટીંબા ગામને જોડતો બ્રિજ ખરાબ કંન્ડિશનમાં છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળેલી બેઠકમાં જિલ્લા કલેક્ટરે એક દિવસીય ડ્રાઈવ યોજી તમામ ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોનું તાત્કાલિક ટેસ્ટિંગ, સ્ટ્રક્ચરની ચકાસણી કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી, મેટ્રો, માર્ગ અને મકાન વિભાગ, રેલવે, સુરત મહાનગરપાલિકા, સુડા, રાજ્ય તથા પંચાયત વિભાગનાં અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો. સાથે પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મામલતદારોને પણ તેમના વિસ્તારના બ્રિજોની ચકાસણી કરવા જણાવ્યું હતું. આ સંદર્ભે સુરત જિલ્લામાં આવેલ તમામ પુલોનું તકનિકી રીતે વિશ્લેષણ થાય તેમજ અન્ય જોખમકારક સંકેતોની ઓળખ કરી જરૂરી સુધારાત્મક પગલાં લેવા સુચના આપી હતી. જરૂરીયાત જણાય તો તકેદારીનાં ભાગરૂપે આવા બ્રિજોને બંધ કરવા સુચના આપી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ તથા પંચાયત હસ્તકના દરેક પુલ માટે પુલની વર્તમાન સ્થિતિ, ચકાસણી કરી એક દિવસમાં સ્ટેટ્સ રિપોર્ટ સબમિટ કરાવ્યું હતું. તમામ અધિકારીઓએ તેમના વિભાગ હેઠળનાં બ્રીજોની વર્તમાના સ્થિતિ અંગેની વિગતો રજુ કરી હતી.

બેઠકમાં સુડાનાં મુખ્ય કારોબારી અધિકારી કે.એસ.વસાવા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, માર્ગ મકાન સ્ટેટ, પંચાયતનાં કાર્યપાલક ઈજનેરો, રેલવે, મેટ્રો, પોલીસ, નગરપાલિકાના પ્રાદેશિક અધિકારી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, ચીફ ઓફિસરો, હાઈવેના અધિકારીઓ, ડી.એફ.સી.આઇ. એલ.નાં પ્રોજેક્ટ ઓફિસર સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સુરત શહેરનાં બ્રિજ સલામત હોવાનો અધિકારીઓનો દાવો

# મનપાનાં અધિકારીઓએ માત્ર પાંચ કલાકમાં ૯૫ બ્રિજની ચકાસણી કરી નાખી

સુરત, તા.૧૧

ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ સફાળી જાગેલી સરકારે સમગ્ર ગુજરાતમાં બ્રિજોની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. સરકારની સૂચના ને ધ્યાન પર રાખી સુરત મ્યુનિસિપલ કમિશનર દ્વારા બપોરે લેવાયેલી મિટિંગમાં તમામ ઝોનલ વડા અને વિભાગીય વડાઓને અલગ અલગ ઓવરબ્રિજની ફિઝિકલ ચકાસણી કરી રિપોર્ટ સબમીટ કરવા માટે આદેશ આપ્યો છે. બપોરે ૧૨ વાગ્યે મળેલી આ મિટિંગ બાદ સાંજે માત્ર પાંચ વાગ્યા સુધીમાં જ અધિકારીઓએ ૯૪ જેટલા ઓવરબ્રિજની ચકાસણી કરી નાખતા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ઓએનજીસી બ્રિજ રીપેરિંગ માટે મેયરે એન.એચ.એ.આઈ.ને જણાવ્યું છે.

**ઓએનજીસી બ્રિજ રિપેરિંગ માટે મેયરે એન.એચ. એ.આઈ.ને જણાવ્યું**

પાલિકાના અધિકારીઓ દ્વારા ખરેખર શું ચકાસણી કરવામાં આવી તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઓવરબ્રિજને અલગ અલગ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. બ્રિજ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાં સૌથી વધુ ૧૨૧ બ્રિજ છે. શહેરના જુના અને નવા બ્રિજો મળી તમામ બ્રિજોના હેલ્થકાર્ડ બનાવવામાં આવ્યા છે. જે અંતર્ગત બ્રિજોને કેટેગરાઈઝ કરાયા હતા. જેમાં A, B, C, D કેટેગરીમાં બ્રિજોની કંડીશન પ્રમાણે વિભાજીત કરાયા છે. જેમાં હાલ સારા એટલે કે, એ કેટેગરીમાં ૮૦ બ્રિજ છે જેને રીપેરીંગની જરૂરત નથી. તેમજ બી કેટેગરી એટલે કે, બ્રિજમાં નાની-મોટી મરામત કરાવવાની હોય તેવા કુલ ૧૫ બ્રિજ છે. સી કેટેગરી કે જેમાં સ્ટ્રક્ચરલ રીપેરીંગની જરૂરત છે તેવા ૨૬ બ્રિજ છે અને ડી કેટેગરી એટલે કે બ્રિજ વપરાશ માટે બંધ કરવા પડે. પણ તેવા કોઈ બ્રિજ નથી. મનપા દ્વારા ૨૬ બ્રિજોમાં રીપેરીંગનું કામ કરવામાં આવી રહ્યું છે. જે બી અને સી કેટેગરીના છે.

### જે બ્રિજ જોખમી હોય ત્યાં લોકોએ શું કામ જવું જોઈએ : જતીન દેસાઈ

સુરત મહાનગર પાલિકાના ઈન્ચાર્જ સિટી ઈજનેર જતીન દેસાઈને જાણે સુરત શહેરના લોકોના જીવની કોઈ પરવા જ ન હોય તે રીતે જવાબ આપ્યા હતા. સુરત શહેરમાં આવેલ ઓએનજીસી ઓવરબ્રિજ અતિ જર્જરીત હોવાને કારણે આ બ્રિજ પાલિકામાં આવે છે કે કેમ તે અંગે સવાલો પૂછતા તેઓએ યોગ્ય જવાબ આપવાનું ટાળ્યું હતું એટલું જ નહીં પરંતુ આ બ્રિજને તાત્કાલિક રીપેરીંગની જરૂર હોવાનું જણાવવામાં આવતા તેઓએ તોછડાઈ ભર્યો જવાબ આપતા જણાવી દીધું હતું કે જે બ્રિજ ઉપર જીવનું જોખમ હોય ત્યાંથી લોકોએ પસાર જ શું કામ થવું જોઈએ. શહેરમાં રહેલા ઓવરબ્રિજોમાં કેટલી ખામીઓ છે તે અંગે પણ માહિતી આપવાને બદલે માત્ર ઉડાવો જવાબ આપ્યા હતા.

# બીજા વર્ષે પણ ડીફેક્ટ લાયેબિલિટી પીરિયડનાં ૨૦ રસ્તા તૂટી ગયાં

સુરત, તા.૧૧

શહેર ભાજપ સાથે સાંઠ ગાંઠ ધરાવતાં અને મહાનગર પાલિકાનાં અધિકારીઓનાં આશીર્વાદ મેળવનાર મોટા રોડ કોન્ટ્રાક્ટરોનાં હલકી ગુણવત્તાનાં રસ્તાઓએ ચોમાસાનાં પ્રથમ વરસાદમાં જ દમ તોડી દેતાં લોકો ભારે હેરાન પરેશાન થયાં હતાં. એસ. ઓ.આર.થી ઘણાં નીચા રેટ સાથે ટેન્ડર મંજૂર કરાવનાર રોડ કોન્ટ્રાક્ટરો રોડની ગુણવત્તા સાથે સમાધાન કરતાં હોવાથી આવા રોડ એક ચોમાસુ પણ ખમી શકતાં નહીં હોવાનું જોવાયું છે. ગત વર્ષે ડીફેક્ટ લાયેબિલિટી પીરિયડનાં ૨૮ રસ્તા તૂટ્યા બાદ આ વર્ષે પણ ડીફેક્ટ લાયેબિલિટી પીરિયડનાં શહેરનાં ૨૦ રસ્તાઓ તૂટી ગયાં છે જે મહાનગર પાલિકાનાં અધિકારીઓનું સુપરવિઝન નબળું હોવાનું સાબિત કરે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રણ દિવસ પહેલાં જ ડીફેક્ટ લાયેબિલિટી પીરિયડનાં રસ્તાઓ તૂટી જાય તો કોન્ટ્રાક્ટર સહિત જવાબદારો સામે પગલાં લેવાની કડક સુચના આપી હતી. સુરત શહેરમાં ગત વર્ષે ડીએલપીનાં રસ્તાઓ બાબતે કોઈ જ કડક પગલાં નહીં લેનાર મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે મુખ્યમંત્રીની સુચના બાદ ગઈકાલે ગુરૂવારે તમામ ઝોનનાં અધિકારીઓને ડીએલપીનાં તૂટેલાં રસ્તાઓ બાબતે પગલાં લેવાનો આદેશ આપતાં વિવિધ ઝોનનાં અધિકારીઓએ કોન્ટ્રાક્ટરોને હજારો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

### જેનાથી ફોટા પાડ્યા એ ફોન વેચી દીધો હતો

# પરિણીતાએ જાતે પાડેલા ન્યૂડ ફોટા બે વર્ષ બાદ વાયરલ થતાં ફરિયાદ

સુરત, તા.૧૧

ખરાબ થઈ જવાથી વેચી દેવાતાં મોબાઈલ ફોન કેવી મુસીબત સર્જી શકે એનો કડવો અનુભવ ગોડાદરાની પરિણીતાને થયો છે. વેચી દીધો હતો એ મોબાઈલથી પાડયા હતાં એ ન્યુડ ફોટા બે વર્ષ બાદ વાયરલ થતાં રાજસ્થાની પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ પાસે મળતી માહિતી અનુસાર જ્ઞાનજ્યોત સ્કૂલ નજીક રહેતા સુથાર પરિવારની ૨૬ વર્ષીય પરિણીતા બિંદુ (નામ બદલ્યું છે) ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરતી આવી છે. આર્કિટેક્ટની પત્ની બિંદુની જેઠાણીનાં વોટ્સએપ પર ગત ચોથી જુલાઈએ તેણીનાં પાંચ સાત ન્યુડ ફોટા અજાણ્યા નંબરથી આવ્યા હતાં. જેઠાણીએ આ ફોટા બતાવતાં બિંદુને ખ્યાલ આવ્યો કે કે જૂન ૨૦૨૩માં વતન ગઈ હતી ત્યારે પોતાના મોબાઈલથી તેણે જાતે આ ન્યુડ ફોટા પાડ્યા હતાં.

આ ફોટા તેણીએ તેના પતિને પણ મોકલ્યા હતાં. થોડા સમય બાદ મોબાઈલ ખરાબ થઈ જતાં તેણીએ એ મોબાઈલ ફોન વેચી દીધો હતો. હવે એ ન્યુડ ફોટા કોઈકે મોકલતાં બિંદુએ પતિને જાણ કરી હતી. જેથી આ બાબતે તપાસ કરાતાં જાણવા મળ્યું હતું કે, ન્યુડ ફોટા મોકલાયા હતાં એ મોબાઈલ નંબર ગેનીબેન જાંઘીડ (રહે. ઓગાળા, જી.બાડમેર રાજસ્થાન)નો હતો. જેઠાણીની પરિચિત એવા ગેનીબેનને ફોટા અંગે પૂછાતાં પડોશમાં રહેતા ભગવતીબેને મોકલાવ્યા હતાં એવું બહાર આવ્યું હતું.

ભગવતીને આ ફોટા તેણીની ભાભી બાલીએ તથા બાલીને એ ફોટા એક વોટ્સએપ ગ્રુપમાંથી મળ્યાની વાત પણ તપાસમાં જાણવા મળી હતી. આ ઉપરાંત બિંદુના પતિએ ઓગાળામાં રહેતા જીજાજીને ન્યુડ ફોટા અંગે પૂછતાં તેમને પણ એ ફોટોગ્રાફ કૌટુંબીભાઈએ મોકલ્યા હતાં એવો ઘટસ્ફોટ થયો હતો. ત્યારબાદ આગળ તપાસ કરતાં એક પછી એક નામો બહાર આવતાં ગયા હતાં. વાત લંબાતાં બિંદુએ અંગત ન્યુડ ફોટા વાયરલ કરી બદનામી કરવા અંગે કાર્યવાહી માટે ગોડાદરા પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

## દક્ષિણ એશિયાની સ્ત્રીમાં અકાળે વૃદ્ધત્વ આવવાનું કારણ શું?

વિદેશમાં રહેતી પાકિસ્તાની મહિલા સુમરીન કાલિયાના લગ્ન ૧૮ વર્ષની ઉંમરે થયા અને ૨૫ વર્ષની ઉંમરે તે ચાર બાળકોની માતા બની ગઈ. ૩૭ વર્ષની ઉંમરે, તેણીને અચાનક મેનોપોઝનો અનુભવ થયો. તેણીને પહેલાં તેના કોઈ સંકેતો અનુભવાયા ન હતા. 'મને ખૂબ રક્તસ્રાવ થવા લાગ્યો. જ્યારે હું ડૉક્ટર પાસે ગઈ, ત્યારે તેમણે કહ્યું કે હું કદાચ પેરીમેનોપોઝમાં છું.' તેણીએ કહ્યું. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર, વિશ્વભરમાં મેનોપોઝની સરેરાશ ઉંમર ૪૫ થી ૫૫ વર્ષની વચ્ચે છે. તે સમયે, તે ગર્ભનિરોધક માટે ઇન્ટ્રાઉટેરિન ડિવાઇસનો ઉપયોગ કરી રહી હતી. જ્યારે તેણીએ તે કાઢી નાખ્યું, ત્યારે તેના માસિક સ્રાવ અચાનક સંપૂર્ણપણે બંધ થઈ ગયા. અન્ય ઘણી દક્ષિણ એશિયાઈ મહિલાઓએ પણ આવા જ અનુભવો શેર કર્યા. જોકે, બધી વાર્તાઓમાં એક સમાનતા એ હતી કે તેમને વિશ્વના બાકીના દેશોની સ્ત્રીઓ કરતાં મેનોપોઝના લક્ષણો ખૂબ વહેલા અનુભવવાનું શરૂ થયું.

એક અમેરિકન સંશોધન મુજબ, દક્ષિણ એશિયન અમેરિકન મહિલાઓ સરેરાશ ૪૮ થી ૪૯ વર્ષની ઉંમરે મેનોપોઝનો અનુભવ કરે છે. જ્યારે અમેરિકન મહિલાઓમાં, આ સરેરાશ ઉંમર ૫૨ વર્ષ છે. બીજી બાજુ, દક્ષિણ એશિયામાં, ખાસ કરીને ભારત અને પાકિસ્તાનમાં, મેનોપોઝની સરેરાશ ઉંમર વધુ ઓછી છે, જ્યાં સ્ત્રીઓ લગભગ ૪૬ થી ૪૭ વર્ષની ઉંમરે મેનોપોઝમાં પ્રવેશ કરે છે. તે પહેલાં, તેમને પેરીમેનોપોઝનો પણ સામનો કરવો પડે છે, જે મેનોપોઝનો એક મહત્વપૂર્ણ ભાગ છે. દરમિયાન, પાકિસ્તાનમાં પ્રતિ મહિલા બાળકોની સરેરાશ સંખ્યામાં પણ ઘટાડો થયો છે. આ આંકડો ૨૦૨૩માં ૩.૬૧ હતો, જે ૨૦૨૪માં ઘટીને ૩.૧૯ થયો. જોકે, ભારતમાં આ ઘટાડો ધીમો હતો, પરંતુ હજુ પણ આ આંકડો ૨.૧૪ થી ઘટીને ૨.૧૨ થયો છે.

મેનોપોઝ કામ કરતી મહિલાઓની કારકિર્દી પર વિરામ લાવે છે. વહેલા મેનોપોઝ અને ઘટતા પ્રજનન દર વચ્ચે સીધો સંબંધ છે કે કેમ તે સ્પષ્ટ નથી. પરંતુ એ સ્પષ્ટ છે કે ઘણા સામાજિક, જૈવિક અને પર્યાવરણીય પરિબળો દક્ષિણ એશિયાઈ મહિલાઓની વહેલા વૃદ્ધત્વ પ્રક્રિયાને પ્રભાવિત કરે છે.

આ ઉપરાંત, તેમણે કહ્યું કે ઘણી સ્ત્રીઓને અંડાશયની નિષ્ફળતા એટલે કે ૩૦ ના દાયકાના અંતમાં અથવા ૪૦ ના દાયકાની શરૂઆતમાં અંડાશયની કામગીરીમાં ઘટાડો થાય છે, જે ઘણીવાર શરૂઆતમાં અજાણ રહે છે. જેના કારણે, તેમને પાછળથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. દક્ષિણ એશિયામાં, ખાસ કરીને પાકિસ્તાન જેવા દેશોમાં, સ્ત્રીઓ પર ખૂબ જ વહેલા માતા બનવાનું દબાણ કરવામાં આવે છે. જે ઘણીવાર તેમના સ્વાસ્થ્યને અસર કરે છે. જે સમાજમાં માતૃત્વની ભૂમિકાને ખૂબ મહત્વ આપવામાં આવે છે, ત્યાં મેનોપોઝ અને સ્ત્રીઓમાં થતા શારીરિક અને માનસિક ફેરફારોને ઘણીવાર ન તો સમજવામાં આવે છે કે ન તો તેમની યોગ્ય રીતે કાળજી લેવામાં આવે છે.

માતા બનવાથી ખરેખર સ્ત્રીનું મગજ બદલાઈ જાય છે. સબીનાનો અનુભવ અનોખો નથી. પલવાશા ખાન જેવા નિષ્ણાતો કહે છે કે દક્ષિણ એશિયામાં ઘણી સ્ત્રીઓ ૩૦ ના દાયકાના અંતમાં અથવા ૪૦ ના દાયકાની શરૂઆતમાં અંડાશયના કાર્યમાં ઘટાડો અનુભવે છે. આ ઘટાડો ઘણીવાર લાંબા ગાળાની સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે જોડાયેલો હોય છે જેને અત્યાર સુધી અવગણવામાં આવી છે.

સમાજ ઇચ્છે છે કે આ મહિલાઓ દરેક ભૂમિકા ભજવે, તે પણ કોઈના ટેકા વિના. પછી ભલે તે માતા હોય, પુત્રવધૂ હોય કે નોકરી કરતી પત્ની હોય. પરિણામ શું આવે છે? તે તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ઊંડી અસર કરે છે, જેના વિશે કોઈ વાત કરતું નથી. - તંત્રી



# કેમ છો?

દુનિયા આખીમાં ક્યાંય પણ બે ગુજરાતીઓ ભેગાં થાય એટલે સૌથી પહેલો પ્રશ્ન ક્યો પૂછે ખબર છે? 'કેમ છો?' અને આ પ્રશ્નનો એક અને માત્ર એક જ જવાબ સામેવાળા તરફથી મળે, એ ક્યો ખબર છે? મજામાં! દુનિયા આખીમાં, જો કોઈ મેજિક કાઉન્ટરથી ગણતરી કરવામાં આવે તો, આખા દિવસમાં 'કેમ છો?' અને 'મજામાં', એ છ અક્ષરની આપલે લગભગ બે-પાંચ કરોડ વખત થતી ડિટેક્ટ થાય. એક મિત્રે વિચિત્ર વિશ્લેષણ રજૂ કર્યું: બે પરિચિતો શેરી, સોસાયટી કે ઓફિસમાં ભેગાં થતાં વેંત 'કેમ છો' અને 'મજામાં'ની આપલે કરે એ તો સમજ્યા પણ ક્યારેક તો હોસ્પિટલના બિછાને હાથે, પગે, માથે પાટા બાંધીને પડેલા સ્વજનના ખબર અંતર પૂછવા આવનાર પણ એક જ પ્રશ્ન પૂછે 'કેમ છો?' અને આશ્ચર્ય કે મજાની વાત એ છે કે ખાટલે પડેલ પેશન્ટ, ભયંકર પીડા અનુભવતો હોવા છતાં જવાબ એક જ આપે 'મજામાં'. કોઈ અમેરિકન કે જાપાનીસ વ્યક્તિ આ દૃશ્ય અને સંવાદને સમજે તો એની આંખોના ડોળા કપાળ સુધી ગોળ ગોળ ફર્યા જ કરે. એક વ્યક્તિને બાટલા ચઢી રહ્યા છે, હોસ્પિટલના ખાટલે પડી છે એવા સમયે એને 'કેમ છો?' કેવી રીતે પૂછી શકાય. આટલું બધું સ્પષ્ટ દર્દ દેખાઈ રહ્યું છે, ચહેરો ઉતરી ગયો છે, ચોતરફ ડોક્ટર-નર્સથી વ્યક્તિ ઘેરાયેલ છે, શું આ બધું એ 'મજામાં નથી' એવું બૂમો પાડી-પાડીને જાહેર કરતું નથી? એમાંય જયારે અમેરિકન કે જાપાનીઝ વ્યક્તિ પેશન્ટના મુખે 'મજામાં' સાંભળે ત્યારે તો એ બેહોશ જ થઈ જાય કે કેવી દવા અને ઈન્જેક્શન લેનાર વ્યક્તિ 'કઈ જાતની મજા, ક્યા પ્રકારની હેપીનેસ' માણતો હોય એ સમજવું એ લોકો માટે ઈમ્પોસીબલ બની જાય.



શબ્દકમળ
કમલેશ જોષી

તમે પોતે પણ આજ સુધીમાં લાખો વખત 'કેમ છો?' પ્રશ્ન તમારા પરિચિતોને પૂછી ચુક્યા હશો. તમને કદી વળતા જવાબમાં 'મજામાં નથી' એવું સાંભળવા મળ્યું? અત્યારે જ પ્રયોગ કરી જુઓ. દસ વ્યક્તિને ફોન કરો. સાજાનેય કરો અને માંદાનેય કરો, જેની સગાઈ નક્કી થઈ છે એનેય કરો અને જેની વાઈફ રીસામણે ગઈ છે એનેય કરો, જેને નવી નોકરી મળી એનેય કરો અને જેણે ધંધામાં મોટી ખોટ ખાધી હોય એનેય કરો. પહેલો જવાબ તો એક જ મળશે 'બસ, મજામાં' અને વળતો પ્રશ્ન પણ આવે કે 'તમે કેમ છો?' અને મજાની વાત એ છે કે તમે પણ ગમે તે હાલતમાં હશો 'મજામાં' જ કહેશો. અમારા એક શિક્ષક કહેતા 'કેમ છો?' એવો પ્રશ્ન વડીલને, વૃધ્ધોને કે કોઈ માંદા માણસને પૂછવામાં આવે એમાં કોઈ વાંધો નથી, પણ ઉગીને ઉભા થતા હટ્ટાકટ્ટા જુવાનીયાને 'કેમ છો?' પૂછવું એ એની ઈન્સલ્ટ ગણાય. ખીલેલા ગોટા જેવા પુષ્પને 'સુગંધની' કે બંને કાંઠે છલોછલ વહેતી નદીને 'પાણીની' ખોટ વર્તાય ખરી? એમ જુવાનીયાને તંદુરસ્તીની કે ઉમંગ, ઉત્સાહ, થનગનાટની કે હિમ્મત, સાહસ, શૌર્યની ખોટ વર્તાય ખરી? ગલીમાં કૂતરું જોઈને ફફડી ઉઠે, વધુ પડતું અંધારું જોઈને ગભરાઈ જાય, વીજળીના કડાકાભડાકા સાંભળી ગોદડામાં લપાઈ જાય કે કળિયુગ છે કળિયુગ છેની બૂમો સાંભળી રડવા માંડે એ પંદર-પચ્ચીસ કે પાંત્રીસ વર્ષનો હોવા છતાં એના માટે યુવાન કે જુવાનીયો શબ્દ વાપરવો એ એ શબ્દનું અપમાન છે.


એવું કહેવાય છે કે ચોમાસામાં વીજળીના કડાકાભડાકા સાંભળી સિંહ ગુફામાંથી છલાંગ મારી બહાર આવી ગર્જના કરવા માંડે છે. કેમ? કેમ કે વીજળીના કડાકાભડાકાને એ ચેલેન્જ સમજે છે. ચેલેન્જને એસેપ્ટ કરવી એ સિંહત્વ છે, એ યુવાની છે એ આપણી સંસ્કૃતિમાં છે, એવું એક સંતે કહ્યું છે. રામાયણમાં એક પ્રસંગ છે. રામના અશ્વમેધ યજ્ઞનો ઘોડો જ્યારે લવ-કુશની નજરે ચઢે છે અને રાજાનું આધિપત્ય સ્વીકારવાની ચેલેન્જ જ્યારે એમની સામે આવે છે ત્યારે એ બંને એક ક્ષણનો પણ વિલંબ કે વિચાર કર્યા વિના ઘોડાને રોકે છે અને બાંધી લે છે. કોઈ પણ લાવલપેટ વિના સૈનિકોને સ્પષ્ટ કહે છે કે ચેલેન્જ એસેપ્ટેડ, આવી જાઓ મેદાનમાં. આ છે ભારતીય યુવાન. શું આવી ધસમસતી યુવાનીને 'કેમ છો' પૂછવાની હિમ્મત કરી શકાય ખરી?

અમારા શિક્ષક જયારે આ વાત કરતા ત્યારે અમારા રુંવાડા ઉભા થઈ જતા. એક સમયે હું અને તમે જે ભૂમિ પર ઉભા છીએ એ ભારત ભૂમિનો જુવાનીયો કેટલો બધો સેલ્ફ કોન્ફિડેન્સ, ખુમારી, સાહસ અને શૌર્ય ધરાવતો હતો? લવ-કુશની લાયન વોકનું વર્ણન કરતા એ શિક્ષકે કહ્યું કે યુદ્ધ માટે મેદાન તરફ જઈ રહેલા લવ-કુશને રામના સૈનિકોએ જયારે દૂરથી આવતા જોયા ત્યારે એવું લાગ્યું કે જાણે જંગલમાં સિંહ ફરવા નીકળ્યો છે, એના પગલા એવી રીતે પડતા હતા કે જાણે પૃથ્વી એક ફૂટબોલનો દડો હોય અને લાત મારીને એને ઉછાળી દેવાનો ન હોય એવી રીતે મક્કમ અને જોશપૂર્ણ ડગલા ભરતા લવ-કુશને આવતા જોઈ તેઓ પણ બે ક્ષણ એ ભારતીય યુવાનીને નીરખી રહ્યા.

**વીજળીના કડાકા-ભડાકા સાંભળી ગોદડામાં લપાઈ જાય કે કળિયુગ છે, કળિયુગ છેની બૂમો સાંભળી રડવા માંડે એ પંદર-પચ્ચીસ કે પાંત્રીસ વર્ષનો હોવા છતાં એના માટે યુવાન કે જુવાનીયો શબ્દ વાપરવો એ, એ શબ્દનું અપમાન છે**

લગભગ કેટવોકની નજીક પહોંચી ગયેલી, શાળા-કોલેજોમાં, સોસાયટીઓમાં દંગલ કરતી આજની યુવા પેઢીને શું કહેવું? કેમ છો? મજામાં?મિત્રો, શું ધીરે-ધીરે નબળી પડ્યે જતી આપણી માનસિક અને શારીરિક ક્ષમતાઓ 'મજામાં' નથી એવું તમને નથી લાગતું? બોંતેર પેઢી બેઠી-બેઠી ખાય એટલી આર્થિક સધ્ધરતા હાંસિલ કરવાની લ્હાયમાં આપણે આપણી માનસિકતા અને શારીરિક દુરસ્તીને વેન્ટિલેટર પર ચઢાવી નથી દીધી ને? રાજકારણ-રાજકારણ રમવામાં, ખુદ મુંઝાવામાં અને બીજાને મૂંઝવી મારવાની રમતો શોધી બેઠેલા આપણે ક્યાંક ફિયરલેસનેસ, પ્યોરીટી ઓફ માઈન્ડ અને ઓનેસ્ટ બિહેવિયરની તબિયત બગાડી તો નથી નાખી ને? કોઈ પણ ભોગે પદ, પ્રતિષ્ઠા અને પૈસો કમાવાની ઘેલછામાં આપણે આપણી ભીતરે રહેલા સત્ય, પ્રમાણિકતા, ઈમાનદારી અને સજ્જનતાનું ગળું તો નથી ટૂંપી રહ્યા ને? જિંદગીના સાચા-ખોટા સપનાઓ પાછળ દોડ્યે જતાં આપણે એક દિવસ કૃષ્ણ કાનુડો આપણને તેડવા, આપણો હિસાબ કરવા, કાયમ માટે આપણને લઈ જવા આવીને ઉભો રહેવાનો છે એ આપણે ભૂલી તો નથી ગયા ને? મિત્રો આજના દિવસે, ભીતરે બેઠેલા ઈશ્વરના અંશને 'કેમ છો' પૂછવાની હિમ્મત કરીએ તો કેવું? એમાંય જો ભીતરથી 'મજામાં' સાંભળવા મળે તો તો તમારા 'કુળ એકોતેર તરી ગયા' એની મારી ગેરંટી. ઓલ ધી બેસ્ટ.

kamlesh_joshi_sir@yahoo.co.in



# ડીજેના અવાજની અજબ-ગજબ

## મહાકાય હાથી મૂંઝાઈ જાય અને માણસ ગાંડો થઈને નાચે

પાડાના વાંકે પખાલી ને ડામ એવી એક કહેવત છે.પખાલ એટલે ચામડાનો બનાવેલો મોટો થેલો અને પખાલી એટલે એમાં કૂવા કે તળાવમાં થી પાણી ભરી લાવીને ઘેર ઘેર પહોંચાડવાની મજદૂરી કરતો શ્રમિક.ઘેર ઘેર નળ આવ્યા પછી પખાલ અને પખાલી ભુલાઈ ગયા.જો કે પખાલીને કદાચ ભીસ્તી પણ કહે છે અને જુમો ભીસ્તી અને એના વેણુ પાડાની હૃદયસ્પર્શી વાર્તા ગુજરાતી સાહિત્યનું ઘરેણું ગણાય છે. અને રેલવેમાં હજુ ભીસ્તીનું પદ ચાલુ છે.તેઓ વર્ષો પહેલા ક્યારેક પખાલ કે મસકમાં પાણી ભરી ભરી રેલગાડીની ટાંકીઓ ભરતા હશે.હવે આ કામ વોટર સિસ્ટમથી થાય છે જે કરનારા ભીસ્તી કહેવાય છે.રેલવે સ્ટેશને ઘણીવાર તમને કોઈ દૂર અંતરની ગાડી આવી હોય ત્યારે , ઓન ડ્યુટી ભીસ્તી ગાડી સંખ્યા ફલાણી ફલાણીમાં પાણી ભરે એવું પ્રસારણ સંભળાશે.



હરતાં ફરતાં
સુરેશ મિશ્રા

ઉપર જણાવેલી કહેવત તાજેતરની એક ઘટનાથી યાદ આવી. અમદાવાદની ૧૪૮ વર્ષની પરંપરા બની ગયેલી પવિત્ર રથયાત્રામાં ૧૭ હાથી એટલે કે ગજરાજ જોડાયા હતા. આ પૈકી બે માદા અને એક નર બલ્કે બાળ હાથી ડી.જે.ના ઘોંઘાટથી ત્રાસીને અસહજ થયા અને થોડીક મિનિટો માટે સહુનો જીવ તાળવે ચોંટી ગયો.

આ સંદર્ભમાં રથયાત્રાના આયોજકો પૈકી જવાબદાર પદાધિકારીએ મીડિયા સમક્ષ એક નિવેદન આપતાં જણાવ્યું કે આ ઘટના સાથે સંકળાયેલા ત્રણ હાથીઓ ને હવે આગામી રથયાત્રાઓમાંથી બાકાત રાખવામાં આવશે અને ફક્ત ૧૪ ગજરાજ જગન્નાથજીની વાર્ષિક યાત્રામાં જોડાશે.

આ સાંભળીને પાડાના વાંકે પખાલીને ડામની કહેવત યાદ આવી ગઈ. કારણ કે ઘટનામાં હજુ બાળક ગણાય એવા નર હાથી બળદેવ અને એની પાછળ એની કાળજી લેવા દોડેલી બે માદા હાથણીઓનો કોઈ સીધો વાંક જ ન હતો. પરંતુ વાર્ષિક રથયાત્રામાંથી બેદખલ એમને કરવામાં આવ્યા! હાથીઓને તકલીફ ડી.જે.ના માથું ફાડી નાંખે એવા ઘોંઘાટ અને સિસોટીઓના કોલાહલથી થઈ. એમનો તો કોઈ વાંક જ ન હતો. પરંતુ રથયાત્રામાંથી નિકાલની સજા એમને જ ભોગવવી પડી. આયોજકોના પ્રતિનિધીએ ક્યાંય જવાબદારીપૂર્વક એવું ના કહ્યું કે હવે અમે આગામી રથયાત્રાઓમાં ડી.જે. જેવા ધ્વનિ વર્ધકોના અવાજને શક્ય તેટલો માપસરનો, નિયંત્રિત કરીશું. આજે ત્રણ ગજરાજોને તકલીફ થઈ. હવે પછીની યાત્રાઓમાં આ બેફામ ઘોંઘાટ અન્ય ગજરાજોને વિચલિત કરી શકે એવો ભય ઉભો જ રહે છે. માણસની ઘોંઘાટપ્રિયતાથી હાથીઓને વેઠવું પડ્યું અને સજા પણ એમને જ ભોગવવાની! આ માનવીય ન્યાય છે જેમાં સંવેદના ઘણીવાર સાવ નદારદ થઈ જાય છે.

હાથીની વર્તણૂંકના એક અભ્યાસુનું કહેવું છે કે ડી.જે. ના અકર્ણપ્રિય ઘોંઘાટ અને સિસોટીઓના અવાજથી બળવંત ગભરાઈ અને મૂંઝાઈ ગયો એટલે શાંતિની શોધમાં ભાગ્યો. એ ગુસ્સે નહોતો ભરાયો. જો ગુસ્સે ભરાયો હોત તો ભીડ પર હુમલો કરત. એના બદલે લોકોને સલામત રાખીને, રસ્તો કરીને એ દોડ્યો અને એની પાછળ એની સંભાળ લેવા બે માદા હાથણીઓ દોડી. ઘોંઘાટથી અકળાવા છતાં હાથીએ સ્વવિવેક ના ગુમાવ્યો એની નોંધ લેવી પડે.

બાકી અરબોની સંપત્તિ છે, લક્ષ્મી માતાની કૃપા વાદળફાટ વરસી રહી છે છતાં અતિ સમૃદ્ધ અનંત અંબાણીની સંવેદનાને કાટ લાગ્યો નથી. એમણે ઉભી કરેલી અનોખી જીવદયા સંસ્થા 'વનતારા' માનવીય દખલ જેવા પરિબળોથી વિચલિત થયેલા ૧૫૦ જેટલા હાથીઓની કુટુંબના સભ્યો જેવી કાળજી લઈ રહી છે. આ સંસ્થા બળદેવની મદદે એલીફન્ટ એમ્બ્યુલન્સ લઈને છેક અમદાવાદ દોડી આવી અને એને આશ્વસ્ત અને સ્વસ્થ કરવામાં મદદ કરી એ ઘટના પણ સૂચક ગણાય.

ડી.જે.નો ઘોંઘાટ એવો તો કેટલો ભયાનક હશે કે સુપડ કન્ના હાથી તે સહન કરી શકતો નથી! સુપડકન્ના એટલે સુપડા જેવા કાન વાળો. ઘણી બાળ વાર્તાઓમાં મોટા મોટા કાન હોવાથી હાથીને એ નામે ઓળખવામાં આવે છે.અને તેની સરખામણીમાં માણસના કાન કદમાં લીંબુ જેવા ગણાય. તેમ છતાં માણસ ડી.જે.ના કાનફાડું ઘોંઘાટમાં ઘેલો ઘેલો બનીને નાચે છે. આ ભારે અજાયબીની વાત છે. આપણે રોજે રોજે અધિકને અધિક ઘોંઘાટ પ્રિય,કોલાહલ પ્રેમી બનતા જઈ રહ્યા છે, ઉત્તરાયણમાં લોકો ધાબે ચડીને પતંગ નહીં ડી.જે.ચગાવતા હોય એવો ઘાટ થયો છે અને આ ઘોંઘાટ માત્ર પ્રાણીઓ નહીં વનસ્પતિઓ,પક્ષીઓ અને પ્રકૃતિના તત્વોને વિચલિત કરે છે,એનાથી માંદા માણસોનો,બાળકોનો તણાવ વધે છે,નાના મોટા બધાં જો સતત આવા વાતાવરણમાં રહે તો શ્રવણ મંદતા એટલે કે ક્રમિક બહેરાશ આવવાનું જોખમ સર્જાય છે. સંગીત કે ભજન સુરાવલીઓ વાળા અને સૌમ્ય નાદ વાળા હોય તો કાનના માધ્યમથી ભક્તિ અને શાંતિ મનમાં ઉતરે છે. એટલે ઘોંઘાટને બદલે કર્ણપ્રિય નાદ તરફ વળવાની જરૂર છે.

હાથી જ્યારે ભગવાનની યાત્રામાં જોડાય ત્યારે એને ગજરાજ કહેવાય છે. ગજેન્દ્ર મોક્ષની ધર્મ ઘટનામાં સંકટગ્રસ્ત હાથીનો આર્તનાદ સાંભળી ભગવાને એને કેવી રીતે ઉગાર્યો એની ભક્તિ કથા છે.હાથી બાળકોનું પ્રિય પ્રાણી છે,એ બાળ મિત્ર છે,નાનું બાળક કેળું ધરે તો હાથી સૂંઢ વડે પ્રેમથી ગ્રહણ કરે છે.એ પ્રિય ગણપતિ દાદાની મધુર યાદ અપાવે છે. ખૂબ જાડા માણસને મજાકમાં હાથીની ઉપમા આપવામાં આવે છે.

કોલાહલથી હાથી વિચલિત થઈ જાય છે પરંતુ માણસ એનાથી ટેવાતો જાય છે. મેળા, ઉત્સવ, વરયાત્રા, શોભાયાત્રામાં ગીત સંગીતથી ઉત્સાહનો સંચાર થાય છે. પરંતુ એને ઘોંઘાટમાં પરિવર્તિત કરવાનું કામ ડી.જે.કરે છે, ધ્વનિ પ્રદુષણ નિયમન કાયદો તો જાહેરમાં ડી.જે.ના ઉપયોગની મનાઈ ફરમાવે છે,પરંતુ ચૂંટણી સભાઓ, જાહેર સભાઓમાં તેના બેફામ ઉપયોગ છતાં અત્યાર સુધી એકેય ગુનો નોંધવામાં આવ્યો નથી.

વિચિત્રતા તો એ છે કે વિરાટ હાથીને વિચલિત કરનાર ડી.જે.સામે આ ઘટના માં પોલીસ ફરિયાદ થવી જોઈએ.તેને બદલે એ હાથીને યાત્રામાં થી કાયમી નિકાલની સજા ફરમાવવામાં આવી છે.જો કે કદાચ એ બાળ હાથી માટે આ સજા ટાઢા પાણીએ ખસ ગઈ જેવી બની રહેશે.

suresh.mishra2017@gmail.com

**ડી.જે.ના ઘોંઘાટ અને સિસોટીઓના અવાજથી બળવંત ગભરાઈ અને મૂંઝાઈ ગયો એટલે શાંતિની શોધમાં ભાગ્યો**



# ધ્યાન એટલે જીવવાનો સૌથી ઉત્કૃષ્ટ માર્ગ

આપણી અંદર એક દીવો છે જે 'ધ્યાન'નો છે. આપણે તેને ગમે ત્યારે પ્રગટાવી શકીએ છીએ. આપણા શ્વાસ, આપણાં પગલાં અને શાંતિપૂર્ણ સ્મિતથી..! જ્યારે આ દીવો પ્રગટાવવામાં આવે છે ત્યારે અંધકાર અદૃશ્ય થઈ જાય છે. આપણી આ પ્રથાને નિરંતર ચમકતી રાખવાની છે. 'થિચ ન્હત હાન્હ' નું આ સુંદર કથન આપણી અંદર એક પ્રાગટ્યની હરકત પેદા કરે એવું છે. કોણ છે આ થિચ ન્હત હાન્હ ? જોઈએ એમની થોડી ઓળખની ઝલક.

તેમનો જન્મ ન્ગુયન ઝુઆન બાઓમાં ૧૧ ઓક્ટોબર ૧૯૨૬ ના રોજ થયો હતો. અને તેમનું મૃત્યુ ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ ના દિવસે થયું હતું. તેઓ એક વિયેતનામી બૌદ્ધ સાધુ હતા. તેઓ શાંતિના પુરસ્કર્તા, પ્રખર લેખક-કવિ અને શિક્ષક હતા. જેમણે 'પ્લમ વિલેજ પરંપરા'ની બૌદ્ધ પ્રેરણા આપી હતી. તેમને 'માઈન્ડ ફુલનેસના પિતા'' તરીકે પણ ઓળખવામાં આવે છે. 'ન્હત હાન્હ'નો બૌદ્ધ ધર્મના પશ્ચિમી પ્રદેશ ઉપર મોટો પ્રભાવ હતો. ૧૯૬૦ના દાયકાના તત્કાલીન યુદ્ધનો વિરોધ વ્યક્ત કર્યા પછી તેમને વિયેતનામમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા.૧૯૬૭માં અમેરિકન પ્રમુખ માર્ટિન લ્યુથર કિંગ જુનિયરે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે પણ નામાંકિત કર્યા હતા.



મનની મોજ
બ્રિજેશકુમાર

'ન્હાત હાન્હે' અનેક મઠો એટલે કે પ્રેક્ટિસ સેન્ટરો સ્થાપ્યા હતા. તેઓ ઘણા વર્ષો 'પ્લમ વિલેજ' મઠમાં રહ્યા હતા. જેની સ્થાપના તેમણે થેનેક નજીક દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં કરી હતી. આ 'પ્લમ વિલેજ' એટલે ઝેન માસ્ટર ન્હાત દ્વારા સ્થાપિત પ્રેક્ટિસ કેન્દ્રો. અહીં રોકાયેલાને બૌદ્ધ ધર્મ અને 'માઈન્ડફુલ લિવિંગ'ની કળાનું શિક્ષણ આપવામાં આવતું હતું. આજે તો તેનો વિસ્તાર ગોબલી વિસ્તરી ગયો છે.

'ન્હત હાન્હ' રિટ્રીટ અને પ્રવચનો આપવા માટે જીવનભર આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસ કરતા રહ્યા હતા. ન્હાત હાન્હે સંઘર્ષના અહિંસક ઉકેલ તરીકે ઊંડા શ્રવણને પ્રોત્સાહન આપ્યું અને શાંતિને ટકાવી રાખવા પ્રોત્સાહન આપતા હતા.

**સમગ્ર વિશ્વમાં જીવન વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે તેમાંથી કેટલીક બાબતો સુધી આપણે પહોંચી શકીએ છીએ તો કેટલીક માત્ર ધ્યાનમાં હોય છે**

શાંતિના વાતાવરણથી પરસ્પરના જોડાણ વિશેની જાગૃતિ લાવવાનો પ્રયાસ તેમણે કર્યો છે. ૩૯ વર્ષના દેશનિકાલ પછી ન્હાત હાન્હને ૨૦૦૫માં વિયેતનામ રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ વિયેતનામ પાછા ફર્યા હતા અને તેમના 'મૂળ મંદિર' ટિ હિયુમાં જ રહ્યા. જ્યાં તેઓ ૯૫ વર્ષની ઉંમરે ૨૦૨૨માં મૃત્યુ પામ્યા હતા.

ન્હાત હાન્હે ૧૯૭૦ના દાયકાના મધ્યમાં તેમના પુસ્તકથી ભારે ચર્ચામાં રહ્યા હતા. અહીં તેમણે 'માઈન્ડફુલનેસ' શીખવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું છે કે; ''ધ મિરેકલ ઓફ માઈન્ડફુલનેસ'' માત્ર ધ્યાન સુધી મર્યાદિત રહેવાને બદલે દૈનિક જીવનમાં માઈન્ડફુલનેસને એકીકૃત કરવા પર તેનું ધ્યાન કેન્દ્રિત કરે છે.'' તેઓ એ વાત પર ભાર મૂકે છે કે ધ્યાનપૂર્વક જીવવાથી વ્યક્તિગત વિકાસ, જ્ઞાન અને વૈશ્વિક શાંતિમાં પણ પ્રોત્સાહન મળી શકે છે. માઈન્ડફુલ લિવિંગની કળા ૧૯૭૦ ના દાયકાની શરૂઆતથી જ 'થિચ ન્હાત હાન્હે' દ્વારા પશ્ચિમમાં લાવવામાં આવી. તેઓ વિશ્વ માટે એક સુંદર જીવન વિધી માઈન્ડફુલનેસના પ્રણેતા રહ્યા છે. આધુનિક જીવનના પડકારોમાં પ્રાચીન શાણપણનો ઉપયોગ કરવાની સુંદર રીતો એમાં વિકસાવવામાં આવી છે.

સમગ્ર વિશ્વમાં જીવન વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. કેટલીક બાબતો સુધી આપણે પહોંચી શકીએ છીએ. કેટલીક માત્ર ધ્યાનમાં હોય છે. પણ દરેક વિશે થોડું ઘણું જાણવું જોઈએ એવો મારો વૈયક્તિક મત ખરો. અને ધ્યાન માર્ગની વાત તો કોમન છે. અનેક લોકોએ ધ્યાનનો મહિમા વર્ણવ્યો છે. ભારતીય યોગ પણ ધ્યાનની જ ગતિ છે. પણ તેની સાથે બૌદ્ધ ધર્મની ધ્યાન અવસ્થા શિરમોર રહી છે. ભગવાન બુદ્ધે ભીતર જોવાની અને ધ્યાનથી જીવનને નવી ઊંચાઈ આપવાની વાતને કેન્દ્રમાં રાખી છે. એટલે તેમાં બૌદ્ધ ગુરુઓ કે સંતો સતત અગ્રેસર રહે છે.

કેટલું સુંદર વાક્ય છે...આપણી અંદર એક દીવો છે. તેને પ્રજ્વલિત રાખવો એ ઉત્કૃષ્ટ જીવનની નિશાની છે. જે ધ્યાનસ્થ છે તેની હરેક કૃતિમાં જુદાજ પ્રકારનું તેજ ઉપસે છે. જે ધ્યાન માર્ગી છે તેને કોઈ રોકી શકતું નથી. તેને અટકાવવો સરળ નથી. ધ્યાન કામમાં પણ હોય છે. એક સંગીતકાર તેના સંગીતમાં, નૃત્યકાર તેના નૃત્યમાં, ચિત્રકાર તેના ચિત્રમાં અને લખનારો તેના લેખનમાં અને વાચક તેના વાચનમાં ધ્યાનસ્થ થઈ શકે છે. એ પછી જે કંઈ પ્રાપ્તિ થાય એ અનહદ આનંદથી ભરેલી હોય છે.

વિયેતનામમાં પેદા થયેલા એક બૌદ્ધ ધ્યાનીની વાત અત્યારે હું લખી રહ્યો છું. મારે તેમની સાથે કોઈ નિસબત ન હોવા છતાં એમના વિશે થોડી વાત મૂકવા હું પ્રેરાયો છું. આ એક ધ્યાનનીની અખંડ સફળતા છે. આ તેમના અસ્તિત્વની સુવાસ છે. આ તેમની અંદર પ્રજ્વલિત થયેલા દીવાનું તેજ છે. તેનો પ્રકાશ મારા જેવા સામાન્ય વ્યક્તિ સુધી પહોંચ્યો છે. આ ખરું ધ્યાન છે, આ ધ્યાનની શાશ્વતીય અસર છે.

વિશ્વ શાંતિ ઈચ્છે છે. પણ હલબલાહટ ચારેકોર છે. મારામારી, કાપાકાપી, એક બીજાને પછાડી નાખવાની હોડ જામી છે. પરપીડન વૃત્તિનો આવિષ્કાર એટલે આતંકવાદ. બીજાને હલકો ગણવાની માનસિકતા છેવટે પરપીડન વૃત્તિ બને છે. પછી વ્યક્તિગત પણ આવી ગતિ ક્યાં પહોંચે!? દુનિયામાં આ સ્થિતિ સહજ બની રહી છે, પછી શાંતિનો માર્ગ કેમ કરી ટકે? બધું કર્યા પછી આપણને જોઈએ છે તો શાંતિ...! છે ને, આપણી ગજબની દોડ..! સમગ્ર પૃથ્વીને ચાહવાની વાતને આપણે સૌ ખૂબ પસંદ કરીએ છીએ. વાડા અને સીમાઓ તોડીને જે માત્ર માનવ કલ્યાણની વાત કરે છે, એને આપણે સંત કે મહાપુરુષ કહીએ છીએ. પરંતુ દરેકના વ્યક્તિગત વિચારમાં ધ્યાનનો દીપક પ્રગટવો જોઈએ. તેનાથી આપણી વૈયક્તિક જીવન સફર તો બહેતરીન બની જશે, એ ચોક્કસ છે. હા, બીજાથી શ્રેષ્ઠ બનવાની હરકતો સમસ્યાઓ ખડી કરી શકે. ફરીથી 'થિચ ન્હત હાન્હ'ની વિશ્વ કલ્યાણની વાતને શત શત પ્રણામ કરું છું અને મારામાં એક વિચાર થકી થોડીવારનું 'લેખનધ્યાન' આપવા બદલ આભાર પ્રકટ કરું છું.

dr.brij59@gmail.com



# હવે પહેલો વરસાદ, બીજો વરસાદ કે છેલ્લો વરસાદ - એવું કશું નથી!



## હવે વરસાદ માટે કવિતા લખવી નથી, કારણ કે હવે વરસાદ કવિતા નથી રહ્યો



એ-ટુ-ઝેડ
કલ્પના ગાંધી

પ્રેમ અધૂરો રહી જાય ત્યારે વરસાદ એક તાણ બની જાય છે. એ પીડા, એ સ્મૃતિ, મનના ઊંડાણમાં થરથરતી રહે છે. વરસાદની બુંદોમાં એ પાવસ સમી યાદો હંમેશાં સળગતી રહે છે. આજનો વરસાદ પહેલો નથી. પણ શું કંઈ બદલાયું છે? કોઈ નવી ઋતુ આવી છે? કેમ કે આ ઝાકળ, આ ઠંડક છે છતાં આ એકલતા તો રોજ વરસે છે - અંદર પણ, બહાર પણ.

'પ્રેમ ન મળે ત્યારે વરસાદ પણ પાંજરું લાગે. ભીંજવે, પણ મુક્તિ ન આપે.'વરસાદ પહેલાં પણ પડ્યો હતો - ત્યારે એની સાથે ભીંજાવાનું સપનું હતું. આજ પણ વરસાદ છે, પણ હવે એ ભીંજાવું પીડાને નિતારે છે. પ્રેમી નજરો, છૂટી ગયેલી હથેળીઓ, અધૂરી વાતો - આ બધું હવે વરસાદના કાચ પર લપસતી બુંદોમાં ફરીથી તરતું લાગે છે. એ જ બારીની સામે ઊભા રહી, વારંવાર એ પ્રશ્નો ઉઠે છે, 'તારે આવવું હતું ને? 'મારે રોકાવું હતું કે? 'આ બે વરસાદ વચ્ચે શંવ રહી ગયું?'

હવે કોઈ રાહ નથી. પહેલાની જેમ બાલ્કનીમાં ઊભી રહીને પંખીઓની ગૂટરગૂં જોવાનો ઉત્સાહ નથી. હવે વરસાદ આવશે એ જાણીને પણ ઘરમાંથી બહાર નિકળવાનું મન નથી થતું. અંદરનો વરસાદ વધારે તોડી નાખે છે!

'હવે કોઈ બુંદ ફક્ત પાણી નથી રહીપએ પાંજરાની અંદર બંધ થયેલી સાંજ છે.'કહે છે કે પ્રેમ તૃપ્તિ આપે છે. પણ જ્યારે એ ન મળે, ત્યારે એ તૃષ્ણા બની રહે છે. અને એ તૃષ્ણા વર્ષો સુધી મોનસૂન બનીને વરસતી રહે છે. કવિના મનમાં તૃષ્ણા હવે કોયલના ટહુકાની જેમ નથીપપણ રડતી રાતની ગૂંજીતી ટીસ છે.

પહેલો વરસાદએ પ્રેમ હતો. બીજોએ રાહ. અને હવે દરેક વરસાદપએ વિરહ છે. તીવ્ર, તોફાની, અને કદી નહીં અટકતી વિરહ વેદના જેવો!

'જ્યારે બુંદો ભૂમિ પર ટકરાય છે, ત્યારે એ અવાજ સંગીત નથી લાગેપએ છે - તારા ન આવવાના ખાલીપા છે! હવે લાગતું નથી કે વરસાદ કંઈક લાવશે. હવે એની સાથે આશા નથી, બસ યાદો છે. એની સાથે ધનગનાટ નથી, બસ સૂનકાર છે. અને સાચું કહું તોપહવે એની સાથે કોઈ અપેક્ષા નથી રહી.

'મન ભીંજાય છે તો પણ ભૂલતું નથી. પલળે છે તો પણ ચમકતું નથી. વૃષ્ટિ હવે તળિયે દર્દ મમળાવે છે! 'પ્રેમમાં જો સાથ મળે તો વરસાદ સંગાથ બને. પણ જ્યારે એ સાથ તૂટી જાય, ત્યારે દરેક મોસમ એકલું રણ બની જાય છે. પછી ચોમાસું હોય કે વસંતપબધું એકસમાન લાગે છે. પ્રેમી વિના વરસાદ આખા શરીરમાં ઠંડીથી થીજી જાય છે.

'જ્યાં એ ઊભો હતો, ત્યાં હવે ફક્ત ભીના પગલાં છેપ અને એ પણ ધીમે ધીમે વિલીન થઈ જાય છે.'ઘડીઓ વીતી જાય છે, વર્ષો પણ. પણ એ વિરહનો વરસાદ અટકે તેમ નથી. કદાચ એના જીવનમાં કોઈ બીજું ચોમાસું આવી ગયું હોયપ પણ અહીં તો પહેલો વરસાદ પાછો આવીને પણ કંઈ છોડતો નથી - ને બીજો કે છેલ્લો એવા કોઈ અસ્તિત્વમાં રહ્યા જ નથી.

'હવે વરસાદ માટે કવિતા લખવી નથી. કારણ કે હવે વરસાદ કવિતા નથી રહ્યો. એ વસવસાટ છે, જે રોકાતો નથી.'વિરહની પળોએ આખું અસ્તિત્વ ભીંજવી નાંખ્યું હોય, ત્યારે કોઈ પણ ખૂણો, કોઈ પણ ઘડી, કોઈ પણ ધૂન સુર નથી બનતી! બધું ઘાની જેમ વાગે છે. આખું જીવન એક લાંબી ભીંજાતી સાંજ લાગે છે - જે ક્યારેય ઉઘડતી નથી, ક્યારેય વિસરાતી નથી.


'હવે વરસાદ પ્રેમ નથી, ન કોઈ સંકેત કે સંભાવના. એ તો એક નિરંતર વિરહ છે - શબ્દથી લઈ મૌન સુધી.'

kalpnagandhi1234@gmail.com

**-: X ફેક્ટર :-**

'જ્યારે પ્રેમ અધૂરો રહી જાય, ત્યારે વરસાદ પણ તૃષ્ણા બની વરસે છે. અને એ એકલતાની ભીની પળો - જિંદગીની સૌથી લાંબી, ઊંડી અને રડતી રાત બની રહે છે.'

# વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામતી ભારતની દેશી રમતોથી મોઢું ફેરવતી નવી પેઢી







સ્પોર્ટ્સ કોર્નર
જે.ડી.ચૌહાણ

દિલ્હી ખાતે ભારતની મૂળભૂત રમત એવી ખોખોમાં ભારતની પુરુષ અને મહિલા ટીમ બંને ફાઈનલમાં નેપાળની બંને ટીમોને હરાવી વર્લ્ડ ચેમ્પિયન બની એ દિવસ ભારતીય રમતોના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો છે. એટલા માટે કે જ્યારે વિદેશી રમતો ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ, બેટમિન્ટન વગેરે વિશ્વભરમાં ખુબ ખુબ લોકપ્રિયતા હાસલ કરી છે. બરાબર એવા સમયે ભારતીય દેશી રમત ખોખોમાં વર્લ્ડકપ યોજાયો અને તેમાં ભારત વિજય બન્યું એ ઘણી આનંદની અને ગર્વ લેવાની વાત કહેવાય.

વિદેશી રમતોના મોહમાં ભારતની મૂળભૂત રમતો છોડીને ભારતીય જ વિદેશી રમતો તરફ આકર્ષાયા અને સરકારે પણ આવી રમતને પ્રોત્સાહન આપીને ભારતમાં પણ લોકપ્રિય બનાવી એવા સમયે ખોખામાં ભારતીય ટીમ વિશ્વ ચેમ્પિયન બની એક મહત્વનો સંકેત છે. સંકેત એ બાબતનો છે કે વિદેશી રમતો પાછળ કોઈ લોજિક હોતું નથી. માત્ર જીતો, ચેમ્પિયન બનોની થીયરી કામ કરતી હોય છે. જ્યારે ભારતની દેશી રમતો એવી છે કે જેની પાછળ કેટલાય લોજિક હોય છે. કેટલાય હેતુ હોય છે. જેથી દેશી રમતોનું મહત્વ વિદેશી રમતો કરતા વધારે છે.

**ભારતની દેશી રમત સાઈકલનું એક જૂનું ટાયર કે રીંગ લઈને તેને દોડાવીને તેની પાછળ દોડવું એ રમત હવે જાપાનમાં ખૂબ લોકપ્રિય બનાવવા લાગી છે**

ખોખો અને કબડ્ડી ભારતની મૂળભૂત રમત છે અને તેમાં હવે અગ્રણી કંપનીઓ પણ રોકાણ કરવા લાગી છે. ક્રિકેટની આઈપીએલની રીતે હવે કબડ્ડી અને ખોખોની પણ લીગ રમાય છે અને ચેમ્પિયનશિપ પણ રમાય છે. જેમાં આપણી દેશી રમતોની ફ્રેન્ચાઈને ખરીદવામાં કોર્પોરેટ સેક્ટર એ પણ હવે ખૂબ સારો ભાગ ભજવવા માંડ્યો છે એ એક સારો સંકેત છે .દેશી રમતો પ્રત્યે છેલ્લા કેટલાક વર્ષોથી અન્ય દેશો આકર્ષાઈ રહ્યા છે. દેશી રમતોનો અગાઉ ગામઠી રમત તરીકે લેવામાં આવતી હતી. પરંતુ હવે ધીમે ધીમે વિશ્વના અગ્રણી દેશોને ભાન થવા લાગ્યું છે કે તેમની રમતો કરતા ભારતની જે દેશી રમતો ખૂબ મહત્વની છે. દેશી રમતો પાછળ ઘણા ફાયદા રહેલા છે.

દેશી રમતો ના કારણે સારૂ સ્વાસ્થ્ય તો બને છે પરંતુ તે સાથે નિર્ણાયક શક્તિ, મક્કમતા, હિંમત દર્શાવવી અને જીતીને તો ઠીક પરંતુ હારીને પણ મિત્રતા ભાવના, સંઘ ભાવના કેળવવી એ આ રમતો મુખ્ય ફાયદો છે. દેશી રમતોને હવે વિશ્વના અગ્રણી દેશો પણ સ્વીકારવા લાગયા છે. વાચકોને ખ્યાલ હશે કે દોરડા કૂદવા એ ભારતમાં વર્ષો જૂની રમત છે. જેના અગણિત ફાયદા થાય છે એ આપને સમજી શકીએ છીએ. હવે આ ચીને સ્વીકારી લીધું છે. ચીનમાં રાષ્ટ્રીય કક્ષા સુધીની દોરડા કૂદની સ્પર્ધાઓ યોજાય છે અને આ રમત ત્યાં લોકપ્રિયતા પણ ખૂબ હાસલ કરવા લાગી છે. કારણ કે આ રમત એક કળા છે, એકાગ્રતા છે અને ક્રિએટિવિટી પણ તેમાં આવી જાય છે. તમે દોરડા અનેક રીતે કુદી શકો છો. એક વ્યક્તિ કે બે વ્યક્તિ દોરડા કુદી શકે છે. આ દરેકની પાછળ અનેક ફાયદાઓ રહેલા છે જે ચીને સમજી લીધું છે અને હવે તેમાં વધારો થવા લાગ્યો છે. ત્યાં કેટલાક પ્રસંગો પર દોરડા કુદવાનો ખાસ શો રાખવામાં આવે છે. હવે જાપાન પર આવીએ તો ત્યાં ભારતની નાના છોકરાઓ રમતા હતા તે દેશી રમત, યાદ આવે છે, સાયકલનું એક જૂનું ટાયર કે રીંગ લઈને તેને દોડાવીને તેની પાછળ દોડવું એ રમત હવે જાપાનમાં ખૂબ લોકપ્રિય બનાવવા લાગી છે.

જાપાનમાં ઘણા બધા લોકો એકલતાથી પીડાય છે, હવે આ વ્હીલ દોડાવવાની રમતમાં તેઓને એમ લાગે છે કે તેઓ ફરીથી કિશોર બની ગયા છે, એક કિશોર પૈંડુ દોડાવવામાં અને તેની પાછળ ભાગવામાં જે આનંદ મેળવે છે એવો જ આનંદ આ લોકો ઉઠાવવા લાગ્યા છે. જેના લીધે તેમના જીવનમાં ખુશાલી પ્રસરવા લાગી છે. આપણે ત્યાં જેમ સિનિયરોનું ગ્રુપ વહેલી સવારે બગીચામાં ભેગા થઈને હસવા સહિતની અનેક પ્રવૃત્તિઓ કરીને શારીરિક અને માનસિક આનંદ મેળવતા હોય છે. જ્યારે જાપાનમાં ભારતની દેશી રમત રમત વ્હીલ કે પૈંડુ દોડાવીને પાછળ ભાગવાની રમત લોકપ્રિય બની છે. જેના કારણે સ્વાસ્થ્ય સારું રહે છે અને આનંદ પ્રમોદ પણ થઈ જાય છે,

બીજી એક દેશી રમત જેને આપને સતોડિયાની રમત તરીકે ઓળખીએ છીએ.જેમાં થોડાઘણા નાના પથ્થર એકની ઉપરએક ગોઠવીને એક છેડે ઊભા રહીને તેના પર બોલ મારીને એ પથ્થરો ફેંકી દેવાના હોય છે અને ગોઠવવા જાય તે દરમિયાન દડો એકબીજાને મારીને જે મજા લૂંટવામાં આવે છે એ એટલી સુંદર છે કે જાપાનમાં હવે સ્કૂલોમાં આ રમતને એક રમતનો દરજ્જો આપીને રમાડવામાં આવી રહી છે. આ રમતમાં ભરપૂર આનંદ રહે છે અને તે સાથે શારીરિક કસરત પણ થઈ જાય છે.

કબડ્ડીની રમત શ્રીલંકા, ઈરાન અને ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે. હવે ઘણા બધા દેશોમાં આ રમતોનો સ્વીકાર થવા લાગ્યો છે ત્યારે એ વાત ચોક્કસ છે કે દેશી રમતોમાં, ભારત બિગ બોસ છે. દેશના યુવા ધનની શારીરિક, માનસિક સ્થિતિનો વિકાસ સાધતી આ રમતોનો સ્વીકાર ભવિષ્યનું મજબૂત નિર્ણાયક શક્તિ ધરાવતા, ક્રિએટિવિટી ધરાવતો યુવાન બનાવવાનું ખૂબ આવકાર્ય અને સરળ રસ્તો છે. દેશી રમતો એવી રમતો છે કે જેની પાછળ કોઈ ખર્ચ કરવાનો હોતો નથી આર્થિક રીતે કોઈપણ વર્ગનો વ્યક્તિ દેશી રમતો રમી શકે છે . આ બધી વાતો છે દેશી રમતોના અનેક ફાયદાઓ સરળતાથી મેળવવાની.ભારતમાં આવી રમતોને લોકપ્રિય બનાવવા ના પ્રયત્નો થવા જોઈએ .

jdchauhan555@gmail.com

## મજેદાર રીતે કુદરતને સમજવાનો મોકો આપતું પર્યટન સ્થળ

# ઈન્દ્રોડા નેચર પાર્ક





પ્રવાસ વર્ણન
સુનીલ અંજારિયા

ગાંધીનગર પાસે નવા ગિફ્ટ સિટી રોડ પર આવેલા ઈન્દ્રોડા નેચરપાર્કની મુલાકાત ૨૦૧૯માં લીધી હતી તેનું સંસ્મરણ. હું ૨૦ વર્ષ બાદ ફરીથી ગયો અને જોયું કે તે સાવ જ નવો થઈ ગયો છે. તે વખતે તો એક અજગર, બે ચાર હરણ અને હરવા ફરવા માટે જંગલ જેવો અસ્તવ્યસ્ત બાગ હતો.

હવે તો અનેક આકર્ષણો ઉમેરાયાં છે. એન્ટ્રીની ૩૦ રૂ. વ્યક્તિ દીઠ અને કારની પણ ૩૦ રૂ. ટિકિટ છે. ટુ વ્હીલરની ઓછી છે. પાર્કિંગ ખુલ્લું, મોટું છે. સુંદર ગેઈટ આપણું સ્વાગત કરે છે. પાર્ક સવારે ૮ થી સાંજે ૫.૩૦ ઓક્ટોબર થી ફેબ્રુઆરી અને પછી ૬ વાગ્યા સુધી ખુલ્લો હોય છે. અંદર પ્રવેશતાં જ ડાયનોસોર પાર્ક આવે છે.

ગુજરાતના જ નર્મદા તટ, બાલાસિનોર, ઉત્તર ગુજરાતમાંથી મળેલ પ્રાગૈતિહાસિક પદચિન્હો પથ્થરમાં અંકિત હોય તે, ડાયનોસોરનાં ઈંડાં અને દરેક પ્રકારના ડાયનોસોરનાં આબેહૂબ મોડેલ જેવાં કે લાંબી ડોક વાળાં, પીઠ પર કાંટા જેવી કરોડ વાળાં, વિશાળ દાંત, આગળ ખિસકોલી જેવા નાના હાથ વાળાં, વિશાળ પાંખો વાળાં ઉડી શકતાં એમ અનેક પ્રકારનાં ડાયનોસોર જોયાં. સાથે દ્વિભાષી તકતીઓમાં સમજૂતી પણ આપેલી.

બીજું આકર્ષણ હતું બોટનીકલ પાર્ક. દરેક પ્રકારની નાની મોટી વનસ્પતિઓ જોવા મળી. અદ્ભૂત નજારો હતો. ફાઈકસ વૃક્ષો એટલે કે વડ, પીપળો ખીજડો વગેરે અને તેની વિવિધ જાતો. કોઈએ કૃષ્ણ વડ જોયો છે? પાનમાં પીળી લાઈનો અને પીપળા જેવાં પાન, સીધું સટ થડ. એવી લીમડા પીપળા જેવાં વૃક્ષોમાં પણ અનેક જાત જોવા મળી. એ વૃક્ષો વચ્ચેનો માર્ગ એકદમ શાંત અને ઘટાદાર લીલા વૃક્ષો વચ્ચે લાલ માટીનો અદ્ભૂત દેખાય છે. એ ઉપરાંત વેલવાળી વનસ્પતિઓ જોઈ. અંજીરનું, ઉપર મીનીએચર દાડમ જેવું અંજીર ઉગેલું વૃક્ષ જોયું. આપણે ખાઈએ તે નાગરવેલનાં પાનની વેલ અને અનેક નાના રોપા જોયા.

ડાયનોસોર પાર્ક વચ્ચે સુંદર કમળ તલાવડીમાં લાલ, સફેદ, પીળાં કમળો ખીલેલાં. માત્ર દક્ષિણભારતના મેનગ્રુવમાં જ જોવા મળતી વનસ્પતિઓ જોઈ. નીચે મોટા ટેકરી જેવાં મુળો ઉપર સીધો, મોટા પાન વાળો કેવડો પણ જોઈ 'એક કુવા કાંઠે કેવડો જોગમાયા' ગીત યાદ આવ્યું. ખાખરો અને દ્રાક્ષની જેમ નીચે લટકતાં લાલ તાડફળો વાળું વૃક્ષ જોયું. એ બધું જોયા પછી ચોથું આકર્ષણ કેક્ટસ પાર્ક. થોરની જાતો. અનેક નવી અનેક જૂની. એ તો આપણે અનેક પ્રદર્શનોમાં જોઈએ છીએ. ફિંડલાનું શરબત ઘણાએ પીધું હશે. ફૂલવાળા થોર કે ડેકોરેટિવ આકારના થોર જોયા. એક તો થડ ફરતે વેલ હોય તેવો વલયો વાળો થોર હતો.

પાંચમું આકર્ષણ બટરફ્લાય પાર્ક. નાનાં મોટાં વિવિધ ડિઝાઈનવાળાં પતંગિયાં. લીલાં, કાળાં અને પાંખ પર ભૂરા કે પીળા કે લાલ ટપકાં વાળાં, ભૂરાં , સામાન્ય કેસરી કે પીળાં પતંગિયાં અને તે રસ ચૂસી શકે એટલે સુગંધ આપતી વનસ્પતિઓ. લાલ અને સફેદ ચંપા અને કરેણ થી માંડી અનેક.

છઠ્ઠું આકર્ષણ થોડું ચાલીને. ઝુ. એ પહેલાં એક ચિલ્ડ્રન પાર્ક જેમાં પીવાનું ઠંડુ પાણી અને આરામ કરવા પથ્થરોની જ બેંચો બનાવી છે જ્યાં બેસવાથી જંગલના પથ્થર પર બેઠા જેવી ફીલ આવે. એક રૂમમાં સોવેનિયર વેંચે છે જેમાં ગીરના સિંહ ના ચિત્રવાળાં ટીશર્ટ ૪૦૦ રૂ. માં સરસ હતાં. કેપ, બ્લેઝર વગેરે સુંદર વસ્તુઓ મળતી હતી. ઝુમાં સિંહ, દીપડા,કાળિયાર, હરણ વગેરેનાં પાંજરાંને બદલે ઓપન મોટમાં સિંહને પગ ઊંચા કરી આડો પડેલો કે દીપડાને જાળી પર પગ રાખી ઉભો જોયો.

સાતમું આકર્ષણ સર્પગૃહ. વિશાળ અજગરો કોસમાં એક બીજા પર પડેલા, એક અજગર ખાધું હશે એટલે વચ્ચેથી પેટ ફુલેલો, એક અજગર માતા બાળ અજગર સાથે જોઈ. બે કોબ્રા સર્પ પૈકી એક સર્પ બીજા ઉપરથી ધીમે ધીમે અટકીને સરકતો હતો. ગાર્ડએ કહ્યું કે તેઓ મેટિંગ કરે છે. બીજો એક કોબ્રા લાંબું મોઢું લઈને આવ્યો અને ટક્કર થઈ ફેણ ચડાવી. એકદમ લાંબો ધામણ સર્પ, અજગર જેવી ડિઝાઈન વાળો રસેલ વાઈપર, પૂરો ચમકતો રુપેરી ખડ નો સાપને એવા નાના મોટા અનેક સર્પ જોયા.

વચ્ચે બાંકડાઓ પર પાંજરાંમાંનાં લવબર્ડ જેવાં માનવ લવબર્ડ બેઠાં હતાં. એક નાજુકડીનાં બાવડાં સૂર્યપ્રકાશમાં ચમકતાં હતાં. સુંદર વાળ ફગફગતા હતા. એ એના વાળાને કહે 'હું બોરિંગ થાઉં છું'! પેલાએ સુધાર્યું કે બોર થાઉં છું કહેવાય તો કહે 'બોર, જમરૂખ જે કહે એ થાઉં છું. ચાલ બહાર.' આ સાંભળવાની પણ મઝા પડી!! પાર્કમાં બધું સરખું જોવું હોય તો બને તો સવારે ૮ વાગે પહોંચી જોવું. ફૂલો અને પાન સોળે કળાએ ખીલ્યાં હોય અને પ્રાણી, પક્ષીઓ પુરા મૂડમાં હોય. બપોરે તેમનાં પિંજરામાં ભરાઈ જાય. સરખી રીતે જોવામાં ૩ કલાક ગણી લેવાના. આપણે સિંગાપોરનું કે બનેરઘટ્ટા બેંગલોરનાં ઝુ જોઈએ તો ઘર આંગણે આ પણ જોવા જેવું. સસ્તું ભાડું ને સિદ્ધપુરની યાત્રા!

હવે તો છેક ઈન્દ્રોડા પાર્કના ગેઈટ સુધી મેટ્રો પણ આવવામાં છે. પાટિયાં જોયાં. બહાર નીકળતાં જ સર્વિસલેનમાં ઓનેસ્ટ, પીઝાહટ, મેકડોનાલ્ડ અને અનેક સારાં રેસ્ટોરાં છે. મને તો ઘર આંગણે આ તીરથ ગમ્યું. ન ગયેલા પણ આ વાંચી જોઈ આવે તો જરૂર તેમને ગમશે.

sunilanjaria@gmail.com

**ઈન્દ્રોડા પાર્કમાં વિવિધ પ્રકારનાં ડાયનોસોરનાં આબેહૂબ મોડેલ મૂકવામાં આવ્યાં છે, જે બાળકોને આ જીવ વિશે રસપ્રદ જાણવાનો મોકો આપે છે**






કોટન મિલ ગર્લ નામે ઓળખાતો આ ફેમસ ફોટોગ્રાફ વર્ષ ૧૯૦૮માં અમેરિકાના નોર્થ કેરોલિના રાજ્યના લોરિનબર્ગ શહેરમાં લેવાયો હતો. આ તસવીર અમેરિકાના એક જાણીતા ફોટોગ્રાફર અને સોશિયલ રિફોર્મર લ્યૂઈસ હાઈન દ્વારા લેવામાં આવી હતી. લ્યૂઈસ હાઈન એ તેમના સમયના એવા ફોટોગ્રાફર હતાં, જેમણે કેમેરાને માત્ર આર્ટ માટે નહિ, પણ સમાજમાં પરિવર્તન લાવવા માટે એક શક્તિશાળી સાધન તરીકે ઉપયોગમાં લીધું. આ તસવીરમાં એક નાની છોકરી કપાસની મિલના દરવાજે ઊભી જોવા મળે છે. તેના હાથ લટકેલા છે અને ચહેરા પર કંટાળાવાળું અને થાકેલો ભાવ દર્શાય છે. પાછળ કપાસની મિલનું ઉદ્યોગધંધાનો માહોલ છે - જે સૂચવે છે કે આ નાની ઉંમરની છોકરી પણ આ મિલમાં કામ કરતી હતી. લ્યૂઈસ હાઈન દ્વારા લેવામાં આવેલી આવી ઘણી તસવીરોનું મુખ્ય ઉદ્દેશ એ હતું કે તેઓ બાળમજૂરી સામે અવાજ ઊઠાવે અને લોકોના સામાજિક અવગણનાને ઉજાગર કરે. લ્યૂઈસ હાઈનને અમેરિકાના અનેક ભાગોમાં મુસાફરી કરીને ઔદ્યોગિક વિસ્તારોની મુલાકાત લેવી પડતી હતી. તેઓ છૂપાઈને, ક્યારેક વિવિધ બહાનાઓથી મિલોમાં પ્રવેશ કરતા અને બાળ મજૂરીના જીવંત દાખલા કેમેરામાં કેદ કરતા. કોટન મિલ ગર્લ એ તેમની એવી ઘણી તસવીરોમાંની એક છે જેનાથી અમેરિકાની સત્તાને હચમચાવવાનું કામ કર્યું.

ત્રીજી મેચ લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર બંને ટીમો વચ્ચે રમાઈ રહી છે :આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અનોખો ચમત્કાર કર્યો

# ભારતે વેસ્ટ ઈન્ડિઝનો વિશ્વ રેકોર્ડ તોડ્યો

## ભારતીય ક્રિકેટ ટીમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત ૧૩ મેચમાં ટોસ હારી :શ્રેણી હાલમાં ૧-૧થી બરાબર પર

નવીદિલ્હી,તા.૧૧

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણી હાલમાં ૧-૧થી બરાબર છે. ઈંગ્લેન્ડે પહેલી મેચ ૫ વિકેટથી જીતી હતી. આ પછી, ટીમ ઈન્ડિયાએ બીજી મેચ ૩૩૬ રનથી જીતીને વાપસી કરી. હવે ત્રીજી મેચ લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર બંને ટીમો વચ્ચે રમાઈ રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટોસ હારીને ભારતે એક ખાસ રેકોર્ડ બનાવ્યો છે.ભારતીય ક્રિકેટ ટીમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત ૧૩ મેચમાં ટોસ હારી છે. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૦ જુલાઈ ૨૦૨૫ દરમિયાન રમાયેલી મેચોમાં ભારતે આ ટોસ હારી ગયો છે. આ સાથે ભારતે વેસ્ટ ઈન્ડીઝનો




વિશ્વ રેકોર્ડ તોડી નાખ્યો છે. અગાઉ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સતત ટોસ હારવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના નામે હતો. વિન્ડીઝે ૨ ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૧ એપ્રિલ ૧૯૯૯ દરમિયાન સતત ૧૨ મેચમાં ટોસ હાર્યો હતો.ભારતે સતત ૧૩ મેચમાં ટોસ હાર્યો છે. આમાંથી, રોહિત શર્માના નેતૃત્વમાં ૮ વખત, શુભમન ગિલના નેતૃત્વમાં ત્રણ વખત અને સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં બે વખત ટોસ હારી ગયો છે. ભારત ઈંગ્લેન્ડ પ્રવાસ પર તેની ત્રીજી ટેસ્ટ મેચ રમી રહ્યું છે અને ત્રણેયમાં, ગિલના નેતૃત્વમાં ભારત ટોસ હારી ગયું છે.હવે ત્રીજી ટેસ્ટ મેચ માટે, ભારતીય કેપ્ટન શુભમન ગિલે પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર કર્યો છે. તેણે કૃષ્ણાને પ્લેઈંગ ઈલેવનમાંથી બહારનો રસ્તો બતાવ્યો છે. જસપ્રીત બુમરાહનો પ્રવેશ થયો છે. કૃષ્ણા ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટ મેચમાં સારો દેખાવ કરી શક્યો ન હતો. હવે આ ટેસ્ટમાં બુમરાહના આગમન સાથે, ભારતીય ઝડપી બોલિંગ આક્રમણને વેગ મળશે. આકાશ દીપ અને મોહમ્મદ સિરાજને ટીમમાં તક મળી છે જેથી તેઓ તેને ટેકો આપી શકે.

રાહુલ દ્રવિડ અને સ્ટીવ સ્મિથને પાછળ છોડી દીધા

# જો રૂટ ટેસ્ટમાં ૩૭મી સદી સાથે સૌથી વધુ સદી ફટકારનાર પાંચમો બેટ્સમેન બન્યો

લોર્ડ્સ,તા.૧૧

ભારત સામે લોર્ડ્સમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટે સદી ફટકારી હતી. રૂટના ટેસ્ટ કારકિર્દીની આ ૩૭મી સદી છે અને તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર વિશ્વનો પાંચમો બેટ્સમેન બન્યો છે. રૂટે ૧૯૨ બોલમાં પોતાની સદી પૂરી કરી. તે પહેલા દિવસે ૯૯ રન બનાવીને અણનમ રહ્યો અને રૂટે બીજા દિવસના પહેલા બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાની સદી પૂર્ણ કરી.લોર્ડ્સના મેદાન પર રૂટની આ સતત ત્રીજી સદી છે. તેમના પહેલા જેક હોબ્સ અને માઈકલ વોન આ કરી ચૂક્યા છે. રૂટે લોર્ડ્સમાં છેલ્લી બે ઈનિંગ્સમાં ૧૪૩ અને ૧૦૩ રન બનાવ્યા હતા અને હવે તેણે ફરીથી ૧૦૦ રનનો આંકડો પાર




કરી લીધો છે. રૂટે અત્યાર સુધીમાં લોર્ડ્સમાં કુલ આઠ સદી ફટકારી છે. રૂટે ભારત સામે ૬૦ ઈનિંગ્સમાં ૧૧ સદી ફટકારી છે. રૂટે આ મામલે સ્ટીવ સ્મિથની બરાબરી કરી લીધી છે, જેમણે ભારત સામે ૪૬ ઈનિંગ્સમાં એટલી જ સદી ફટકારી છે. રૂટ ભારત સામે ત્રીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે ૩૦૦૦ ટેસ્ટ રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. રૂટ એવા ખેલાડીઓની યાદીમાં જોડાયો જેમણે એક જ ટીમ સામે ટેસ્ટમાં ૩૦૦૦ રન બનાવ્યા છે. આ સાથે, રૂટ ડોન બ્રેડમેન અને સચિન તેંડુલકર જેવા દિગ્ગજ બેટ્સમેનોની યાદીમાં જોડાયો.

બુમરાહે લોર્ડ્સમાં પ્રથમવાર પાંચ વિકેટ લીધી : ભારતના પ્રથમ દાવમાં ૭૪/૨ વિકેટ

# ઈંગ્લેન્ડનો પહેલો દાવ ૩૮૭ રન પર સમાપ્ત : બુમરાહની ૫ વિકેટ

લોર્ડ્સ, તા.૧૧

લોર્ડ્સ ખાતે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ અને ભારતીય ક્રિકેટ ટીમ વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. મેચના બીજા દિવસે ઈંગ્લેન્ડનો દાવ ૩૮૭ રન પર સમાપ્ત થયો. ભારત તરફથી જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૫ વિકેટ લીધી. બીજા દિવસે ઈંગ્લેન્ડની શરૂઆત ખરાબ રહી હતી. બુમરાહે પહેલા સત્રમાં ત્રણ વિકેટ લીધી હતી. તેણે બેન સ્ટોક્સ (૪૪), જો રૂટ (૧૦૪) અને ક્રિસ વોક્સ (૦) ને પેવેલિયન મોકલ્યા હતા. આ પછી જેમી સ્મિથ અને બ્રાયડન કાર્સે બાજી સંભાળી હતી. આઠમી વિકેટ માટે બંને વચ્ચે ૮૦ રનથી વધુની ભાગીદારી થઈ હતી, જેને સિરાજે તોડી હતી. તેણે જેમી સ્મિથને




પોતાનો શિકાર બનાવ્યો હતો, જે ૫૬ બોલમાં ૫૧ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો હતો. આ પછી બુમરાહે જોફ્રા આર્ચરના રૂપમાં ઈંગ્લેન્ડને નવમો ઝટકો આપ્યો હતો. ભારત સામેની પ્રથમ ઈનિંગમાં બ્રાયડન કાર્સે પોતાની પહેલી અડધી સદી પૂર્ણ કરવામાં સફળ રહ્યા. તેમણે છ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૫૬ રન બનાવ્યા. તેઓ સિરાજના બોલ પર બોલ્ડ થયા. બશીર એક રન બનાવ્યા બાદ અણનમ રહ્યા. મેચના શરૂઆતના દિવસે જેક ક્રાઉલીએ ૧૮, બેન ડકેટે ૨૩, પોપે ૪૪ રન બનાવ્યા. ભારત તરફથી બુમરાહે પાંચ વિકેટ લીધી, જ્યારે સિરાજ અને નીતિશ રેડ્ડીએ બે-બે વિકેટ લીધી. જાડેજાએ એક વિકેટ લીધી. રૂટે ૧૯૯ બોલનો સામનો કર્યો અને ૧૦૪ રન બનાવ્યા. આ તેની ટેસ્ટ કારકિર્દીની ૩૭મી અને ભારત સામે ૧૧મી સદી હતી, રૂટે ઈંગ્લેન્ડમાં રમતી વખતે પોતાના ૭,૦૦૦ ટેસ્ટ રન પૂરા કર્યા. તે ઈંગ્લેન્ડમાં આ આંકડાને સ્પર્શનાર પ્રથમ બેટ્સમેન બન્યો. રૂટે ભારત સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ૪,૦૦૦ રન પણ પૂરા કર્યા છે.

લોર્ડ્સ ટેસ્ટના બીજા દિવસે નવા બોલને લઈને ઘણો વિવાદ થયો

# બ્રિટિશરોની ટીમ ઈન્ડિયા સાથે બેઈમાની કેપ્ટન ગિલની અમ્પાયર સાથે ઉગ્ર દલીલ

લોર્ડ્સ,તા.૧૧

લોર્ડ્સ ટેસ્ટના બીજા દિવસે નવા બોલને લઈને ઘણો વિવાદ થયો હતો. બીજા દિવસની રમત શરૂ થતાં જ ભારતીય બોલિંગ અંગ્રેજી બેટ્સમેનો પર પ્રભુત્વ ધરાવતી જોવા મળી. જસપ્રીત બુમરાહ આવતાની સાથે જ તેણે સેટ બેટ્સમેન જો રૂટ અને બેન સ્ટોક્સને ક્લીન બોલ્ડ કરીને પેવેલિયન મોકલી દીધા. આ પછી, ઈનિંગ્સની ૯૧મી ઓવરમાં, ભારતે બોલ બદલવાનું કહ્યું, જે સ્વીકારવામાં આવ્યું પરંતુ કેપ્ટન ગિલ અને ભારતીય ખેલાડીઓ ટીમ ઈન્ડિયાને બદલામાં મળેલા બોલથી નાખુશ દેખાતા હતા. આ શ્રેણીમાં આ પહેલી વાર નથી જ્યારે



બોલને લઈને હોબાળો થયો હોય. હેડિંગ્લીમાં પણ બોલની સ્થિતિને લઈને અમ્પાયર અને ઋષભ પંત વચ્ચે દલીલ થઈ હતી. ચાલો જાણીએ લોર્ડ્સમાં થયેલા આ યુદ્ધની આખી વાર્તા. પહેલા દિવસે, ટીમ ઈન્ડિયાએ ૮૦.૧ ઓવર પછી નવો બોલ લેવાનો નિર્ણય લીધો હતો. બીજા દિવસે, જ્યારે બોલનો આકાર બગડી ગયો, ત્યારે તેને ફરીથી બદલવામાં આવ્યો. આ જોઈને ગિલ ખૂબ ગુસ્સે થયો અને અમ્પાયર સાથે દલીલ કરવા લાગ્યો. આ પછી, જ્યારે સિરાજ બોલિંગ કરવા આવ્યો, ત્યારે તેને સ્ટમ્પ માઈકમાં કહેતા સાંભળવામાં આવ્યો, આ ૧૦ ઓવરનો જૂનો બોલ છે, ખરેખર? ભારતીય ખેલાડીઓના ચહેરા જોઈને સ્પષ્ટપણે અનુમાન લગાવી શકાય છે કે તેઓ બદલાયેલા બોલથી ખુશ નથી કારણ કે તે ખૂબ જૂનો લાગે છે. જો બોલ બદલવાનો નિર્ણય લેવામાં આવે છે, તો આવી સ્થિતિમાં અમ્પાયરો જ નક્કી કરે છે કે કયો બોલ બોલિંગ માટે આપવામાં આવશે. આ મેચમાં પણ આવું જ કંઈક જોવા મળ્યું. જ્યારે અમ્પાયર બોક્સમાંથી બોલ ઉપાડી રહ્યા હતા, ત્યારે કેપ્ટન ગિલ અને સિરાજ ત્યાં ઉભા રહીને જોઈ રહ્યા હતા.

એશિયા કપ પહેલા પાકિસ્તાનનો નવો ડ્રામા

# જો ભારતમાં ખતરો હશે તો ટીમને ત્યાં નહીં મોકલીએ : પીએચએફ

ઈસ્લામાબાદ, તા.૧૧

ભારત-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ થયા બાદ તેની અસર રમત-ગમત પર પડી રહી છે. ભારતમાં ૨૭ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર દરમિયાન બિહારના રાજગીરમાં હોકી એશિયા કપ-૨૦૨૫ યોજાવાનો છે, જેમાં કેન્દ્ર સરકારે પાકિસ્તાનની હોકી ટીમને પણ આવવાની મંજૂરી આપી દીધી છે, જોકે હવે પાકિસ્તાને નવો ડ્રામા શરૂ કરી દીધો છે. આતંકવાદીઓને પોશનારા પાકિસ્તાનનું હોકી ફેડરેશન ભારતમાં આવી સુરક્ષાની તપાસ કરવા માંગે છે.

પાકિસ્તાન આગામી મહિને યોજાનાર હોકી ટુર્નામેન્ટમાં અને આ વર્ષના અંતે યોજાનાર જૂનિયર વર્લ્ડકપમાં ભાગ લેવા માટે ભારત આવી શકે છે. સરકારે પાકિસ્તાન હોકી ટીમને મંજૂરી આપી દીધી છે. જોકે પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF) સત્તાવાર નિવેદન જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. ફેડરેશનના એક અધિકારીએ કહ્યું કે, 'અમે અમારી હોકી ટીમને ભારત મોકલતા પહેલા ત્યાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરીશું. જો ભારતમાં કોઈ ખતરો હશે તો અમે અમારી ટીમને ત્યાં નહીં મોકલીએ.'

ફેડરેશનના અધિકારીએ કહ્યું કે, 'ભારતના ઓપરેશન સિંદૂર બાદ પ ાકિસ્તાની નાગરિકો માટે ભારતનો પ્રવાસ કરવો સુરક્ષિત નથી.

ભારતમાં યોજાનાર હોકી ટુર્નામેન્ટમાં અમારી રાષ્ટ્રીય હોકી ટીમને મોકલવા માટે સંબંધિત મંત્રાલયોની સલાહ અને મંજૂરી માંગવામાં આવી છે.' પીએચએફના મહાસચિવ રાણા મુજાહિદે કહ્યું કે, 'અમારી સરકારની મંજૂરી મળ્યા બાદ અમે અમારી ટીમને ભારત મોકલીશું. પીએચફ હોકી ટીમના ખેલાડીઓને સોશિયલ મીડિયા પર અપાતી ધમકીઓ પર નજર રાખી રહ્યું છે.'

બિહારના રાજગીરમાં હોકી એશિયા કપ-૨૦૨૫ની શરૂઆત થવાની છે. આ ટુર્નામેન્ટ ૨૭ ઓગસ્ટથી સાત સપ્ટેમ્બ સુધી રમાવાની છે. રિપોર્ટ મુજબ રમત-ગમત મંત્રાલયે પાકિસ્તાની ટીમને ભારત આવવા મંજૂરી આપી દીધી છે. એશિયા કપ મેન્સ ટી૨૦ એશિયા કપ ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થઈ શકે છે. આ ટુર્નામેન્ટ ૪ કે ૫ સપ્ટેમ્બરથી શરૂ થઈ શકે છે અને ૨૧ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. તે જ સમયે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ UAEમાં યોજાવાની ધારણા છે.

કાલે કિંગ્સ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં મેદાનમાં ઉતરશે

# ઓસ્ટ્રેલિયા માટે ૧૦૦ ટેસ્ટ રમવી એ મોટી સિદ્ધિ : સ્ટાર્ક

## ઓસ્ટ્રેલિયાના ૪૭૧ ટેસ્ટ ક્રિકેટરોમાંથી સ્ટાર્ક ૧૦૦ ટેસ્ટ મેચની સિદ્ધિ હાંસલ કરનાર ૧૫મો ખેલાડી

કિંગ્સ્ટન,તા.૧૧

રવિવારે પોતાની ઐતિહાસિક ૧૦૦મી ટેસ્ટ મેચ પહેલા, ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બોલર મિશેલ સ્ટાર્કે પોતાની કારકિર્દીના ઉતાર-ચઢાવ અને ઈજાઓ સામે લડતા પોતાના અનુભવો શેર કર્યા. તેમણે સમજાવ્યું કે કેવી રીતે તેમણે ટેસ્ટ ક્રિકેટમાં કાયમી છાપ છોડવા માટે પડકારોનો સામનો કર્યો. સ્ટાર્કે આ સિદ્ધિને "મોટા સન્માન" તરીકે વર્ણવી અને કહ્યું કે જ્યારે તે રમતમાંથી નિવૃત્તિ લેશે ત્યારે તે તેના પર વિચાર કરશે. રવિવારે કિંગ્સ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં મેદાનમાં ઉતરશે ત્યારે સ્ટાર્ક આ સિદ્ધિ મેળવનાર બીજો ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર બનશે. આ પહેલા ગ્લેન મેકગ્રા આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. ડે-નાઈટ મેચમાં ઓસ્ટ્રેલિયા પાસે શ્રેણી ક્લીન સ્વીપ કરવાની પણ તક હશે. સ્ટાર્કે તેની ૧૦૦મી ટેસ્ટ મેચ પહેલા વાત કરી. વાતચીતમાં, તેમણે તેમની શારીરિક સંભાળ અને ખંત વિશે વાત કરી. તેમણે કહ્યું, "મેં મારા શરીરનું ધ્યાન રાખ્યું છે અને ઈજાઓ વચ્ચે પણ મારી જાતને ફિટ રાખવાના રસ્તાઓ શોધી કાઢ્યા છે જેથી હું ટીમમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકું." ઓસ્ટ્રેલિયાના ૪૭૧ ટેસ્ટ ક્રિકેટરોમાંથી સ્ટાર્ક ૧૦૦ ટેસ્ટ મેચની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરનાર માત્ર ૧૫મો ખેલાડી છે. તેણે કહ્યું, "હું પહેલા પણ એવો ખેલાડી રહ્યો છું જેને ઈજા થઈ છે અને ટીમને એક ખેલાડી ઓછો ફટકો પડ્યો છે, અને હું ફરી ક્યારેય એવું કરવા માંગતો નથી. તેથી જ્યારે વસ્તુઓ સારી ન ચાલી રહી હોય, અથવા દુખાવો થતો હોય, અથવા હું કોઈ વસ્તુથી પરેશાન હોઉં, ત્યારે પણ આગળ વધવા અને મેચ પૂરી કરવા અને અસરકારક રહેવાના રસ્તાઓ શોધવાનું મહત્વપૂર્ણ છે. આ પ્રક્રિયા છે. મને મારી ફિટનેસ જાળવવામાં ટ્રેનર્સ અને ફિઝિયોથેરાપિસ્ટ તરફથી પણ ઘણી મદદ મળી, અને મારા શ્રેષ્ઠ સાથીઓએ પણ મને મદદ કરી, જેથી હું રમવાનું ચાલુ રાખું અને ટીમનો ભાગ રહ્યો." સ્ટાર્ક તેની ૧૦૦મી ટેસ્ટ મેચમાં કિંગ્સ્ટનમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવાની નજીક છે. ૯૯ ટેસ્ટ મેચોમાં ૩૯૫ વિકેટ લેનાર સ્ટાર્કે ૪૦૦ ટેસ્ટ વિકેટનો આંકડો પૂર્ણ કરવા માટે માત્ર પાંચ વિકેટની જરૂર છે. જો તે વેસ્ટ ઈન્ડિઝ સામેની આ મેચમાં આ સિદ્ધિ હાંસલ કરશે, તો તે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર ગ્લેન મેકગ્રા સાથે ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ લેનારા ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરોની વિશિષ્ટ ક્લબમાં જોડાશે. મેકગ્રાથે પોતાના કરિયરમાં ૧૨૪ ટેસ્ટમાં ૫૬૩ વિકેટ લીધી હતી. તેમણે કહ્યું, "હું પહેલા પણ એક એવો ખેલાડી રહ્યો છું જેને ઈજા થઈ છે અને ટીમને એક ખેલાડી ઓછો આંચકો લાગ્યો છે, અને હું ક્યારેય એવું ફરી કરવા માંગતો નથી.



અજબ ગજબ

જાપાનમાં એક અનોખો ટ્રેન્ડ : પ્રખ્યાત હોટેલ ચેઈનએ એક હૃદયસ્પર્શી પહેલ શરૂ કરી

# અદભૂત હોટેલ, માણસો માટે પલંગ, રમકડાંની સાથે કપડાંની પણ સુવિધા



જાપાનમાં એક અનોખો ટ્રેન્ડ વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યો છે - લોકો તેમના સ્ટફ્ડ રમકડાં સાથે રજાઓ ગાળવા જઈ રહ્યા છે અને હવે આ ટ્રેન્ડ અપનાવીને, જાપાનની પ્રખ્યાત હોટેલ ચેઈનએ એક હૃદયસ્પર્શી પહેલ શરૂ કરી છે

તમે ઘણી હોટલોમાં રોકાયા હશો. ઘણી જગ્યાએ પાળતુ પ્રાણીઓને મંજૂરી છે, ઘણી જગ્યાએ વહેલા ચેક-ઈન જરૂરી છે અને મોડી ચેક-આઉટ ઉપલબ્ધ છે. કેટલાક યુગલો રોમેન્ટિક ક્ષણો વિતાવવા જાય છે જ્યારે કેટલીક પરિવારો માટે સારા વિકલ્પો છે. એકંદરે, વિવિધ પ્રકારની હોટલો છે. પરંતુ જાપાનમાં એક એવી હોટલ છે, જે તમે પહેલાં ક્યારેય જોઈ કે સાંભળી નહીં હોય. આ હોટલમાં, લોકો તેમના રમકડાં સાથે લઈ જઈ શકે છે અને તેમને



સૂવા માટે પલંગ આપવામાં આવે છે.

દુનિયાભરના લોકો પોતાના પાલતુ પ્રાણીઓ સાથે મુસાફરી કરવાનું પસંદ કરે છે, પરંતુ જાપાનમાં એક અનોખો ટ્રેન્ડ વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યો છે - લોકો પોતાના સ્ટફ્ડ રમકડાં સાથે રજાઓ ગાળી રહ્યા છે અને હવે આ ટ્રેન્ડ અપનાવીને, જાપાનની પ્રખ્યાત હોટેલ ચેઈન ટોયોકોં દ્વ્ર એ એક હૃદયસ્પર્શી પહેલ શરૂ કરી છે. ટોયોકોં દ્વ્ર એ ૨૫ જૂનથી એક નવી સેવા શરૂ કરી છે, જેમાં હોટેલમાં રોકાતા મહેમાનો ફક્ત ૩૦૦ યેન (લગભગ □૧૭૦) માં તેમના સ્ટફ્ડ રમકડાં માટે એક મીની બેડ અને રમકડાના કદના પાયજામા મેળવી શકે છે. આ સેવા ખાસ કરીને એવા પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવી છે જેઓ એકલા મુસાફરી કરવાને બદલે તેમના મનપસંદ કાર્ટૂન અથવા સ્ટફ્ડ રમકડાં પોતાની સાથે રાખે છે.

એક હોટલના પ્રતિનિધિએ જણાવ્યું કે તે પોતે ઘણીવાર પોતાના ભરેલા રમકડાં સાથે મુસાફરી કરે છે અને તેમને આશા છે કે આ સેવા ખાસ કરીને જનરેશન ઝેડ (નવી પેઢી) ના હૃદયને સ્પર્શી જશે. આ સેવાને મળેલા ઉત્તમ પ્રતિસાદ પછી, હવે જાપાનના અન્ય શહેરોમાં પણ તેને શરૂ કરવાની યોજના છે. આ ટ્રેન્ડ હેઠળ, જાપાન અને ચીનના યુવાનો પોતાના ભરેલા રમકડાંને સુંદર કપડાં પહેરાવીને બેગ, ટ્રેન, ફ્લાઈટ અને હોટલના રૂમમાં પોતાની સાથે રાખે છે. આવી તસવીરો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહી છે.એક પ્રવાસી દર વખતે ચીકાવા નામના શરમાળ સફેદ હેમ્સ્ટરને પોતાની સાથે લઈ જાય છે. તે તેને હોટલના પલંગ પર સુવડાવે છે, રેસ્ટોરન્ટમાં લઈ જાય છે અને તેને વિવિધ સુંદર કપડાં પહેરાવે છે. બીજા એક વ્યક્તિએ બુલેટ ટ્રેનમાં બે ભરેલી માછલીઓનો ફોટો પોસ્ટ કર્યો અને લખ્યું, "મારી માછલી બારી બહાર જોવાનું પસંદ કરે છે, તે એટલી ખુશ હતી કે તે તેના પેટ પર પલટી ગઈ." ચીનના મનોવૈજ્ઞાનિક સલાહકાર વાંગ લિયુકેંગના જણાવ્યા અનુસાર, આ રમકડાં લોકોને ભાવનાત્મક ટેકો પૂરો પાડે છે. "તેઓ કંઈ કહેતા નથી કે ન્યાય કરતા નથી, તેઓ હંમેશા ત્યાં હોય છે. તે બિનશરતી પ્રેમ જેવું છે." આ ટ્રેન્ડ ચીનમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ સંબંધિત હેશટેગ્સ સોશિયલ મીડિયા પર ૧ કરોડથી વધુ વખત જોવામાં આવ્યા છે.

## પાછલાં ત્રિમાસિક ગાળાની તુલનામાં વિવિધ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિમાં તેજી તરફ નિર્દેશ

# નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન ભારતની વપરાશ માગમાં સુધારો થવાની શક્યતા

### વાહન નોંધણી, ડીઝલ વપરાશ, રાજ્ય મહેસૂલ સંગ્રહ અને ઈ-વે બિલ ઉત્પાદન જેવી પ્રવૃત્તિનું સ્તર ઊંચું



નવી દિલ્હી, તા.૧૧

બેંક ઓફ બરોડાના રિપોર્ટ મુજબ, સ્થાનિક ફુગાવો અનુકૂળ રહે છે, જે આગળ નરમ નાણાકીય નીતિની શક્યતા દર્શાવે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રીટેલના વપરાશમાં વૃદ્ધિએ વેગ પકડ્યો છે. ચાલો આ વિશે વિગતવાર જાણીએ.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (Q1FY26) ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થતંત્રમાં વપરાશ માંગમાં સુધારો થવાના સંકેતો દેખાઈ રહ્યા છે. બેંક ઓફ બરોડાના તાજેતરના અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. આ અહેવાલમાં એવા સૂચકાંકો વિશે વાત કરવામાં આવી છે જે પાછલા ત્રિમાસિક ગાળાની તુલનામાં વિવિધ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિમાં તેજી તરફ નિર્દેશ કરે છે. નાણાકીય વર્ષ ૨૬ ના પહેલા ક્વાર્ટર માટે અત્યાર સુધી ઉપલબ્ધ ઉચ્ચ આવર્તન ડેટા દર્શાવે છે કે વપરાશ માંગ પાછલા ક્વાર્ટરની તુલનામાં સુધરી રહી છે. સ્થાનિક ફુગાવો નરમ રહે છે જે નરમ નાણાકીય નીતિ દર્શાવે છે, અહેવાલમાં જણાવાયું છે.

રિપોર્ટ અનુસાર, સોફ્ટ મોનેટરી પોલિસી ભવિષ્યમાં પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. રોકાણકારો એવું માની રહ્યા છે કે ભારત અને અમેરિકા વચ્ચે ૧ ઓગસ્ટની સમયમર્યાદા પહેલા વેપાર કરાર થઈ જશે. જો આવું થશે, તો રૂપિયાને વધુ ટેકો મળી શકે છે. રિપોર્ટ અનુસાર, સ્થાનિક ફુગાવો અનુકૂળ રહે છે, જે આગળ જતાં નરમ નાણાકીય નીતિની શક્યતા દર્શાવે છે. રિપોર્ટમાં એમ જણાવાયું છે કે રીટેલના વપરાશમાં વૃદ્ધિએ વેગ મળ્યો છે. આનો અર્થ એ છે કે માળખાગત સુવિધાઓ અને બાંધકામ પ્રવૃત્તિઓમાં વધારો થઈ રહ્યો છે. વધુમાં, ઇલેક્ટ્રોનિક આયાતમાં વધારો થયો છે. જે સ્થાનિક અને ઔદ્યોગિક માંગમાં વધારો દર્શાવે છે. પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન કેન્દ્ર સરકારના મહેસૂલ ખર્ચમાં પણ વધારો થયો છે, જે દર્શાવે છે કે વપરાશ વધુ મજબૂત થઈ રહ્યો છે.

રિપોર્ટમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં પણ સુધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૬ ના પહેલા ક્વાર્ટરમાં સેવાઓ ખરીદ વ્યવસ્થાપકો સૂચકાંક (PMI), વાહન નોંધણી, ડીઝલ વપરાશ, રાજ્ય મહેસૂલ સંગ્રહ અને ઈ-વે બિલ ઉત્પાદન જેવા સૂચકાંકોએ પ્રવૃત્તિનું સ્તર ઊંચું દર્શાવ્યું હતું. ચોમાસાની પ્રવૃત્તિ પણ સારી રહી છે, ૯ જુલાઈ, ૨૦૨૫ સુધીનો વરસાદ લાંબા ગાળાના સરેરાશ (LPA) કરતા ૧૫ ટકા વધુ રહ્યો છે. આ ગ્રામીણ માંગ અને કૃષિને વધુ ટેકો આપી શકે છે.

## ચૈતર વસાવાનો જેલવાસ લંબાયો: જામીન અંગેનો નિર્ણય સોમવારે લેવાશે

રાજપીપળા,તા.૧૧

નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.હાલમાં વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા વસાવાની જામીન અરજી પર ૧૧ જુલાઈ જિલ્લા કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી.પરંતુ જામીન અંગેનો નિર્ણય સોમવાર બપોર પછી લેવાનો નિર્ણય કોર્ટે કરતા ચૈતર વસાવાનો જેલવાસ લંબાયો છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે ૯ મી જુલાઈએ ડેડિયાપાડા પોલીસે એફિડેવિટ એટલે કે સોગંદનામું રજૂ કરવામાં નિષ્ફળ રહેતા સુનાવણી ૧૦ જુલાઈ, ૨૦૨૫ પર મુલતવી રાખવામાં આવી હતી. ડેડિયાપાડા પોલીસે એફિડેવિટ એટલે કે સોગંદનામું રજૂ કર્યા બાદ રાજપીપળા સેશન્સ કોર્ટમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અંગે ૧૧ જુલાઈ બપોરે ૩ વાગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.લગભગ ૨ કલાક બંનેવ પક્ષના વકીલની ધારદાર દલીલો કોર્ટે સાંભળી હતી. બંનેવ પક્ષના વકીલની દલીલો સાંભળ્યા બાદ ચૈતર વસાવાને જામીન આપવા કે કેમ એ અંગેનો નિર્ણય સોમવારે બપોરે લેવાનું કોર્ટે નક્કી કર્યું છે.આ ધારાસભ્ય ચૈતર વસાવાનો જેલવાસ લંબાયો છે.આ કેસમાં ધીમી ગતિએ ચાલી રહેલી કાનૂની પ્રક્રિયાને કારણે ચૈતર વસાવાને જેલમાંથી બહાર આવવા માટે વધુ રાહ જોવી પડી શકે છે.

## રાજપીપળા નજીક રાણીપુરા ગામ નજીક સામૂહિક બળાત્કારની ઘટના

રાજપીપળા,તા.૧૧

રાજપીપળા નજીક રાણીપુરા ગામ નજીક સામૂહિક બળાત્કારની ઘટનાથી ખળભળાટ મચ્યો છે.આ ઘટના બાદ યુવતીની ફરિયાદને આધારે રાજપીપળા પોલીસે રાણીપુરા ગામ નજીકના ધોળીવાવ ગામના બે લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત મુજબ એક યુવતી ૯ મી જુલાઈના રોજ રાત્રીના ૮ વાગ્યાની આસપાસ રાણીપુરા બસ સ્ટેન્ડ પરથી સામે કિનારે આવેલા ધોળીવાવ તરફ જઈ રહી હતી ત્યારે મોટર સાયકલ પર જઈ રહેલા ધોળીવાવના પ્રફુલ લાલા વસાવા તથા સુમિત સુરેશ વસાવાએ મોટર સાયકલ ઊભી રાખી યુવતીનું મોઢું દબાવી એને મોટર સાયકલ વચ્ચે બેસાડી દઈ રાણીપુરા બસ સ્ટેન્ડ અને રાણીપુરા ગામની વચ્ચે આવેલ કેનાલ પર લઈ ગયા હતા.જ્યાં બંનેવ યુવકોએ યુવતીને પહેલા માર માર્યો અને પછી બન્નેવે યુવતીની મરજી વિરુદ્ધ વારા ફરથી બળાત્કાર કર્યો હતો. રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદ આપતા રાજપીપળા પોલીસે પ્રફુલ લાલા વસાવા તથા સુમિત સુરેશ વસાવા વિરુદ્ધ ગુનો દાખલ કરી.

## સેન્સેક્સ ૬૯૦ પોઈન્ટ ઘટીને ૮૨,૫૦૦ પર બંધ: નિફ્ટી પણ ૨૦૫ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા.૧૧

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, શુક્રવાર (૧૧ જુલાઈ)ના રોજ, સેન્સેક્સ ૬૯૦ પોઈન્ટ ઘટીને ૮૨,૫૦૦ પર બંધ થયો. નિફ્ટી ૨૦૫ પોઈન્ટ ઘટીને ૨૫,૧૫૦ પર બંધ થયો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૩ શેરો ઘટ્યા અને ૭ વધ્યા. TCS, મહિન્દ્રા અને ટાટા મોટર્સ સહિત કુલ ૧૪ શેરો ૧% ઘટીને ૩.૫% ઘટીને બંધ થયા. હિન્દુસ્તાન યુનિલિવર ૪.૬૫% વધીને બંધ થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૯ શેરો ઘટ્યા અને ૧૧ વધ્યા. NSE IT ૧.૭૮%, Auto ૧.૭૭%, મીડિયા ૧.૬૦% અને Realty શેરો ૧.૨૧% ઘટીને બંધ થયા. તે જ સમયે, FMCG, ફાર્મા અને હેલ્થકેર ઊંચા બંધ થયા.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૦.૧૩% ઘટીને ૩૯,૫૯૪ પર અને કોરિયાનો કોસ્પી ૦.૦૨૩% ઘટીને ૩,૧૮૩ પર બંધ રહ્યો હતો.હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૧.૩૯% વધીને ૨૪,૩૫૫ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૭૮% વધીને ૩,૫૩૭ પર બંધ થયો. ૧૦ જુલાઈના રોજ અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૪૩% વધીને ૪૪,૬૫૧ પર બંધ થયો. દરમિયાન, નાસ્ડેક કમ્પોઝિટ ૦.૦૯% વધીને ૨૦,૬૩૧ પર અને S&P 500 ૦.૨૭% વધીને ૬,૨૮૦ પર બંધ થયો. ૧૦ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૨૨૧.૦૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી અને સ્થાનિક રોકાણકારો (DII) એ રૂ. ૫૯૧.૩૩ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૫,૧૭૯.૯૯ કરોડના શેર વેચ્યા છે. દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન રૂ. ૮,૮૪૪.૩૫ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે.જૂન મહિનામાં, વિદેશી રોકાણકારો દ્વારા ચોખ્ખી ખરીદી રૂ. ૭,૪૮૮.૯૮ કરોડની રહી હતી.

---

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

No. DRM/TRD/BVP/2025-26/01 Dt.09.07.2025

પ્લેટફોર્મ ના વિસ્તરણના સંદર્ભમાં TRD કામ

ટેન્ડર નં.: 02-TRDBVP-2025-26-R

ડિવિઝનલ રેલ્વે મેનેજર (TRD) પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઈ-ટેન્ડર મંગાવી રહ્યા છે.

કામનું નામ: ઉપલેટા રેલ્વે સ્ટેશન પર ઉચ્ચ સ્તર સાથે પ્લેટફોર્મ નં. 01 ના વિસ્તરણના સંદર્ભમાં TRD કામ

ટેન્ડર રકમ: ₹30, 56, 516.79/- | EMD રકમ: ₹ 61,100/-

ટેન્ડર ફી: NIL

સરનામું: DRM (ટ્રેક્શન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા-364003

બિડરોએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૪.૦૮.૨૦૨૫ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી રહેશે. BVP 074

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 075 વર્ષ 2025-26

TKM, TRR (S) અને અન્ય સંકળાયેલ કામો

ટેન્ડર નં. DRM BRC 075 વર્ષ 2025-26

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા- 390004 નીચેના કામો માટે દ્વારા સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ: વડોદરા ડિવિઝન CTR (S)-4.230 Tkm, TRR (S)-6.318 Tkm 1 અને સિનિયર DEN સાઉથ BRC ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય સંકળાયેલ કામો.(ફરીથી આમંત્રિત) (R-1)

કામની અંદાજિત કિંમત (રૂ.માં): ₹ 2,66,58,919.00

જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં): ₹ 2,83, 300.00

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર 01.08.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું રહેશે, અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું રહેશે.

વેબસાઇટ વિગતો અને સ્થાન માટે સૂચના જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ટેન્ડર ફાર્મ ખરીદી શકાય છે તે ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (WA /C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4 વેબસાઇટ www.ireps.gov.in BRC102

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

વિવિધ પ્રકારના ટ્રેક્શન બોન્ડ અને અર્થિંગ સ્ટેશનની બદલી

ટેન્ડર નંબર: EL-TRD-ટેન્ડર-25-26-08

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (કર્ષણ વિતરણ) પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, વડોદરા -390004 નીચેના કામો માટે ટેન્ડર આમંત્રિત કરે છે.

કામનું નામ: વડોદરા વિભાગના સુરત વડોદરા વિભાગમાં વિવિધ પ્રકારના ટ્રેક્શન બોન્ડ અને અર્થિંગ સ્ટેશનની બદલી.

કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં): ₹15,70,187/-

બિડ સિક્યોરિટી (રૂ.માં): ₹31,400/-

ટેન્ડર દસ્તાવેજોની કિંમત અને સમાપ્તિ અવધિ: પૂર્ણતા સમયગાળો 12 મહિના

ટેન્ડરની શિડ્યૂલ: ટેન્ડર સમાપ્તિ તારીખ 11/08/2025 અને બંધ કરવાનો સમય તે જ તારીખે 15-00 કલાકે.

વેબ પેજ પર વિગતો અને સ્થાનની માહિતી જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે, કાર્યાલયનું સરનામું અને સમજૂતી: ડિવિઝનલ રેલવે મેનેજર (કર્ષણ વિતરણ) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390004

વેબસાઇટ @ www.ireps.gov.in BRC104

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

આશિદા મેક SCADA સિસ્ટમનો વાર્ષિક જાળવણી કરાર (AMC)

ટેન્ડર નંબર: EL-TRD-ટેન્ડર-25-26-05

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (કર્ષણ વિતરણ) પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, વડોદરા -390004 નીચેના કામો માટે ટેન્ડર આમંત્રિત કરે છે.

કામનું નામ: વડોદરા ડિવિઝનના વિવિધ TSS પર સ્થાપિત ઊર્જા વ્યવસ્થાપન પ્રણાલી (EMS) અને RTU માટે આશિદા મેક SCADA સિસ્ટમનો વાર્ષિક જાળવણી કરાર (AMC).

કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં): ₹20,00,000/-

બિડ સિક્યોરિટી (રૂ.માં): ₹40,000/-

ટેન્ડર દસ્તાવેજોની કિંમત અને સમાપ્તિ અવધિ: સમાપ્તિ અવધિ 24 મહિના

ટેન્ડરની શિડ્યૂલ: ટેન્ડર સમાપ્તિ તારીખ 11/08/2025 અને સમાપ્તિ સમય તે જ તારીખે 15:00 કલાકે.

વેબ પેજ પર વિગતો અને સ્થાનની માહિતી જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે, કાર્યાલયનું સરનામું અને સમજૂતી: ડિવિઝનલ રેલવે મેનેજર (કર્ષણ વિતરણ) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390004

વેબસાઇટ @ www.ireps.gov.in BRC103

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

---

**બેંક ઓફ બરોડા-પ્રતાપ નગર શાખા,** બરોડ સીટી રીજન, બરોડા ઝોન, અપ્સરા સ્કાયલાઇન બિલ્ડીંગ, અલ્પના ટોકીઝ પાસે, પ્રતાપ નગર બરોડા-૩૯૦૦૦૪. ફોન નંબર ૦૨૬૫-૨૪૧૪૫૯૯ મો. ૬૧૮૭૫૮૬૧૩૨ ઇમેલ-: Prabar@bankofbaroda.com

APPENDIX IV [See Rule 8(I)] **મિલકતના કબજાને લગતી સુચના** (અચલ મિલકત)

નીચે સહી કરનાર સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ -૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીની રૂઇએ નીચે જણાવેલ બાકી કરજદાર / જામીનદાર /મોર્ટગેજર ઉર્વશી અનિલકુમાર ચૌહાણ અને અનિલ કુમાર ચૌહાણ ને ડીમાન્ડ નોટીસ તા.૨૫.૦૪.૨૦૨૫ ના પાઠવીને નોટીસ માં બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ રૂા. ૯,૩૨,૫૬૦.૦૦ (રૂા. નવ લાખ બત્રીસ હજાર પાંચસો સાંઇઠ પુરા) તા. ૨૩.૦૪.૨૦૨૫ના રોજ (૨૩-૦૪-૨૦૨૫ સુધીના વ્યાજ સહિત) સાથે નોટિસની તારીખ/ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર વધુ વ્યાજ અને ખર્ચ સાથે પરત કરવા જણાવ્યુ હતું.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર નીચે જણાવેલી રકમોની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આપેલા કોષ્ટકમાં દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૮ ને સબંધીત કલમ ૧૩(૪) સાથે વટહુકમ એક્ટ વાંચતા તેને/તેણીને પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર મિલકત નો કબજો તા.૦૭.૦૭.૨૦૨૫ના રોજ લીધો છે.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર તથા સામાન્ય સંદર્ભમાં જાહેર જનતાને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, બેંક ઓફ બરોડા, પ્રતાપનગર શાખા ની લેણી રકમ રૂા. ૯,૩૨,૫૬૦.૦૦ (રૂા. નવ લાખ બત્રીસ હજાર પાંચસો સાંઇઠ પુરા) તા. ૨૩.૦૪.૨૦૨૫ના રોજ અને તેના પર વ્યાજ ઉપરાંત અન્ય શુલ્ક.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેકશન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકશન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઇ કરવામાં આવી છે.

**અચલ સંપતી નું વર્ણન**

સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા નો ફ્લેટ નં. ૧૦૫, પહેલો માળ, ત્રિમૂર્તિ એવન્યુ, ઝેનિથ સ્કૂલ પાસે, પ્રતાપનગર-ડભોઇ રોડ, ગોડી રોડ, પ્રતાપનગર, વડોદરા, ગુજરાત, ક્ષેત્રફળ ૩૪.૪૦ ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા આર.એસ. નં. ૨૧૨ પૈકી, સિટી સર્વે નં. ૩૧૦૭, પ્લોટ નં. ૪ ક્ષેત્રફળ ૬૮૮ ચોરસ મીટર રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ-વડોદરામાં છે અને ચતુર્સીમા: પૂર્વ: ખુલ્લો આકાશ, પશ્ચિમ: કોમન પેસેજ અને ફ્લેટ નં. ૧૦૪, ઓટીએસ, ઉત્તર: ફ્લેટ નં. ૧૦૪, દક્ષિણ: ફ્લેટ નં. ૧૦૬.

તા.: ૦૭.૦૭.૨૦૨૫ સ્થળ: વડોદરા | નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા

---

**વેચાણ / વસુલાત અધિકારીશ્રી ની કચેરી**

ગુજરાત સરકારશ્રી અધિકૃત

**C/o. ઠે. ધી બરોડા પીપલ્સ કો. ઓ. બેંક લી. (ફ) , વડોદરા.**

રાજમહેલ રોડ, વડોદરા

(ગુજરાત સહકારી મંડળી નિયમો - ૧૯૬૫ ના કલમ : ૧૫૯ તથા નિયમો ૯૬ થી ૧૩૯ હેઠળ)

**જાહેર વેચાણ પ્રસ્તાવ - ત્રીજો પ્રયત્ન**

ધી બરોડા પીપલ્સ કો. ઓ. બેંક લી. (ફ) , હેડ ઓફિસ, રાજ મહેલ રોડ, વડોદરા દ્વારા હકુમત ધરાવતી કોર્ટમાં બાકીદારો સામે બેંકની મુદ્દતવીતી બાકી લેણી રકમ વસુલ લેવા માટે દાવો કરેલ, સદર બાકીદારો / પ્રતિવાદીઓની હર કોઇ સ્થાવર જંગમ મિલકત થકી વસુલાત માટે વસુલાત ની કાર્યવાહીના ભાગ રૂપે અત્રેની કચેરી દ્વારા અગાઉ બે વખત જાહેર નોટીસ આપવામાં આવેલ તેમજ ત્રીજા પ્રયત્ને તા. ૦૨-૦૭-૨૦૨૫ ના રોજ જાહેર હરાજી અંગે અત્રેની કચેરીએ પ્રસ્તાવ જાહેર કરેલ પરંતુ બહોળી પ્રસિધ્ધી હેતુ ત્રીજા પ્રયત્ને જાહેર હરાજી અંગેની વર્તમાનપત્રમાં નિવેદા આપવામાં આવે છે. સદર હરાજીમાં ભાગ લેવા ઇચ્છુકે અત્રની કચેરીએથી અમો નીચે સહી કરનારાઓનો તા. ૧૪/૦૭/૨૦૨૫ થી તા. ૧૮/૦૭/૨૦૨૫ સુધીમાં બપોરે ૧૨.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરીને મિલકતની અપસેટ વેલ્યુ અંગેની તેમજ અન્ય વિગતો, શરતો સહીતનું હરાજીમાં ભાગ લેવા બાબતેનું અરજી પત્રક રૂ. ૧૦,૦૦૦/- નોન રીફંડેબલ ફોર્મ ફી ચુકવીને મેળવી લેવું ટેન્ડર **ખોલીને જાહેર હરાજી તારીખ: ૨૫/૦૭/૨૦૨૫ ને શુક્રવારના રોજ ના સવારે ૧૨.૦૦ કલાકે બેંકની હેડ ઓફિસે રાખવામાં આવશે.**

**હરાજી કરવાની મિલકતનું વર્ણન:**

મોજે વડોદરાના સીટી સર્વે સુપ્રિ. વડોદરા-૪ ના વોર્ડ નંબર- ૭ ના સીટી સર્વે નંબર- ૬૨૯/૧ વાળી કુલ્લે ૧૪૮૧.૩૪૩૩ ચોરસ મીટર વાળી સમગ્ર મિલકત કે જે પ્રતાપનગર રોડ, સુમંગલ એપાર્ટમેન્ટની પાછળ આવેલી છે તે સ્થળ ઉપર જે માપ-ક્ષેત્રફળ હશે તે અનુસાર જેમ છે જ્યાં છે જે છે તે સ્થિતીમાં વેચાણ આપવાની છે.

વેચાણ અધિકારી ગુજરાત સરકારશ્રી અધિકૃત | સહી.. અવાચ્ય... તા.૧૨/૦૭/૨૦૨૫ વડોદરા | વસુલાત અધિકારી ગુજરાત સરકારશ્રી અધિકૃત

---

"Save Energy for Benefit of Self & Nation"

MGVCL

**Madhya Gujarat Vij Company Ltd. (O&M) Circle Office, Old Power House, Bhuravav Road, Godhra - 389001. Web site: www.mgvcl.com E&P Dept-GOG:http://guj-epd.gov.in**

Various Web & (n) Procure Tender Id.

S.E.(O&M), MGVCL Circle Office Godhra, Dahod & Halol Division office invites Web & n-procure Tender for Purchase of Single Point Board., Erection of HT/LT Line & TC Maintenance and U.G. works, & AMC for CCTV System works. (n) procure Tender documents available on **Web-site https://mgvcltender.nprocure.com** & Web tender documents available on **www.gseb.com & www.mgvcl.com** (for on line submission, view and download).

Interested venders may surf the above web sites.

Note: Be in touch with our web site till opening of tender.

Superintending Engineer (O&M), MGVCL: CO: Godhra.

---

MGVCL

**MADHYA GUJARAT VIJ COMPANY LTD.**

Baroda City Circle, Navlakhi Compund, Baroda-390001

Website: www.mgvcl.com E&P Dept-GOG: http:/guj-epd.gov.in

**TENDER NOTICE**

Sealed tenders are invited for (1) Providing fabricated PPGL made store room, furniture work and other misc civil work at Lalbaug division under Baroda City Circle (2) Attending Leakage at 11 KV Switching Station and other location under Baroda City Circle (3) ARC for Erection and maintenance of HT, LT & TC at Khodiyarnagar S.DN and any other SDNs under VISHWAMITRI EAST Division office (4) Purchase of Aluminum lugs of various sizes for all subdivisions and TMS under Vishwamitry East Division

Superintending Engineer (O&M) Baroda City Circle

Note: Tender Papers & Specifications etc. may be down loaded from Web site https:tender.nprocure.com(For view, download and online submission) & GUVNL/MGVCL web sites www.guvnl.com & www.mgvcl.com(For view & down load onty). Be in touch with our GUVNL/MGVCL website & n-procure website till opening of the tender.

---

**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ અજમેર વચ્ચે સાપ્તાહિક સુપરફાસ્ટ વિશેષ ટ્રેન ચલાવશે**

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૬૨૨ | બાંદ્રા ટર્મિનસ - અજમેર | ૧૪.૦૭.૨૦૨૫ થી ૨૯.૦૯.૨૦૨૫ | ૦૯:૩૫ કલાક (સોમવાર) | ૦૮:૫૦ કલાક (બીજે દિવસ) |
| ૦૯૬૨૧ | અજમેર - બાંદ્રા ટર્મિનસ | ૧૩.૦૭.૨૦૨૫ થી ૨૮.૦૯.૨૦૨૫ | ૦૬:૩૫ કલાક (રવિવાર) | ૦૪:૧૫ કલાક (બીજે દિવસ) |

રોકાણ: બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, વિક્રમગઢ આલોટ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈમાધોપુર, જયપુર અને કિશનગઢ સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીઝ.

સમય, રોકાણ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૬૨૨ માટે બુકિંગ ૧૨.૦૭.૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે wr.indianrailways.gov.in facebook.com/WesternRly X.com/WesternRly Instagram/WesternRly

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

---

**ઇન્ડિયન ઓવરસીઝ બેંક - બરોડા મેન શાખા**

Indian Overseas Bank Good People To Grow with

૧૫૧/૨-૩, મહેતા પોળ, બેંક રોડ, માંડવી, વડોદરા-૩૯૦૦૦૧. ફોન નં.:૦૨૬૫-૨૫૧૨૬૩૦,૨૫૧૦૬૩૩. ઇમેલ: iob0105@iob.in

પરિશિષ્ટ-૪ નિયમ-૮(૧) કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી **ઇન્ડિયન ઓવરસીઝ બેંક** દ્વારા સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ નાં નિયમ ૩ સાથે વંચાતી સેક્શન ૧૩(૧૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા.૨૦.૧૨.૨૦૨૪ નાં રોજ ડિમાંડ નોટીસ** જારી કરીને કરજદાર **શ્રી તન્મય શિવકુમાર પટેલ સરનામું - ૪૦૧-૪૦૨ મુલાતીત સોસાયટી લાલબાગ પ્લાઝા પાસે માંજલપુર વડોદરા** ને ડિમાંડ નોટિસમાં દર્શાવેલ બાકી નીકળતી લેણી રકમ **રૂા. ૯૩,૪૬,૫૩૨.૦૦ (રૂપિયા ત્રાણું લાખ છેંતાલીસ હજાર પાંચસો બત્રીસ પુરા) તા. ૨૦.૧૨.૨૦૨૪** ના રોજ સાથે તેના પર ના વધુ વ્યાજ કરાર દર મુજબ અને રેટસ, ચાર્જીસ વગેરે વસુલાતની તારીખથી જણાવેલ સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરપાઈ કરવા જણાવેલ છે.

તમો કરજદાર/જામીનદાર/મોર્ટગેજર રકમ ચુકતે કરવામાં નિષ્ફળ ગયા હોવ, આથી કરજદાર અને જાહેરજનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત અધિનિયમના કલમ ૮ સાથે વાંચતા કલમ ૧૩(૪) અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂએ, તે/તેણીએ નીચે વિસ્તૃત વર્ણન મુજબની મિલકતનો **સાંકેતિક કબજો તારીખ ૦૮.૦૭.૨૦૨૫** ના રોજ લીધેલ છે.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને સદર મિલકત સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે તેમજ જો કોઇ પણ વ્યવહાર કરશો તો સદર વ્યવહાર ઇન્ડિયન ઓવરસીઝ બેંક ની લેણી રકમ **રૂા. ૯૯,૮૬,૦૮૨.૧૪ (રૂપિયા નવ્વાણું લાખ છયાંસી હજાર બ્યાંસી અને ચૌદ પૈસા પુરા) તા. ૦૭.૦૭.૨૦૨૫** ના રોજ કરેલ કરાર દર પર વધુ વ્યાજ સાથે ચુકવવાપાત્ર રકમ, વસુલાતની તારીખ સુધી જો કોઇ ઓછી ચુકવણી હોય તો તે ડિમાન્ડ નોટીસ આપ્યા પછી કરવામાં આવેલ છે. કબજો લેવાની તારીખથી ચુકવવાપાત્ર બાકી રકમ **રૂા. ૯૯,૮૬,૦૮૨.૧૪ (રૂપિયા નવ્વાણું લાખ છયાંસી હજાર બ્યાંસી અને ચૌદ પૈસા પુરા) તા. ૦૭.૦૭.૨૦૨૫** ના રોજ કરાર દર પર વધુ વ્યાજ સાથે ચુકવવાપાત્ર રકમ, વસુલાતની તારીખ સુધીના ખર્ચા વગેરે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવા જણાવેલ છે.

કારણ કે ઉપરોક્ત નામના ઉધાર લેનારાઓએ નીચેની ક્રેડિટ સુવિધાઓનો પણ લાભ લીધો છે

| ક્રમ નં | સુવિધા નો પ્રકાર | લિમિટ | વ્યાજ દરો (મુદતવીતી વ્યાજ સહિત) અને બાકીના | કુલ બાકી તા. ૦૭.૦૭.૨૦૨૫ ના રોજ (રૂપિયા માં) |
|---|---|---|---|---|
| 1 | ટર્મ લોન | રૂા.84,75,000.00 | ૧૧.૪૦% (પ્લસ ૨% પેનલ વ્યાજ) | રૂા.83,54,982.69 |
| 2 | કેશ ક્રેડિટ | રૂા.15,00,000.00 | ૧૩.૧૫% (પ્લસ ૨% પેનલ વ્યાજ) | રૂા.16,31,099.45 |

અમારી બેંક પાસેથી મળેલી રકમને ૧૩.૧૨.૨૦૨૪ ના રોજ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. નીચે દર્શાવેલ મિલકતના વેચાણમાંથી બાકી રહેલી રકમ માટે બેંક પાસે પૂર્વાધિકારનો અધિકાર છે.

**મોર્ટગેજ મિલકતનું વર્ણન**

બિન ખેતીલાયક જમીન ના પ્લોટ નો તમામ ભાગ અને હિસ્સો મોજે: કસબા વડોદરા ની જમીન નો (૧) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૪, સી.એસ. નં. ૫૪૯, એરીયા ક્ષેત્રફળ ૧૩.૧૯૨૨ ચોરસ મીટર, (૨) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૪, સી.એસ. નં. ૫૮૦, એરીયા ક્ષેત્રફળ ૩૩૨૪.૩૫૯ ચોરસ મીટર, (૩) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૪૮, સી.એસ. નં. ૫૮૧, એરીયા ક્ષેત્રફળ ૯૪.૩૮૯૮ ચોરસ મીટર, (૪) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૪૭ સી.એસ. નં. ૫૮૩, એરીયા ક્ષેત્રફળ ૧૦૯૮.૮૫૦૬ ચોરસ મીટર. (૫) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૨૦, સી.એસ નં. ૫૮૪, એરીયા ક્ષેત્રફળ ૯૩૩.૧૨૧૧ ચોરસ મીટર (૬) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૧૯ સી.એસ નં. ૫૮૫, એરીયા ક્ષેત્રફળ ૫૦૮૩૬૭ ચોરસ મીટર, (૭) આર.એસ.નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૫ સી.એસ નં. ૬૦૨, એરીયા ક્ષેત્રફળ ૭૫૫.૩૫૫૬ ચોરસ મીટર, (૮) આર.એસ. નં. ૨૩૧/૧ ટિક્કા નં. ૯૩/૨૪, સી.એસ નં. ૬૦૩, વિસ્તાર માપવા ૭૪૩.૯૬૯૮ ચોરસ મીટર. મીટર, (૯) આર.એસ. નં. ૨૩૧/૧, ટિક્કા નં. ૯૩/૨૨ સી.એસ. નં. ૬૦૪, ૫૫૭.૬૦૫૭ ચોરસ મીટરનો વિસ્તાર (૧૦) આર.એસ. નં. ૨૩૧/૧, ટિક્કા નં. ૯૩, સી.એસ. નં. ૬૦૫, એરિયા ક્ષેત્રફળ ૧૪૩૪.૧૫ ચોરસ મીટર પૈકી જમીન ૫૪૦૮.૫૫ ચોરસ મીટરના રસ્તા માટે કાપવામાં આવી છે. જમીન કપાત પછી ૮૧૨.૮૪ ચોરસ મીટર બાકી છે. પૈકી જમીન ૪૩૨૨.૫૯ ચોરસ મીટરના "અપ્સરા સ્કાયલાઇન" ટાવર -એચ, ત્રીજો માળ, દુકાન નં. ૪૯,૫૦,૫૧,૫૨,૫૩, સુપર બિલ્ટ અપ વિસ્તાર ૧૫૪૦.૦૦ ચોરસ ફૂટના રજિસ્ટ્રેશન સબ ઝીલ્લો અને ઝીલ્લો વડોદરા ખાતે અને ચતુર્સીમા: પૂર્વ:- દુકાન નં. ૫૪ દ્વારા, પશ્ચિમ:- શૌચાલય અને પેસેજ, ઉત્તર:- દુકાન નં. ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, દક્ષિણ:- પેસેજ અને મેઇન રોડ.

તારીખ: ૧૨.૦૭.૨૦૨૫ સ્થળ: વડોદરા | નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી ઇન્ડિયન ઓવરસીઝ બેંક

---

**SBI ભારતીય સ્ટેટ બેંક**

રીટેલ એસેટ્સ સેન્ટર પ્રોસેસીંગ સેન્ટર

રજો માળ, એસ.ડબ્લ્યુ.સી હબ, એસબીઆઇ આર.એ.સી.પી.સી સાઉથ, વાસણા ભાયલી રોડ, રાજપથની સામે, વડોદરા.

પરિશિષ્ટ-૪ નિયમ-૮(૧) **કબજા અંગેની નોટિસ** (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર, ભારતીય સ્ટેટ બેંક -એચએલસી-સાઉથ વડોદરા ના અધિકૃત અધિકારી તરીકે, ધી સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકંસ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને સીક્યુરીટી ઇન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨)અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂઇએ નીચે દર્શાવેલ કરજદારો ને ડીમાન્ડ નોટીસ પાઠવીને નોટીસમાં દર્શાવેલ રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ભરપાઈ કરવા જણાવવામાં આવેલ.

કરજદારો રકમ ચુકતે કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદારો, કાયદેસરના વારસદારો (જાણીતા અને બીન જાણીતા), કાનૂની પ્રતિનિધિઓ (જાણીતા અને બીન જાણીતા), જામીનદારો અને જાહેર જનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત અધિનીયમના કલમ ૮ સાથે વાંચતા ૧૩ (૪) અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂઇએ નીચે દર્શાવેલ વિસ્તૃત વર્ણન મુજબની મિલકતનો સાંકેતિક કબજો નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ લઇ લીધેલ છે.

કરજદારો, કાયદેસરના વારસદારો (જાણીતા અને બીન જાણીતા), કાનૂની પ્રતિનિધિઓ (જાણીતા અને બીન જાણીતા), જામીનદારો અને જાહેર જનતાને સદર મિલકત સંદર્ભે કોઇપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે તેમજ સદર વ્યવહાર ભારતીય સ્ટેટ બેંક - એચએલસી-સાઉથ વડોદરા ની નીચે કોષ્ટકમાં દર્શાવેલ લેણી રકમ ઉપરાંત ચડત વ્યાજ અને ઇતર ખર્ચાઓના બોજાને આધીન રહેશે.

અહિં કરજદારનું ધ્યાન દોરવામાં આવે છે કે ઉપરોક્ત અધિનીયમની કલમ ૧૩ની પેટા કલમ (૮) હેઠળ જણાવેલ સમય મર્યાદામાં તમો તમારી સુરક્ષિત મિલકતો ને બાકી લેણાં ભરપાઇ કરીને પાછી મેળવી શકો છો.

| ક્રમ | કરજદાર/જામીનદાર નું નામ અને લોન એકાઉન્ટ નં | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ(રૂા) | મિલકતનું વર્ણન | પઝેશન તા.અને પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રેશસિંહ મહેન્દ્રસિંહ રજવાડી લોન એકાઉન્ટ નં. ૪૨૫૪૮૧૦૬૩૩૨ | તા.૨૮.૦૪.૨૦૨૫ અને રૂા. ૨૨,૧૩,૨૪૨ + તેના પર ના વધુ વ્યાજ અને આકસ્મિક ખર્ચા તા.૨૭.૦૪.૨૦૨૫ ના રોજ | કરજદાર/મોર્ટગેજરની સ્થાવર મિલકત જેમાં જમીન અને ઇમારતો અને તેના પર ઉભા કરવામાં આવ્યા છે (વર્તમાન અને ભવિષ્ય બંને) આવેલ નો તમામ ભાગ અને હિસ્સા નો રજીસ્ટ્રેશન જીલ્લો સબ જીલ્લો વડોદરા, મોજે તરસાલી, બ્લોક/સર્વે નં. ૪૭૯, ૪૮૦, ૪૮૧, ટી.પી. નં. ૩૯, એફ.પી. નં. ૬૭ પૈકી, ૬૮/૧ પૈકી, તે ફ્લેટ નં. ૧૦૪, ૧લો માળ, વિંગ/ટાવર-'ડિ', 'દર્શનમ્ ક્રેસ્ટ', તરસાલી, વડોદરા. કાર્પેટ એરીયા: ૭૦.૮૨ ચોરસ મીટર, વિશિષ્ટ બાલ્કની એરીયા: ૪.૦૬ ચોરસ મીટર, વિશિષ્ટ વોસ એરીયા: ૨.૩૭ ચોરસ મીટર, વિશિષ્ટ ઓપન ટેરેસ એરીયા: ૧૩.૪૮ ચોરસ મીટર, અવિભાજીત કોમન લેન એરીયા: ૩૦.૮૨ ચોરસ મીટર. ચતુર્સીમા: પૂર્વ: ફ્લેટ નં. ડિ/૧૦૩, પશ્ચિમ: ફ્લેટ નં. ઇ/૧૦૩, ઉત્તર: કોમન પેસેજ અને લિફ્ટ, દક્ષિણ: આકાશ તરફ ખુલ્લુ. | ૦૭.૦૭.૨૦૨૫ સાંકેતિક |
| ૨. | શ્રી જશુભાઈ ગોવિંદભાઈ માયાવંશી અને શ્રી રાજુભાઈ જશુભાઈ માયાવંશી લોન એકાઉન્ટ નં. ૩૭૭૧૭૮૩૨૫૫૦ | તા.૨૬.૦૪.૨૦૨૫ અને રૂા. ૫,૩૧,૮૭૩ + તેના પર ના વધુ વ્યાજ અને આકસ્મિક ખર્ચા તા.૨૫.૦૪.૨૦૨૫ ના રોજ | કરજદાર/મોર્ટગેજરની સ્થાવર મિલકત જેમાં જમીન અને ઇમારતો અને તેના પર ઉભા કરવામાં આવ્યા છે (વર્તમાન અને ભવિષ્ય બંને) આવેલ નો તમામ ભાગ અને હિસ્સા નો રજીસ્ટ્રેશન જીલ્લો સબ જીલ્લો વડોદરા, મોજે કપુરાઇ, બ્લોક નં. ૪૧૩, ૪૧૦, ૪૧૫ તે 'નારાયણ હાઇલાઇફ' માં, યુનિટ નં. ૪૫, કપુરાઇ, વડોદરા. પ્લોટ એરીયા: ૯૪.૦૩ ચોરસ મીટર, અવિભાજીત કોમન પ્લોટ અને જમીન એરીયા: ૧૦૯.૫૧ ચોરસ મીટર. ચતુર્સીમા: પૂર્વ: યુનિટ નં. ૪૬, પશ્ચિમ: યુનિટ નં. ૪૪, ઉત્તર: કોમન રોડ, દક્ષિણ: આર.એસ. નં. ૬૬૨ (બ્લોક નં. ૪૧૪) | ૦૭.૦૭.૨૦૨૫ સાંકેતિક |
| ૩. | શ્રીમતી રેવાબેન અરવિંદભાઈ સોલંકી, શ્રી રાજેન્દ્ર અરવિંદભાઈ સોલંકી, શ્રી શૈલેષ અરવિંદભાઈ સોલંકી અને શ્રી હરીશ અરવિંદભાઈ સોલંકી લોન એકાઉન્ટ નં. ૩૯૫૧૧૧૧૬૭૮૯, ૩૯૫૧૧૦૪૦૮૫૩ | તા.૨૬.૦૪.૨૦૨૫ અને રૂા. ૧૨,૨૨,૭૮૦ + તેના પર ના વધુ વ્યાજ અને આકસ્મિક ખર્ચા તા.૨૫.૦૪.૨૦૨૫ ના રોજ | કરજદાર/મોર્ટગેજરની સ્થાવર મિલકત જેમાં જમીન અને ઇમારતો અને તેના પર ઉભા કરવામાં આવ્યા છે (વર્તમાન અને ભવિષ્ય બંને) આવેલ નો તમામ ભાગ અને હિસ્સા નો રજીસ્ટ્રેશન જીલ્લો સબ જીલ્લો વડોદરા, મોજે સયાજીપુરા, આર.એસ. નં. ૧૨૦ પૈકી, તે પ્લોટ નં. એ-૧૦૦, ગાયત્રી પાર્ક સોસાયટી, સયાજીપુરા, વડોદરા. પ્લોટ એરીયા: ૩૮.૪૪ ચોરસ મીટર, અવિભાજીત કોમન પ્લોટ અને જમીન એરીયા: ૨૧.૨૬ ચોરસ મીટર, કુલ એરીયા: ૫૯.૭૦ ચોરસ મીટર. ચતુર્સીમા: પૂર્વ: બ્લોક નં. એમ-૯૯/૨, પશ્ચિમ: બ્લોક નં. એ-૧૦૦/૧, ઉત્તર: બ્લોક માર્જીન, દક્ષિણ: સોસાયટી રોડ. | ૦૭.૦૭.૨૦૨૫ સાંકેતિક |
| ૪. | શ્રી સંતોષ ત્રિમક પેજદાર અને શ્રીમતી અનિતા સંતોષ પેજદાર લોન એકાઉન્ટ નં. ૩૮૮૭૨૮૫૯૩૦૦, ૩૮૮૭૩૨૦૮૧૫૩ | તા.૩૦.૦૪.૨૦૨૫ અને રૂા. ૧૨,૨૩,૩૩૯ + તેના પર ના વધુ વ્યાજ અને આકસ્મિક ખર્ચા તા.૨૯.૦૪.૨૦૨૫ ના રોજ | કરજદાર/મોર્ટગેજરની સ્થાવર મિલકત જેમાં જમીન અને ઇમારતો અને તેના પર ઉભા કરવામાં આવ્યા છે (વર્તમાન અને ભવિષ્ય બંને) આવેલ નો તમામ ભાગ અને હિસ્સા નો રજીસ્ટ્રેશન જીલ્લો સબ જીલ્લો વડોદરા, મોજે માંજલપુર, આર.એસ. નં. ૪૧૬/૨, ટી.પી. નં. ૧૯, એફ.પી. નં. ૩૬૭, સી.એસ. નં. ૨૩૮૪, તે ફ્લેટ નં. ૨૦૧, ૨જો માળ, 'અભિષેક શોપ્સ એન્ડ ફ્લેટ્સ', માંજલપુર, વડોદરા. બિલ્ટઅપ એરીયા: ૪૨.૭૫ ચોરસ મીટર, અવિભાજીત કોમન જમીન એરીયા: ૨૬.૭૭ ચોરસ મીટર. ચતુર્સીમા: પૂર્વ: ફ્લેટ નં. ૨૦૬, પશ્ચિમ: ઓપન સ્પેસ, ઉત્તર: દાદાર અને પેસેજ, દક્ષિણ: ફ્લેટ નં. ૨૦૨. | ૦૭.૦૭.૨૦૨૫ સાંકેતિક |

તારીખ: ૧૧.૦૭.૨૦૨૫ સ્થળ: વડોદરા | નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | સહી/અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક



## બોલિવૂડ ડાયરી







ઉર્ફી જાવેદે શહેરમાં આયોજિત એક ફેશન ઈવેન્ટમાં પોતાના સ્ટાઈલિશ અંદાજમાં પોઝ આપ્યો હતો. પ્રતિભા રંટા પણ આ ઈવેન્ટમાં હાજર રહી હતી. માનુષી છીલ્લર શહેરમાં આઉટિંગ માટે નીકળી હતી. જ્યારે માલવિકા મોહન તેમજ સારા અલી ખાને તેમના કમ્ફી આઉટફિટમાં એરપોર્ટ પર ક્લિક થયાં હતાં. ક્રિતી સેનન પણ શહેરમાં ડેનિમ અને કોટમાં જોવા મળી હતી.




### એક ઇન્ટરવ્યૂમાં અલીએ નેપોટિઝમ પર પોતાના મંતવ્ય ખૂલીને વ્યક્ત કર્યા

# બોલિવૂડની કાસ્ટિંગ પ્રક્રિયા હોલિવૂડ જેટલી પારદર્શક નથી : અલી ફઝલ

બોલિવૂડ અભિનેતા અલી ફઝલ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મેટ્રો ઈન દિનો'નાં પ્રોમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડમાં પ્રસરી રહેલા નેપોટિઝમ પર પોતાના મંતવ્ય ખુલીને વ્યક્ત કર્યા છે. બોલિવૂડ અને હોલિવૂડની કાસ્ટીંગ પ્રક્રિયાના ફરક પર ખુલીને વાત કરતા અલીએ કહ્યું કે મને બોલિવૂડમાં નેપોટિઝમથી ખાસ ફરક નથી પડતો. મારા મતે આ ઈન્ડસ્ટ્રીમાં તેનાથી પણ વધુ મહત્વના મુદ્દા છે. બોલિવૂડમાં રોલ મેળવવા માટે તમારે કોઈ ચોક્કસ સામાજિક કે વ્યવસાયિક વર્તુળમાં હોવું જરૂરી છે, જ્યારે હોલિવૂડમાં વધારે માળખાગત અને એજન્સી આધારિત કાસ્ટિંગ પ્રક્રિયા છે. હોલિવૂડમાં તમામ કલાકારો માટે તકો સુલભ હોય છે અને તેમને સમાન તકો પૂરી પાડવામાં આવે છે.આલીએ વધુમાં જણાવ્યું કે, બોલિવૂડમાં પણ એજન્સી છે, સાથે ઓળખાણ પણ જરૂરી છે. ઘણાં બધા જુથો છે. જો તમે એક જુથનાં ભાગ છો તો તમને રોલ મળશે, કારણ કે તમે આ જુથનાં છો અને તેમનાં મિત્ર છો. હોલિવૂડમાં એજન્સી સિસ્ટમ છે. સામાન્ય રીતે બધાને સાર્વજનિક રીતે એક કોલ આવે છે. તેથી દરેક એજન્ટ, દરેક મેનેજર તે પ્લેટફોર્મનો સભ્ય છે અને તે પ્લેટફોર્મ પર હવે કોલ આવે છે – "આ પ્રોજેક્ટનું કાસ્ટિંગ થઈ રહ્યું છે. આ ફિલ્મ માટેનો આ સમયગાળો છે. તમારા કલાકારોને તેમાં મોકલવા માટે કહો." કોઈ પણ એવું કહી શકતું નથી કે મારા અભિનેતાને આ ફિલ્મ મળશે કારણ કે હું એક મોટી કંપની છું અથવા હું એક મોટી એન્ટિટી છું."આગળ અલીએ કહ્યું કે હોલિવૂડમાં પણ કેટલીક અન્યાયી પ્રક્રિયા થતી હોય છે, તેમ છતાં એક પારદર્શક તંત્ર છે, જે પુરતી તકો પુરી પાડે છે. અલી કહે છે, "ત્યાં પણ કેટલીક એવી બાબતો હોય છે, પરંતુ એક ચોક્કસ માળખું તો છે. મને લાગે છે, આપણને એનાથી ફાયદો થઈ શકે છે."જોકે, અલી ફઝલ માને છે, ધીરે ધીરે બોલિવૂડમાં પણ કાસ્ટિંગ પ્રક્રિયા બદલાશે. "જેમ જેમ આપણે કાસ્ટિંગ ડિરેક્ટર્સની પ્રક્રિયા વધુને વધુ મહત્વ આપીશું, તેમ તેમ તંત્ર બદલાશે. આપણી પાસે પણ જોરદાર કાસ્ટિંગ ડિરેક્ટર્સ છે, નિકિતા ગ્રોવર, દિલિપ શંકર, ટેસ જોસેફ, વૈભવ વિશાંત, એન્ટી કાસ્ટિંગ ટીમ. આ લોકો ખરેખર ઘણું સારું કામ કરે છે. મને લાગે છેસ આ તંત્ર એક્ટિંગ સાથે જોડાયેલાં અન્ય લોકોને ઘણી મદદ કરશે. તેથી કોઈ એક પરિવાર માટે કોઈ ચોક્કસ વ્યક્તિ કામ કરે, એ બધી વાતોથી મને ખાસ ફરક પડતો નથી.

### બંને ફિલ્મો ૨ ઓક્ટોબર ગાંધીજયંતીના દિવસે રિલીઝ થશે

# જોલી એલએલબી થ્રી અને કાંતારા વચ્ચે બૉક્સઑફિસ પર ટક્કર

અક્ષય કુમાર તથા અર્શદ વારસીની ફિલ્મ 'જોલી એલએલબી થ્રી' ઋષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રીક્વલ 'કાંતારા ચેપ્ટર વન' સાથે બીજી ઓક્ટોબરે બોક્સ ઓફિસ પર ટકરાસ તેવી શક્યતા સર્જાઈ છે. 'જોલી એલએલબી મૂળ શિડયૂલ પ્રમાણે તા. ૧૯મી સપ્ટેમ્બરે રીલિઝ થવાની હતી. પરંતુ, હવે આ ફિલ્મ તા. બીજી ઓક્ટોબર પર ઠેલાઈ રહી હોવાનું કહેવાય છે. 'જોલી એલએલબી થ્રી' તથા 'કાંતારા' બંને તેમની આગલી ફિલ્મોની ગુડવિલ ધરાવે છે. 'કાંતારા' મૂળ તો સાઉથના દર્શકો માટે બનાવાઈ હતી પરંતુ તેનું ડબ કરેલું વર્ઝન હિંદીમાં અનાયાસે જ હિટ થયું હતું. તે પછી તેની પ્રીક્વલની પણ રાહ જોવાય છે. બીજી તરફ અક્ષય કુમારને હાલ એક હિટ ફિલ્મની તાતી જરૂર છે. તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિરાશાજનક પ્રદર્શન કરી રહી છે.

### પાયલ અને સંગ્રામનાં લગ્ન ૨૦૨૨માં થયાં હતાં, લગ્ન પહેલાં બંને વર્ષો સુધી રિલેશનશિપમાં હતાં

# પાયલ રોહતગી અને સંગ્રામ સિંહના ત્રણ વર્ષના લગ્નજીવનનો અંત




પાયલ રોહતગી અને સંગ્રામ સિંહના લગ્ન ફરી એકવાર સમાચારમાં છે. બંનેના છૂટાછેડાને લઈને અફવાઓનું બજાર ગરમ છે. ખરેખર, તાજેતરમાં પાયલે સંગ્રામ સિંહના ચેરિટેબલ ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યું છે. તે અહીં ડિરેક્ટર તરીકે કામ કરતી હતી.તેણે રાજીનામું આપવાનું વ્યક્તિગત કારણ આપ્યું છે. પાયલે સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી છે. તેણે કેપ્શનમાં લખ્યું છે - ક્યારેક શાંતિ અંતર જેવી લાગે છે.તે જ સમયે, તેના રાજીનામા પત્રમાં લખ્યું હતું કે, 'હું અંગત કારણોસર સંગ્રામ સિંહ ચેરિટેબલ ફાઉન્ડેશનના ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપી રહી છું. હું બોર્ડને રાજીનામું સ્વીકારવા વિનંતી કરું છું.પાયલની આ પોસ્ટ પછી, તેના અને સંગ્રામના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં આવ્યા. જોકે, પાયલ અને સંગ્રામના છૂટાછેડા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.૨૦૨૪ માં, પાયલ અને સંગ્રામનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં, બંને લડતા જોવા મળ્યા હતા. આ ક્લિપમાં, પાયલે સંગ્રામ પર આરોપ લગાવ્યો હતો કે તે સારું વર્તન નથી કરી રહ્યો કારણ કે તે માતા બની શકતી નથી. તેણીએ સંગ્રામના પરિવાર પર મહિલાઓ વિશે જૂના વિચારો હોવાનો પણ આરોપ લગાવ્યો, જ્યાં મહિલાઓ ફક્ત ખોરાક રાંધે છે, બાળકોનો ઉછેર કરે છે અને પડદા નીચે રહે છે. વીડિયોમાં પાયલ કહેતી સંભળાઈ - તમારા ઘરમાં મહિલાઓ સાથે આ રીતે વાત કરવામાં આવે છે.

### જો કે ફિલ્મ પુષ્પા સિરીઝથી સંપૂર્ણપણે અલગ હશે

# પુષ્પા-૨ પછી, રશ્મિકા અને અલ્લુ અર્જુન અને દીપિકા ધૂમ મચાવશે



ચાહકોને પુષ્પામાં રશ્મિકા મંદાના અને અલ્લુ અર્જુનની કેમેસ્ટ્રી ખૂબ ગમી. હવે અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના બીજી ફિલ્મ માટે સાથે આવવાના છે. દીપિકા પાદુકોણ પણ આ ફિલ્મનો ભાગ હશે.શાહરૂખ ખાનની જવાન ફિલ્મનું દિગ્દર્શન કરનારા દિગ્દર્શક એટલી કુમાર આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ માટે સમાચારમાં છે. દીપિકા પાદુકોણ અને અલ્લુ અર્જુન ઉપરાંત, હવે આ ફિલ્મ માટે રશ્મિકા મંદાનાનું નામ પણ આવી રહ્યું છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની જોડી પહેલા પુષ્પા ફિલ્મમાં જોવા મળી હતી. ચાહકોને આ જોડી ખૂબ જ પસંદ આવી હતી. હવે એટલીની ફિલ્મમાં રશ્મિકાના આવવાના સમાચારથી ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.એક અહેવાલ મુજબ, "રશ્મિકા મંદાના પણ એટલીની ફિલ્મનો ભાગ છે. આ ફિલ્મમાં અભિનેત્રી તેના કરિયરના સૌથી બોલ્ડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં રશ્મિકા અને અલ્લુ વચ્ચેનો ડાયનેમિક્સ પુષ્પાથી સંપૂર્ણપણે અલગ હશે."ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે અભિનેત્રીનો લુક ટેસ્ટ પૂર્ણ થઈ ગયો છે. ફિલ્મ વિશે વાત કરતા સૂત્રોએ જણાવ્યું હતું કે આ ફિલ્મ દ્વારા એટલી પોતાની અવતાર જેવી ફિલ્મ બનાવવા માંગે છે જે બે અલગ અલગ બ્રહ્માંડમાં સેટ હશે.

### હિન્દી ભાષાને નુકસાન કોનાથી થયું?

# ઠાકરે ભાઈઓ, સ્ટાલિનથી કે પછી ભારતની ભાષાનીતિથી?

**હિન્દી ભાષાને લઈને હાલમાં મોટાભાગની ચર્ચાઓ ઠાકરેબંધુઓની ટીકા પર કેન્દ્રિત છે. થોડા અઠવાડિયા પહેલા આ મુદ્દે લક્ષ્ય તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. હતા. કોઈને પણ ભારતની ભાષા નીતિ, તેનો ઉદ્દેશ્ય શું હતો અને ખરેખર શું પ્રાપ્ત થયું તે વિશે ગંભીરતાથી વિચારવાની જરૂર જણાયું નથી. ઠાકરે ભાઈઓ રાજકારણમાં નવા છે અને એક રાજ્ય પૂરતા મર્યાદિત નેતા છે. સત્ય એ છે કે સ્વતંત્ર ભારતની ભાષાનીતિ શરૂઆતથી જ દિશાહીન હોડી જેવી રહી છે. નીતિઓના જાહેર કરેલા ઉદ્દેશ્યો અને તેમના વાસ્તવિક પરિણામો ક્યારેય મેળ ખાતાં નથી. કાગળ પર હિન્દી 'સત્તાવાર ભાષા' છે, પરંતુ વાસ્તવમાં દરેક ક્ષેત્રમાં અંગ્રેજીનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. આ કોઈ બિન-હિન્દી નેતાના કારણે થયું નથી, પરંતુ આઝાદી પછીથી અમલમાં રહેલી અધૂરી અને નબળી નીતિઓનું પરિણામ છે.**



ચક્રવ્યૂહ

દીપક આશર

બ્રિટિશ શાસન દરમિયાન હિન્દીને રાષ્ટ્રીય કાર્યકારી ભાષા બનાવવાના પ્રયાસો મોટાભાગે બિન-હિન્દી નેતાઓ અને બૌદ્ધિકો જેવા કે એમ. કે.ગાંધી, સી. રાજગોપાલાચારી, કે.એમ.મુનશી, રવીન્દ્રનાથ ટાગોર અને અન્ય દ્વારા કરવામાં આવ્યા હતા. તેઓ હિન્દીની શક્તિ અને ઉપયોગીતા સમજતા હતા, પરંતુ તે સમયે હિન્દી તમિલ-કન્નડ જેવી અન્ય ભારતીય ભાષાઓ જેવી જ એક ભાષા હતી. અંગ્રેજી એકમાત્ર વહીવટી ભાષા હતી. વર્તમાન વાસ્તવિકતાને ધ્યાનમાં લેતા હિન્દીને અન્ય ભારતીય ભાષાઓ સાથે સમાન દરજ્જો આપવામાં આવે તે વધુ સારું રહેશે. આ પગલું વ્યવહારુ તેમજ રાષ્ટ્રીય હિતમાં પણ હશે. વહીવટ, શિક્ષણ અને ઉદ્યોગમાં હજુ પણ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ છે. આ અસર સરકાર દ્વારા કરવામાં આવેલી વિવિધ જાહેરાતોમાં પણ દેખાય છે. તમે જાતે જોઈ શકો છો કે ૧૯૬૩ અને ૧૯૭૬ના રાજભાષા અધિનિયમો અને નિયમો, અને પછી ૧૯૮૯, ૨૦૦૭ અને ૨૦૧૧ના સુધારા પણ દર્શાવે છે કે હિન્દીને વાસ્તવિક વહીવટી ભાષા બનાવવામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. છેલ્લા સાત દાયકામાં અંગ્રેજી અને હિન્દી વચ્ચેનું અંતર સતત વધ્યું છે.

જો હિન્દીને અન્ય ભારતીય ભાષાઓની સમકક્ષ રાખવામાં આવે, તો તે પૈસા, સમય અને શક્તિનો મોટો બગાડ પણ બચાવશે. કેવી રીતે એ પણ સમજીએ - દરેક જાગૃત કર્મચારી કે વિદ્યાર્થી સારી રીતે જાણે છે કે જો કોઈ સરકારી દસ્તાવેજ, નિયમ, આદેશ કે પુસ્તક ખરેખર સમજવા માગતો હોય, તો તેણે ફક્ત અંગ્રેજી સંસ્કરણ જોવું પડશે. હિન્દી અનુવાદો ઘણીવાર એટલા જટિલ અથવા રત્નો અનર્થ કરતાં હોય છે કે તે સમજવાને બદલે મૂંઝવણમાં વધારો કરે છે. હકીકતમાં આ અનુવાદો એટલા બેદરકારીથી કરવામાં આવે છે કે કોઈને તેની પરવા નથી - તે બધું ફક્ત ઔપચારિકતા હોય છે. (એ બીજી વાત છે કે બાકીના વિશ્વમાં, ઘણી ભાષાઓમાં દરરોજ ઉત્તમ અનુવાદો થાય છે.)

આજે પરિસ્થિતિ એવી છે કે શિક્ષણ, સંશોધનો અને ઉચ્ચ ગુણવત્તાના પુસ્તકો - બધું જ ફક્ત અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. બીજી બાજુ, એક પણ હિન્દી સાહિત્યિક સામયિક એવું બચ્યું નથી જે દેશભરમાં વાંચવામાં આઆવતું હોય અથવા જેની મોટી ઓળખ હોય, જ્યારે બ્રિટિશ રાજ દરમિયાન અને સ્વતંત્રતા પછીના કેટલાક દાયકાઓ સુધી, ઘણા હિન્દી સામયિકો રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય હતા અને પ્રભાવશાળી માનવામાં આવતા હતા. હવે તે બધા અદ્રશ્ય થઈ ગયા છે, જ્યારે હિન્દી ભાષી લોકોની સંખ્યા, તેમનું શિક્ષણ અને આવક બધું જ નોંધપાત્ર રીતે વધ્યું છે. સત્ય એ છે કે અંગ્રેજીએ હિન્દી સહિત તમામ ભારતીય ભાષાઓને ધીમે ધીમે જે નુકસાન પહોંચાડ્યું છે તે ન તો તમિલ રાજકારણને કારણે છે કે ન તો મરાઠી રાજકારણને કારણે. બંધારણ ઘડાયું ત્યારથી, ભાષા સંબંધિત દરેક મોટા નિર્ણયો હિન્દીભાષી નેતાઓના નેતૃત્વમાં લેવામાં આવ્યા છે, પરંતુ તેઓ એક પણ નક્કર નીતિ ઘડી શક્યા નથી.

આશ્ચર્યજનક વાત એ છે કે આ નીતિઓનું ક્યારેય પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું કે તેમના વાસ્તવિક પરિણામો શું છે. એ નોંધવું પણ રસપ્રદ છે કે બ્રિટિશ શાસન દરમિયાન હિન્દી સહિત ભારતીય ભાષાઓનો વિકાસ થયો હતો. તે સમયગાળા દરમિયાન, ઘણા પ્રખ્યાત કવિઓ, લેખકો, વિદ્વાનો, વિચારકો અને વૈજ્ઞાનિકો ઉભરી આવ્યા, જેમણે વિવિધ ભારતીય ભાષાઓમાં કામ કર્યું હતું. સ્વતંત્રતા પછી, આ વલણ પહેલા ધીમું પડ્યું અને પછી ઊલટી દિશામાં આગળ વધવા લાગ્યું હતું. હકીકતમાં ભારતીય ભાષાઓના ઘટતા ધોરણનું મૂળ સ્વતંત્ર ભારતની ભાષા નીતિમાં રહેલું છે. શરૂઆતથી જ, આ નીતિઓ જટિલ અને ગૂંચવણભરી રહી છે. કોઈ એક નેતા કે પક્ષને દોષ આપવો નકામો છે. આ અવ્યવસ્થા અને તેનો ભોગ બનેલા લોકો માટે સમગ્ર રાજકીય અને બૌદ્ધિક વર્ગ જવાબદાર છે. સૌથી મોટી વાત એ છે કે ન તો તેમની પાસે તેને સુધારવાની ક્ષમતા છે, ન તો કોઈ પ્રામાણિક પ્રયાસ દેખાઈ રહ્યો છે. જેમ ખોરાકનો સાચો સ્વાદ ફક્ત તેનસ ચાખીને જ જાણી શકાય છે, તેવી જ રીતે કોઈપણ નીતિની વાસ્તવિક અસર તેના પરિણામો દ્વારા જ માપવામાં આવે છે. આજે ભારતના નાના શહેરોમાં પણ, અંગ્રેજી પ્રગતિની ભાષા બની ગઈ છે - પછી ભલે તે સારું શિક્ષણ હોય, નોકરી હોય કે વ્યવસાય હોય. જે લોકો અંગ્રેજી નથી જાણતા તેઓ ફક્ત કારકુની અથવા વહીવટી નોકરીઓ સુધી મર્યાદિત છે, પરંતુ જો કોઈ વ્યક્તિ પોતાની વિચારસરણી અને સર્જનાત્મક ક્ષમતાઓને વધારવા માગે છે, જે દરેક માનવીની મૂળભૂત ઇચ્છા છે, તો અંગ્રેજી વિના તે નકામું છે એવો વણલખ્યો નિયમ છે! તેનાથી વિપરીત, જો કોઈ વ્યક્તિ અંગ્રેજીમાં અસ્ખલિત હોય અને ભારતીય ભાષામાં એક પણ વાક્ય લખી શકતો નથી, તો તેની કારકિર્દીમાં કોઈ અવરોધ ઊભો થશે નહીં. દુનિયાના કોઈ પણ વિકસિત દેશમાં આવી પરિસ્થિતિ નથી.

હકીકતમાં ભારતની વાસ્તવિક સત્તાવાર ભાષા અંગ્રેજી છે. હિન્દીને 'સત્તાવાર ભાષા' કહેવાનું કામ મોટાભાગે રાજકીય કારણોસર કરવામાં આવે છે અને તે એક મોંઘો તમાશો બની ગયો છે. હિન્દીને આપવામાં આવતો આ ઉપરછલ્લો (અને બિનજરૂરી) આદર ઘણીવાર હિન્દી લાદવાની વાત આવે ત્યારે તમિલ, મરાઠી અને અન્ય ભાષાઓના નેતાઓને હેરાન કરે છે. આ રીતે, હિન્દી એક વિચિત્ર અને અન્યાયી બેવડી મુશ્કેલીનો ભોગ બને છે - એક તરફ ઉપરછલ્લી આદર છે, તો બીજી તરફ વિરોધ અને અપમાન છે. આ એક સામાન્ય બાબત તરફ ધ્યાન દોરે છે કે જ્યારે કોઈ વસ્તુની માગ ઓછી થાય છે અથવા સમાપ્ત થાય છે, ત્યારે તેનું ઉત્પાદન અને વ્યવસાય પણ ખતમ થઈ જાય છે. સરકાર દ્વારા સમર્થિત નીતિઓ વિના શિક્ષણ, વિચાર અને સંસ્કૃતિના ક્ષેત્રમાં આ પરિવર્તન ક્યારેય શક્ય ન હોત. તેથી, કેન્દ્ર સરકારની ભાષા નીતિમાં સ્પષ્ટ ફેરફાર કરવામાં આવે તો જ શક્ય છે.


બધા રાજ્યોને તેમનું કાર્ય સંપૂર્ણપણે તેમની પ્રાદેશિક ભાષાઓમાં કરવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ. રાજ્યો વચ્ચે અથવા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે જે પણ વાતચીત થાય છે, તે પરસ્પર સંમતિ અને સુવિધાથી નક્કી થવી જોઈએ - કોઈ એક ભાષા લાદીને નહીં. આવી નીતિનો અમલ કરવો એટલો મુશ્કેલ નથી જેટલો લોકો વિચારે છે - તે ઘાને રૂઝાવવા માટે જરૂરી ઓપરેશન જેવું છે. સારવાર દરમિયાન થોડો દુ:ખાવો થાય છે, પરંતુ પછીથી દર્દી સંપૂર્ણપણે સાજો થઈ જાય છે. જો ભારતીય ભાષાઓ પ્રત્યે ખરેખર ચિંતા હોય, તો દરેક રાજ્યએ શિક્ષણ સહિત (જેમ કે આઇલેન્ડ જેવા નાના યુરોપિયન દેશો પણ કરે છે) પોતાનું બધું કામ પોતાની ભાષામાં કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

આનાથી લાખો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફાયદો થશે જ, હિન્દીની આસપાસના રાજકારણ અને કડવાશનો પણ અંત આવશે. જ્યારે દરેક ભાષાને સમાન દરજ્જો મળશે, ત્યારે સ્વાભાવિક રીતે જ બધા નાગરિકો ભારતીય ભાષાઓ પ્રત્યે સમાન સ્નેહ અને આદર વિકસાવશે. આ વાસ્તવિક એકતાને મજબૂત બનાવશે અને સંઘીય વ્યવસ્થાને ખરેખર મજબૂત બનાવશે.

### પહેલગામમાં જાતિ પૂછીને હત્યા કરવાના બનાવ બાદ

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં પણ ૯ લોકોને બસમાંથી ઉતારી આઈડી ચેક કરી ગોળી મારી

### પાકિસ્તાનીઓની ઓળખ કરી માસૂમ નાગરિકોને ટાર્ગેટ કર્યા : મુખ્યમંત્રી



બલૂચિસ્તાન, તા.૧૧

પાકિસ્તાનમાં ફરી એકવાર મોટો હુમલો થયો છે. જેમાં હુમલાખોરોએ નવ લોકોની ગોળી મારી હત્યા કરી દીધી છે. સ્થાનિક પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. હુમલાખોરોએ એક ચાલુ બસને અટકાવી તેમાંથી મુસાફરોને નીચે ઉતારી ગોળીથી વીંધી નાખ્યા હતાં. બલૂચિસ્તાનના અધિકારીએ આ હુમલાને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બલૂચિસ્તાનના અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે આ હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોની હત્યા થઈ છે. ક્વેટાથી લાહોર જતી બસમાં સવાર મુસાફરોને નીચે ઉતારી અપહરણ કર્યું હતું, બાદમાં તેમની ગોળી મારી હત્યા કરી દીધી હતી. આ દુર્ઘટના ઉત્તરીય બલૂચિસ્તાન નજીક સ્થિત ઝોબ શહેરની છે. પ્રત્યક્ષદર્શી મુજબ, હુમલાખોરોએ અચાનક ચાલુ બસને અટકાવી હતી. બાદમાં બંદૂકના જોરે મુસાફરોને નીચે ઉતરવા કહ્યું. તેમનું અપહરણ કર્યું અને બાદમાં નવ લોકોના આઈડી ચેક કરી તેમની હત્યા કરી દીધી. મૃતદેહોને બલૂચિસ્તાનના બારખાન જિલ્લાના રેખની હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી મીર સરફરાજ બુગતીએ આ કૃત્યને 'ખુલા આતંકવાદ' ગણાવતાં કહ્યું કે, હુમલાખોરોએ જાણીજોઈને પાકિસ્તાનીઓની ઓળખ કરી માસૂમ નાગરિકોને ટાર્ગેટ બનાવ્યા છે. આતંકવાદીઓએ ફરી એકવાર પોતાનું ડરપોક વલણ બતાવ્યું છે.

### સ્થાનિક રાજનીતિક નેતૃત્વનું શરમજનક પ્રતિબિંબ

# TMC નેતા અને ભાજપના મહિલા નેતા કારમાં દારૂ પાર્ટી કરતાં પકડાયાં

### રોય અને ડ્રાઈવરને ગ્રામીણોએ બંધક બનાવી રાખ્યા

જલપાઈગુડી, તા.૧૧


પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં મોડી રાતે કારમાં બે અલગ અલગ રાજનીતિક પાર્ટીના નેતાઓના દારૂ પાર્ટીથી વિવાદ છેડાયો છે. મીડિયા રિપોર્ટ મુજબ ગ્રામીણોએ ટીએમસી અને ભાજપના નેતાઓને એક સૂમસામ જંગલમાં ઊભેલી એક કારમાં સાથે દારૂ પીતા પકડ્યા. આ ઘટના અપલચંદ જંગલ પાસે ઘટી. સ્થાનિકોએ જ્યારે વિસ્તારમાં એક ખાનગી કારને અસામાન્ય રીતે લાંબા સમય સુધી ઊભેલી જોઈ તો શંકા ગઈ. ભીડ ભેગી થઈ અને તેમાં બેઠેલા લોકોને બહાર નીકળવા જણાવ્યું. તો ભાજપ મહિલા મોરચાની જલપાઈગુડી જિલ્લા અધ્યક્ષ દીપા બનિક અધિકારી એક ટીએમસી નેતાની ગાડીમાં બેઠેલા જોઈને લોકો દંગ રહી ગયા. અત્રે જણાવવાનું કે બાદમાં જાણવા મળ્યું કે ટીએમસીના પંચાયત સમિતિના અધ્યક્ષ અને જિલ્લા સ્તરના નેતા પંચાનન રોય, દીપા બનિક અધિકારી અને તેમના ડ્રાઈવર સાથે દારૂ પાર્ટીનું આયોજન કરી રહ્યા હતા. ગુસ્સે ભરાયેલા ગ્રામીણોએ કાર ઘેરી લીધી અને વિરોધ કર્યો તથા સમગ્ર ઘટનાક્રમનો વીડિયો બનાવી લીધો. ફૂટેજમાં અધિકારી કારની પાછળની સીટ પર બેઠેલા જણાય છે. સ્થાનિક લોકો દ્વારા ટોકવામાં આવતા તેઓ એક દારૂ ભરેલો પ્લાસ્ટિકનો ગ્લાસ આગળની સીટ પર સરકાવી દે છે. કારમાં એક અન્ય વ્યક્તિ પણ દેખાય છે જે ડ્રાઈવર હોવાનું કહેવાય છે.

થોડીવાર બાદ અધિકારી ગાડીમાંથી ઉતરીને જતા રહે છે. રોય અને તેમના ડ્રાઈવરને ગ્રામીણોએ થોડીવાર સુધી બંધક બનાવી રાખ્યા અને ત્યારબાદ છોડી દીધા. ખાસ કરીને ડાબેરીઓએ તેને સ્થાનિક રાજનીતિક નેતૃત્વનું શરમજનક પ્રતિબિંબ જણાવ્યું છે.

### જો ભૂલ જાણી-જોઈને ન થઈ હોય તો માફ કરી દેવા જોઈએ

# હવે હું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની પાછળ પડીશ, કોઈને નહીં છોડું : ગડકરી

### મારા દેશની સંપત્તિ છે તેની સાથે કોઈ સમાધાન નહીં કરું



નવી દિલ્હી, તા.૧૧

વડોદરા જિલ્લામાં મહિસાગર નદી પર બનેલો ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં બચાવ કામગીરી આજે ત્રીજા દિવસે પણ ચાલુ છે. અત્યારસુધી કુલ ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. હજી કેટલાક ગુમ હોવાથી મોતનો આંકડો વધવાની શક્યતા છે. દેશમાં બ્રિજ ધરાશાયી થવાની વધતી દુર્ઘટનાને ધ્યાનમાં લેતાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આકરૂ વલણ અપનાવ્યું હોવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, તે નબળી કામગીરી કરનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની તપાસ શરૂ કરી છે. જાણી જોઈને ભૂલો કરનારાઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવી જોઈએ.નીતિન ગડકરીએ એક મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, અકસ્માત એક અલગ વસ્તુ છે, અને જે કામ કરતી વખતે છેતરપિંડી અને કૌભાંડ આચરે છે, તે અલગ વસ્તુ છે. જો ભૂલ જાણી-જોઈને ન થઈ હોય તો માફ કરી દેવા જોઈએ, પરંતુ જો જાણી જોઈને ભૂલ કરવામાં આવી હોય તો તેમની વિરૂદ્ધ કાર્યવાહી થવી જોઈએ. માર્ગ પરિવહનના કામકાજના વલણ મુદે ગડકરીએ જણાવ્યું હતું કે, હું કોઈ પ્રકારની ગરબડ (ફ્રોડ) કરનારાઓને ફીટકાર લગાવુ છું. માર્ગ બનાવવામાં ભૂલો કરનારાઓને છોડતો નથી. હાલ મારો ટાર્ગેટ આ નિર્ણયો પૂરા કરવાનો છે. એક હું કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની પાછળ લાગીશ. બીજું આ મારા દેશની સંપત્તિ છે તેની સાથે કોઈ સમાધાન નહીં કરીશ.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ મત ચોરવાની કોશિશ થશે : રાહુલ

ભુવનેશ્વર : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ઓરિસ્સામાં કહ્યું- મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ મત ચોરી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ માટે ચૂંટણી પંચે એક નવું ષડયંત્ર શરૂ કર્યું છે. તે ભાજપનો ભાગ ભજવી રહ્યું છે. તે પોતાનું કામ કરી રહ્યું નથી.રાહુલે વધુમાં કહ્યું- લોકસભા અને વિધાનસભા વચ્ચે મહારાષ્ટ્રમાં ૧ કરોડ નવા મતદારો આવ્યા. આજ સુધી એ ખબર નથી પડી કે આ મતદારો ક્યાંથી આવ્યા. અમે ચૂંટણી પંચને ઘણીવાર કહ્યું હતું કે અમને મતદાર યાદી અને વીડિયોગ્રાફી આપો, પરંતુ તેમણે આપી નહીં. અમે ચૂંટણી પંચ અને ભાજપને બિહારની ચૂંટણી ચોરી કરવા દઈશું નહીં.

### ટેસ્લાની ભારતમાં એન્ટ્રી, મુંબઈમાં એક્સપીરિયન્સ સેન્ટર શરૂ થશે

મુંબઈ: દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની નજર હવે ઝડપથી વિકસી રહેલા ભારતીય બજાર પર છે. ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા ટૂંક સમયમાં ભારતમાં પોતાનો પહેલો સ્ટોર શરૂ કરવા જઈ રહી છે. અહેવાલ મુજબ ભારતમાં ટેસ્લાનું પહેલું "એક્સપીરિયંસ સેન્ટર" ૧૫ જુલાઈના રોજ મુંબઈમાં શરૂ થશે.એક મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું કે ટેસ્લાનું એક્સપીરિયંસ સેન્ટર મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં શરુ કરવામાં આવશે. આ સાથે જ ટેસ્લાની ભારતમાં એન્ટ્રી સત્તાવાર એન્ટ્રી થશે. અહેવાલ મુજબ, ચીનના શાંઘાઈમાં ટેસ્લાની ફેક્ટરીમાં બનેલી પાંચ મોડેલ રૂ કાર્સ મુંબઈ આવી ચુકી છે.

### બંગાળમાં પણ ચૂંટણી પહેલા વોટર લિસ્ટ રિવિઝનની તૈયારી

નવી દિલ્હી: ભારતના ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વર્ષ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની યોજના બનાવી છે. બિહારમાં મતદાર યાદી સુધારણા પછી હવે આ પ્રક્રિયા પશ્ચિમ બંગાળ સહિત આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરી જેવા રાજ્યોમાં લાગુ થવાની તૈયારીમાં છે. જો કે, વિપક્ષી પક્ષ અને નિષ્ણાતોએ આ પગલાના સમય અને પ્રક્રિયા અંગે ઘણાં પ્રશ્નો ઊભા કર્યા છે, જેના કારણે ચૂંટણી પંચના આ નિર્ણય પર વિવાદ સર્જાયો છે. ચૂંટણી પંચે તાજેતરમાં બિહારમાં વોટર લિસ્ટ વેરિફિકેશનું કામ શરૂ કર્યું છે, જેનો હેતુ યાદીમાંથી નકલી અને બિન-નાગરિક મતદારોને દૂર કરવાનો છે.

### ગણેશોત્સવ ઉત્સવને મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ જાહેર કરાયો

મુંબઈ : દેવેન્દ્ર ફડણવીસ સરકારે ગણેશોત્સવ ઉત્સવને મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ જાહેર કર્યો છે. અગાઉ, સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે આજે રાજ્ય વિધાનસભામાં બોલતા કહ્યું હતું કે આ અંગેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. સત્ર દરમિયાન આ માંગણી ઉઠાવનારા ધારાસભ્ય હેમંત રસાનેની વિનંતી પર આ ખાતરી આપવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં ગણેશોત્સવની શરૂઆત ૧૮૯૩ માં થઈ હતી. લોકમાન્ય તિલકે ૧૮૯૩ માં ગણેશોત્સવની શરૂઆત કરી હતી અને તેને રાષ્ટ્રવાદ, સામાજિક એકતા, આત્મસન્માન અને પોતાની ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમના મૂલ્યો સાથે જોડ્યો હતો. શેલારે કહ્યું કે આ તહેવાર આજે પણ તે આદર્શોને જાળવી રાખે છે.

### અમેરિકન ઇન્ટરનેટ સ્પીડ કરતાં ૩૫ લાખ ગણી ઝડપી

# જાપાને ૧૦.૨૦ લાખ ગીગાબીટ પ્રતિસેકન્ડની ઈન્ટરનેટ સ્પીડનો વિશ્વ રેકોર્ડ બનાવી દીધો

### ૧૫૦ જીબી ગેમ ૩ મિલિસેકન્ડમાં અને એક સેકન્ડમાં ૧૦ હજાર ફિલ્મો ડાઉનલોડ થશે



નવી દિલ્હી, તા.૧૧

જાપાને ૧૦.૨૦ લાખ ગીગાબીટ પ્રતિ સેકન્ડની ઈન્ટરનેટ સ્પીડ હાંસલ કરીને એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. આ સ્પીડથી, તમે ફક્ત એક સેકન્ડમાં આખી નેટફ્લિક્સ લાઈબ્રેરી અથવા ૧૦,૦૦૦ ૪૬ મૂવીઝ ડાઉનલોડ કરી શકો છો. ૧૫૦ જીબી ગેમ ૩ મિલિસેકન્ડમાં ડાઉનલોડ થશે.આ ભારતની સરેરાશ ઈન્ટરનેટ સ્પીડ લગભગ ૬૩.૫૫ Mbps કરતા લગભગ ૧.૬ કરોડ ગણી ઝડપી છે. તે જ સમયે, તે સરેરાશ અમેરિકન ઈન્ટરનેટ સ્પીડ કરતા ૩૫ લાખ ગણી ઝડપી છે.

અગાઉ પણ આ રેકોર્ડ જાપાનના નામે હતો. માર્ચ ૨૦૨૪માં, જાપાને ૪૦૨ ટેરાબિટ પ્રતિ સેકન્ડ એટલે કે ૫૦,૨૫૦ ગીગાબિટ પ્રતિ સેકન્ડની સ્પીડ હાંસલ કરી હતી. આ રેકોર્ડ સ્ટાન્ડર્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો.આ રેકોર્ડ જાપાનની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન્સ ટેકનોલોજી અને સુમિટોમો ઈલેક્ટ્રિક ઈન્ડસ્ટ્રીઝની સંયુક્ત ટીમ દ્વારા પ્રાપ્ત થયો છે.

તેઓએ જૂન મહિનામાં ૧.૦૨ પેટાબિટ પ્રતિ સેકન્ડની ઝડપે ડેટા મોકલીને આ રેકોર્ડ બનાવ્યો હતો. તેમાં ૧૯-કોર ઓપ્ટિકલ ફાઈબર ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે આજના પ્રમાણભૂત ફાઈબર કેબલ જેટલું પાતળું (૦.૧૨૫ મીમી) છે, પરંતુ તેમાં ૧૯ અલગ કોર છે.

એક સામાન્ય ફાઈબર કેબલમાં એક કોર હોય છે, જે એક જ લેનમાં ડેટા ટ્રાન્સમિટ કરે છે.૧૯-કોર ફાઈબર ૧૯-લેન હાઈવે જેવું છે, જ્યાં દરેક કોર અલગ અલગ ડેટા મોકલે છે.

આ ઉપરાંત, સંશોધકોએ ખાસ એમ્પ્લીફાયરનો ઉપયોગ કર્યો, જે નબળા પડ્યા વિના ૧,૮૦૮ કિલોમીટરના અંતર સુધી સિગ્નલ ટ્રાન્સમિટ કરવામાં મદદ કરે છે.

આ રીતે વિચારો: જ્યારે ડેટા ફાઈબર કેબલ દ્વારા લાંબા અંતર સુધી મુસાફરી કરે છે, જેમ કે પ્રકાશ, ત્યારે સિગ્નલ નબળો પડવા લાગે છે,

### ભાજપે રાવને પ્રદેશ પ્રમુખ બનાવતાં ટી. રાજા નારાજ

# હિન્દુત્વના સમર્થક અને વિવાદાસ્પદ ધારાસભ્ય ટી. રાજાનું રાજીનામું ભાજપે સ્વીકારી લીધું

### મૌનને સહમતિ સમજવી નહીં : ધારાસભ્ય રાજા

નવી દિલ્હી, તા.૧૧

હિન્દુત્વના સમર્થક કહેવાતા તેલંગાણાના ગોશામહલના ભાજપ ધારાસભ્ય ટી. રાજા સિંહનું ભાજપે રાજીનામું સ્વીકારી લીધું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ તેમના રાજીનામાને તાત્કાલીક મંજૂરી આપી દીધી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરૂણ સિંહે શુક્રવારે ટી.રાજા સિંહને આપેલા સત્તાવાર પત્રમાં આ માહિતી આપી છે. ભાજપે પાઠવેલા પત્રમાં કહેવાયું છે કે, 'ટી.રાજા સિંહે તેલંગણા રાજ્યના ભાજપ અધ્યક્ષ જી.કિશન રેડ્ડીને ૩૦ જૂનના રોજ રાજીનામું આપ્યું હતું, તેના સંદર્ભમાં આ પત્ર જારી કરવામાં આવ્યો છે. ટી. રાજાએ પત્રમાં જે વાતો પાર્ટીની કાર્યપ્રણાલી, વિચારધારા ને સિદ્ધાંતો સાથે મેળ ખાતી નથી. તેથી આપનું રાજીનામું તાત્કાલીક સ્વીકારવામાં આવે છે.' ટી. રાજા હંમેશા વિવાદીત નિવેદનો અને હિન્દુત્વ સમર્થક વલણના કારણે ચર્ચામાં રહે છે. વાસ્તવમાં ભાજપે રામચંદર રાવને અધ્યક્ષ બનાવતા ટી. રાજા નારાજ થયા હતા અને તેમણે ૩૦ જૂને રાજીનામું આપી દીધું હતું. તેમણે રાજીનામાનો પત્ર સોશિયલ મીડિયા પર શેર કરતાં કેપ્શન લખ્યું હતું કે, 'મૌનને સહમતિ સમજવી નહીં. હું માત્ર મારા માટે નહીં, પરંતુ એવા અસંખ્ય કાર્યકરો અને મતદારો વિશે બોલી રહ્યો છું, જેઓ અમારા પર વિશ્વાસ ધરાવે છે. તેઓ અમારી સાથે ઊભા હતા અને હવે નિરાશ થયા છે. ગોશામહલના ધારાસભ્યે ભાજપના હાઈકમાન્ડને થોડા દિવસ પહેલાં જ એક વીડિયો મેસેજ મારફત પ્રદેશ પ્રમુખ બનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'પક્ષના અનેક કાર્યકરો મને ફોન કરીને પ્રદેશ પ્રમુખ પદ સંભાળવા અપીલ કરી રહ્યા છે.

### વિશ્વમાં ૪૦ લાખ મૃત્યુ અને ૬૦ લાખ નવા ચેપ લાગી શકે છે

# ટ્રમ્પના નિર્ણયના કારણે એઈડ્સનું સંક્રમણ વધવાનો ખતરો : રિપોર્ટ

### આંતરરાષ્ટ્રીય HIV કાર્યક્રમો માટે ભંડોળ પૂરું પાડવાનું બંધ કર્યું



વોશિંગ્ટન, તા.૧૧


છેલ્લા બે દાયકાથી HIV અને AIDS સામેની લડાઈમાં મોટી સફળતા મળી રહી છે, પરંતુ હવે આ યુદ્ધને મોટો ફટકો પડ્યો છે. અમેરિકન સરકાર દ્વારા અચાનક આંતરરાષ્ટ્રીય HIV કાર્યક્રમો માટે ભંડોળ પૂરું પાડવાનું બંધ કરવાથી ડઝનબંધ દેશોમાં આરોગ્ય સેવાઓ પડી ભાંગી છે. સંયુક્ત રાષ્ટ્ર સંગઠન UNAIDS એ ચેતવણી આપી છે કે જો અમેરિકા ભંડોળ ફરી શરૂ નહીં કરે, તો ૨૦૨૯ સુધીમાં વિશ્વમાં ૪૦ લાખ મૃત્યુ અને ૬૦ લાખ નવા ચેપ લાગી શકે છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન HIV સંબંધિત વિદેશી સહાય પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણપણે પૂરો થઈ ગયો હતો. આનાથી માત્ર ગરીબ દેશો જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના AIDS નિયંત્રણ અભિયાનને અસર થઈ છે. એવામાં જાણીએ કે આ પ્રોગ્રામ શું છે અને HIV અને AIDS સામેની લડાઈમાં શા માટે મહત્ત્વપૂર્ણ છે. ૨૦૦૩માં તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે PEPFAR યોજના શરૂ કરી હતી. તે HIV સામે વિશ્વની સૌથી મોટી વિદેશી સહાય યોજના હતી. તેણે અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ લોકોનું પરીક્ષણ કર્યું છે અને ૨ કરોડથી વધુ લોકોને મફત સારવાર પૂરી પાડી છે. આફ્રિકા, ભારત, નેપાળ, કંબોડિયા અને લેટિન અમેરિકા જેવા ડઝનબંધ દેશોમાં પણ HIV નિયંત્રણ શક્ય બન્યું. નાઈજીરીયા જેવા દેશમાં ૯૯.૯% HIV દવાઓ આ જ ભંડોળ દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. પરંતુ જાન્યુઆરી ૨૦૨૫માં અમેરિકાએ અચાનક આ સહાય બંધ કરી દીધી, જેના કારણે હજારો ક્લિનિક્સ બંધ થઈ ગયા, દવાઓનો પુરવઠો બંધ થઈ ગયો અને લાખો દર્દીઓના જીવ જોખમમાં મુકાઈ ગયા છે.

### અહેવાલથી સમાજ માટે ચિંતાની ઘંટી કે સંસ્કૃતિમાં પરિવર્તન?

# ડિજિટલ યુગમાં ભારતીય સ્ત્રીઓનો 'એડલ્ટ કન્ટેન્ટ' તરફ વધતો ઝુકાવ!

### ભારતની મહિલાઓ હવે વૈશ્વિક સરેરાશ કરતાં પણ આગળ



નવી દિલ્હી, તા.૧૧

જ્યાં સુધી ભારતની વાત છે, ત્યાં સુધી સ્ત્રી શીલ, સંસ્કાર અને નમ્રતાનું પ્રતિક માનવામાં આવે છે. પણ હવે ડિજિટલ યુગમાં ભારતીય મહિલાઓનું એક નવું પાસું સામે આવી રહ્યું છે – એડલ્ટ કન્ટેન્ટ સામેનો તેમનો વધતો ઝુકાવ. આંતરરાષ્ટ્રીય પોર્ન સાઈટ પોર્નહબ (PornHub) દ્વારા બહાર પાડવામાં આવેલા તથ્યાંક ચોંકાવનારા છે – અને સૌથી ચોંકાવનારી વાત એ છે કે ભારતની મહિલાઓ હવે આ વિસ્તારમાં વૈશ્વિક સરેરાશ કરતા પણ આગળ છે.વિશ્વ સરેરાશના મુકાબલે વધારે : વિશ્વભરમાં મહિલાઓ પોર્ન જોવાના વિષયમાં સરેરાશ ૨૪% છે, જ્યારે ભારતમાં આ આંકડો ૩૦% છે. આનો અર્થ એ થયો કે દરેક ત્રણમાંથી એક ભારતીય સ્ત્રી એડલ્ટ કન્ટેન્ટ જોતી હોવાનું પ્રમાણ છે.કેરળમાં ખાસ સંખ્યાબંધ સ્ત્રીઓ : પોર્નહબના આંકડાઓ અનુસાર કેરળ રાજ્યમાંથી સાઈટ પર આવતા તમામ યૂઝર્સમાંથી લગભગ ૨૯% સ્ત્રીઓ છે - જે નોંધપાત્ર છે અને રાજ્યના શિક્ષણદર અને ડિજિટલ એક્સેસને ધ્યાનમાં લેતાં વિશ્લેષણ બાબત છે.ભારત દુનિયામાં ટોચના ત્રણ પોર્ન જોનારા દેશોમાં : આંકડા દર્શાવે છે કે ભારત, અમેરિકાના પછી, પોર્ન કન્ટેન્ટ જોનાર દેશોમાં ટોચની ગિનતીમાં આવે છે. દરેક વર્ષે દર્શકોની સંખ્યા અને જોવામાં આવતા મિનિટો વધી રહી છે.

### ઘરની કબ્રસ્તાન જેવી હાલત જોઈ પોલીસ પણ ચોંકી

# પાક.એક્ટ્રેસ હુમૈરાનો મૃતદેહ ૯ મહિનાથી ઘરમાં સડી રહ્યો હતો!

### હુમૈરાનો ફોન છેલ્લે ઓક્ટોબરમાં ઉપયોગમાં લેવાયો હતો



કરાચી, તા.૧૧

પાકિસ્તાની એક્ટ્રેસ હુમૈરા અસગર અલીનું મોત એક મર્ડર મિસ્ટ્રી બની ગઈ છે. ૩૨ વર્ષીય એક્ટ્રેસનું મોત ક્યારે થયું તે અંગે એક મોટો ખુલાસો થયો છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે તેમનું મોત ૨ અઠવાડિયા પહેલા થયું હતું. પરંતુ ડિજિટલ અને ફોરેન્સિક પુરાવાના આધારે તપાસમાં ખુલાસો થયો છે કે હુમૈરાનું મૃત્યુ ૯ મહિના પહેલા એટલે કે ગયા વર્ષે ઓક્ટોબરમાં થયું હતું.

આ અઠવાડિયેકરાચીના ઈત્તેહાદ કોમર્શિયલ વિસ્તારમાં એક ફ્લેટમાં એક્ટ્રેસનો મૃતદેહ સડેલી હાલતમાં મળી આવ્યો હતો. મકાનમાલિકે ભાડું ન મળવાની ફરિયાદ કરતાં હુમૈરાનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ઘરનો દરવાજો તોડતાં એક્ટ્રેસનું મોત થયા હોવાની જાણકારી મળી.હુમૈરાનું મૃત્યુ ૯ મહિના પહેલા થયું હતું કરાચી પોલીસ સર્જન ડૉ. સુમૈયા સૈયદે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યું હતું અને કહ્યું કે- હુમૈરાનું મૃત્યુ લગભગ એક મહિના પહેલા થયું હશે. જોકે, હવે પોલીસ તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તેનું મૃત્યુ ૯ મહિના પહેલા થયું છે. કોલ રેકોર્ડ મુજબ, હુમૈરાનો ફોન છેલ્લે ઓક્ટોબરમાં ઉપયોગમાં લેવાયો હતો. ગયા સપ્ટેમ્બરથી તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કોઈ એક્ટિવિટી થઈ નથી. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ સૈયદ અસદ રઝાએ જણાવ્યું હતું કે- તેના પડોશીઓએ તેને છેલ્લે ગયા વર્ષે સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરમાં જોઈ હતી. તેની છેલ્લી ફેસબુક પોસ્ટ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ની છે.

### વીડિયોમાં મહિલાઓ પર પણ દંડાથી હુમલો

# ખાટુશ્યામ મંદિર પાસે ભક્તો-દુકાનદારો વચ્ચે ડંડાથી એકબીજા પર હિંસક હુમલો

### સામેલ લોકોને ઓળખવાનો પ્રયાસ

સીકર, તા.૧૧

રાજસ્થાનના સીકરમાં ખાટુશ્યામ મંદિર ફરી ચર્ચામાં આવ્યું છે. અહીં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક દુકાનદારો વચ્ચે મારામારી થઈ છે. અહીં બંને પક્ષોએ એકબીજા પર દંડાથી હુમલો કર્યો છે. ઘટનામાં મહિલાઓને પણ દંડા મારવામાં આવ્યા છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થયો છે. વીડિયોમાં મહિલાઓ પર પણ દંડાથી હુમલો કરવા આવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે.અગાઉ પણ ખાટુશ્યામ મંદિરના પરિસરમાં દર્શન કરવા આવેલા શ્રદ્ધાલુઓ પર દંડાથી હુમલો કરાયો હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. મંદિર સમિતિએ મારમારીની ઘટના બાબતે નોંધ લેવાની વાત કરી હતી. જોકે હવે ફરી આવી ઘટના સામે આવી છે. આ વખતે શ્રદ્ધાળુઓ અને દુકાનદારો વચ્ચે મારામારી થઈ છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં બર્બરતાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તેમાં જોવા મળી રહ્યું છે કે, બે પક્ષો સામસામે એકબીજા પર જીવલેણ હુમલો કરી રહ્યા છે. મારામારી વખતે વચ્ચે મહિલા આવતા લોકો તેને પણ દંડા મારી રહ્યા છે. તો મહિલા પણ દંડા મારતી જોવા મળી રહી છે. એટલું જ નહીં, જે પણ વચ્ચે પડે છે, તેના પર પણ હુમલો થતો જોવા મળી રહ્યો છે. ઘટના અંગે પોલીસ તપાસ શરૂ કરી દીધી છે અને વાઈરલ વીડિયોમાં સામેલ લોકોને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે.

### ડ્રોન કોલેજના પ્રોફેસરની દેખરેખ હેઠળ બનાવવામાં આવ્યું

# નેપાળમાં ઉડાન ભરેલું ડ્રોન પરીક્ષણ દરમિયાન સંસદ ભવન પર જ પડ્યું

### પ્રોફેસર અને ચાર વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી



કાઠમંડુ, તા.૧૧

વિશ્વના ઘણા દેશો વચ્ચેના યુદ્ધમાં ડ્રોન હુમલાની ભૂમિકા વધી ગઈ છે. ભારતના એક પાડોશી દેશે પણ ઉડાન ભરેલું ડ્રોન બનાવ્યું અને પછી તેના પરીક્ષણની તૈયારી શરૂ કરી. પરીક્ષણ દરમિયાન, આ ડ્રોન તેના જ દેશના સંસદ ભવનની ટોચ પર પડી ગયું. આ ઘટના બાદ સુરક્ષા એજન્સીઓમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટના નેપાળની રાજધાની કાઠમંડુમાં બની હતી.વાસ્તવમાં આ ડ્રોન કોલેજના પ્રોફેસરની દેખરેખ હેઠળ બનાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તેનું પરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે આ ટેસ્ટ-ફ્લાઈટ ડ્રોન સંસદ પરિસરમાં ક્રેશ થયું. નેપાળના સંસદ ભવન પરિસરમાં ડ્રોન ક્રેશ થયા બાદ ગુરુવારે કોલેજના પ્રોફેસર અને ચાર વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી.કાઠમંડુ મેટ્રોપોલિટન પોલીસના પ્રવક્તા અપિલ બોહરાએ જણાવ્યું હતું કે સંસદ પરિસરમાંથી ક્રેશ થયેલ ડ્રોન મળી આવ્યું હતું. તેમણે કહ્યું, "ડ્રોન સંસદ ભવન ની છત ઉપર મળી આવ્યું હતું, જે નો-ફ્લાય ઝોનમાં આવે છે."

શહેરોનું તાપમાન (મહત્તમ)
34.7° અમદાવાદ | 33° વડોદરા | 32.8° સુરત | 30.5° રાજકોટ

હવામાન વિભાગ
શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાનનો પારો ૩૩.૦ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૭.૧ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૮ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### મહી નદી પર ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ પાલિકા તંત્ર જાગ્યું : મ્યુનિ. કમિશનરે બ્રિજ વિભાગના અધિકારીઓ સાથે ફતેગંજ બ્રિજની મુલાકાત લીધી

# શહેરના બ્રિજની સ્થિત પર ૩ દિવસમાં રિપોર્ટ મગાયો

### પાંચ ટીમો દ્વારા નિરીક્ષણ કરી રિ-વેરિફિકેશન કરાશે : શહેરમાં ૪૩માંથી બે કમાટીબાગ અને જાંબુવા બ્રિજ તાત્કાલિક બંધ કરવામાં આવ્યાં

વડોદરા, તા.૧૧

મહી નદી ઉપર ગંભીરા બ્રિજ બુધવારે તૂટી પડ્યા બાદ વડોદરા શહેરમાં આવેલા તમામ રિવરબ્રિજ, ફ્લાય ઓવરબ્રિજની મજબૂતાઈ ચકાસવાની કામગીરી પાલિકા દ્વારા શરૂ કરી છે. આ કામગીરી ત્રણ દિવસમાં પૂર્ણ કરી દેવાની તાકીદ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરે અધિકારીઓ સાથે આજે સવારે ફતેગંજ ફ્લાય ઓવરબ્રિજની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. ગઈકાલે પણ બે બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશનના પાંચેય ઝોનમાં ઝોનલ ડેપ્યુટી કમિશનરની, બ્રિજ ડિપાર્ટમેન્ટ અને સિટી એન્જિનિયરની એમ ટીમ દ્વારા નિરીક્ષણ કરીને સેફ્ટી સંદર્ભે રિપોર્ટ આપવા સૂચના આપી છે.

વડોદરા શહેરમાં ૪૩માંથી બે કમાટીબાગ અને જાંબુવા બ્રિજ બંધ કરવામાં આવ્યાં છે. પાલિકા દ્વારા ગત મહિનામાં સ્વતંત્ર તપાસ એજન્સી દ્વારા તમામ બ્રિજનું



ઇન્સ્પેકશન કરાયું હતું, હાલ શહેરીજનોની સલામતી માટે કોઈ જોખમ લેવા માગતું નથી, પરંતુ તેમ છતાં રિ-વેરિફિકેશન માટે ત્રણ જુદી-જુદી ટીમોનું ગઠન કરીને કામગીરી ચાલુ કરવામાં આવી છે. અગાઉનો જે રિપોર્ટ છે તેનું રિવેરિફિકેશન આ રિપોર્ટ સાથે પણ કરાશે. જરૂર પડે તો વધુ કડક પગલાં અને નિર્ણય લેવામાં આવશે. બ્રિજની મજબૂતાઈ ચકાસવા જુદા-જુદા ટેકનિકલ પાસા ચકાસવાના હોય છે, જેમાં બ્રિજનું સ્ટ્રક્ચર, કેરિંગ કેપેસિટી, બ્રિજનું મટિરિયલ, મિક્સ ચર, સ્ટીલ, કોંક્રિટ, બ્રિજની આવરદા, બે જોઈન્ટ વચ્ચેની ગેપ, બેરિયર્સ વગેરે ટકનિલ બાબતો ચકાસવાની હોય છે. આમ તો દર વર્ષે તમામ બ્રિજોનું ઈન્સ્પેક્શન કરાતું હોય છે, પરંતુ કોર્પોરેશન સાવચેતીના ભાગરૂપે આ કામગીરી કરી રહી છે. ઈન્સ્પેક્શન રિપોર્ટ પછી રિટ્રોફિટિંગ, સિવિલ વર્ક કરવાની જરૂર હશે તે પણ કરવામાં આવશે, એમ કમિશનરે કહ્યું હતું. વડોદરા શહેરમાં ૧૩ રેલવે ઓવરબ્રિજ, ૪ ફ્લાયઓવર, ૨૪ રિવર બ્રિજ, એક કમાટી બાગમાં અને એક જાંબુવાનો ગાયકવાડી શાસન વખતનો પુલ મળી કુલ ૪૩ બ્રિજ છે.

#### રિપોર્ટ બાદ બ્રિજના રિપેરીંગ કે નવિનીકરણની કામગીરી કરાશે

વડોદરા શહેરમાં કેટલાક બ્રિજ ૫૦ વર્ષ તો કેટલાક બ્રિજ ૩૦ વર્ષ તો કેટલાક ૧૦ થી ૧૫ વર્ષ જૂના છે. જોકે, બ્રિજ કેટલો જુનો છે તે મહત્વનું નથી. પરંતુ બ્રિજની સ્ટ્રેન્થ કેવી છે તે મહત્વનું હોવાનું મ્યુનિ. કમિશનરે કહ્યું હતુ. આગામી ત્રણ દિવસ બાદ બ્રિજ પ્રોજેક્ટ શાખા તરફથી આવેલ સ્ટેબિલીટી રીપોર્ટના આધારે મરામત કે નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવશે.

### ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ત્રીજા દિવસે પણ રેસ્ક્યૂ ઓપરેશન યથાવત્

# નદીમાંથી એક ટેન્કર સિવાય તમામ વાહનો કઢાયાં, મૃત્યુઆંક ૨૦ થયો


### મોડી સાંજ સુધી બ્રિજનો તૂટેલો હિસ્સો કાઢવાની મથામણ, આજે પણ રેસ્ક્યૂ હાથ ધરાશે



વડોદરા, તા. ૧૧

ગંભીરા બ્રિજની દુર્ઘટનાના ત્રીજા દિવસે પણ સવારથી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નદીમાં ફસાયેલા વાહનોને બહાર કાઢવા માટે ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાંજ સુધીમાં નદીમાંથી ૩ મોટા વાહનો, નાના વાહનો, એક રીક્ષા અને એક બાઈક બહાર કાઢવામાં આવ્યું હતું. તો એસએસજીમાં સારવાર લઈ રહેલા વધુ એક ઈજાગ્રસ્તનું મોત નીપજ્યું હતું. જેના પગેલ મૃત્યુઆંક ૨૦ પર પહોંચ્યો હતો.જો કે બ્રિજના હિસ્સાની નીચે વધુ બે લોકો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

વડોદરા - આણંદ જિલ્લાને જોડતા ગંભીરા બ્રિજ તૂટી પાડવાના કારણે ૧૯ વ્યક્તિઓના મૃત્યુ થયા છે., આજે ઘટનાના ત્રીજા દિવસે પણ બચાવ કામગીરી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા નદીમાં ફસાયેલા વાહનો બહાર કાઢવા ઉપરાંત લાપતા કરવામાં આવી હતી. આજે સાંજ સુધીમાં નદીમાં ફસાયેલા તમામ વાહનોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ નદીમાં પડેલો પૂલનો હિસ્સો ખસેડી બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આ પૂલ નીચે બે વ્યક્તિના મૃતદેહ ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે, નદીમાંથી વાહનો કાઢ્યા બાદ જે લોકો લાપતા છે તેઓને શોધવાની પ્રાથમિકતા છે. લિસ્ટ મુજબ બે વ્યક્તિઓ લાપતા છે. જો કે સાંજ સુધીમાં વધુ એક મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો જેથી મૃત્યુ આંક ૨૦ પર પહોંચ્યો હતો. હજુ એક વ્યક્તિ નદીમાં હોવાની આશંકા જણાઈ રહી છે.



### વોલ્વો પુલર વડોદરા જિલ્લા વહીવટીતંત્રની વહારે આવ્યું

# નદીમાં ફસાયેલાં ભારે વાહનો બહાર કાઢવા વોલ્વોની બે હેવી ડ્યૂટી ટ્રકે તાકાત લગાવી

### નદીકિનારે રેસ્ક્યૂ માટે વિવિધ કંપનીની મશીનરીનો ખડકલો કરાયો

વડોદરા, તા. ૧૧

વડોદરા નજીક ગંભીર બ્રિજ તૂટી પાડવાની ઘટના બાદ નદીમાંથી વાહનો બહાર કાઢવા એ તંત્ર મટે મોટો પડકાર હતો કારણ કે વાહનો નદીના કીચડમાં ફસાઈ ગયા હતા આ ઉપરાંત દિવસમાં બે વખત ભરતી આવવાના કારણે રેસ્ક્યૂની કામગીરી વિલંબમાં પડી હતી. ત્યારે આજે નદીમાંથી બે મોટી ટ્રક અને બ્રિજનો તૂટેલો હિસ્સો બહાર કાઢવા માટે વોલ્વોના બે હેવી ડ્યુટી ટ્રક તાકાત લગાવવા માટે સ્થળ પર પહોંચી ગયા હતા. અને ત્યારબાદ મોટા વાહનોને બહાર કાઢી શકાયા હતા.

ગંભીરા બ્રિજ તૂટી પડતાની સાથે જ તેમાં વાહનો ખાબક્યા હતા. આ વાહનોને બહાર કાઢવા માટે છેલ્લા બે દિવસથી મથામણ કરવામાં આવી રહી હતી. બ્રિજ ઉપર એક મહાકાય ક્રેન પણ લગાવવામાં આવી હતી પરંતુ વાહનો બહાર કાઢવામાં સફળતા મળી ન હતી. અંતે આજે સવારથી વોલ્વોના બે હેવી ડ્યુટી ૪૦ હોર્સપાવરના ટ્રક કામે લગાડવામાં આવ્યા હતા. આ બે ટ્રકની મદદથી નદીમાં ફસાયેલા બે ટ્રકને બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં બપોર સુધીમાં સફળતા મળી ગઈ હતી. આ બાદ બ્રિજના તૂટેલા હિસ્સાને પણ બહાર કાઢવા માટે આ ટ્રકની મદદ લેવામાં આવી હતી. જેના કારણે નીચે ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવામાં આવે. ગંભીરા બ્રિજ ખાતે રેસ્ક્યૂની કામગીરી માટે એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ કામે લગાડવામાં આવી છે. ૨૫૦ થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા છે આ ઉપરાંત હેવી મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



#### કઈ કઈ મશીનરી કામે લગાવી?

- ક્રેન ૨૦૦ ટન ક્ષમતા વાળી - ૧
- હેવી ડ્યુટી પુલર ૫૦૦
- ટન ક્ષમતાવાળા - ૨
- જેસીબી મશીન - ૭
- હિટાચી મશીન - ૫
- ફાયર ટેન્ડર - ૧૦ થી વધુ

#### વિનામૂલ્યે સેવા કરી રહ્યા છીએ : ગોસ્વામી ટ્રાન્સોપોર્ટના માલિક

મકરપુરામાં આવેલ ગોસ્વામી ટ્રાન્સપોર્ટ કંપની દ્વારા આપવામાં આવેલ એક હાઈટેક ક્રેન અને હાઈટેક વોલ્વોના ૫૦૦ પુલરના બે મશીનો આપવામા આવ્યા હતાં. આ અંગે ગોસ્વામી ટ્રાન્સોપોર્ટના માલિક હરકેશ ગોસ્વામી જણાવ્યું હતું કે, નદીમાં ખાબકેલા વાહનો બહાર કાઢવા ઘણી જહેમત ઉઠાવવી પડી રહી છે અત્યાર સુધી અમે ૩ ટ્રક અને એક બાઈક કાઢવામાં સફળ રહ્યા છે. અમારી કંપનીના ૫૫ ટન વજન ધરાવતા બે મશીનો જે ૩૦૦થી ૩૫૦ ટન વજન ઉંચકવા માટે થાય છે. આ સમગ્ર કામગીરીમાં અમારી ટીમના ૨૮ જેટલા માણસો કામ કરી રહ્યા છે અને અમે આ કામગીરી એક પણ રૂપિયા લીધા વિના સેવાનું કામ કરી રહ્યા છે. હજુ પણ એક કેમિકલ ભરેલુ ટેન્કર ફસાયેલુ છે જેને પણ બહાર કાઢવાની કામગીરી હાલ ચાલુ છે.

### ઘટનાના ત્રીજા દિવસે આખરે રાજ્ય સરકારના મંત્રી ઋષિકેશ પટેલ ઘટનાસ્થળે આવ્યા

# પેડેસ્ટ્રલ અને આર્ટિક્યુલેશન ક્રશ થવાના કારણે બ્રિજ તૂટ્યો : પ્રવક્તા મંત્રી

વડોદરા, તા. ૧૧

ડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ખાતે બ્રિજ તૂટી પડવાની ઘટનામાં આખરે સરકારની સંવેદના જાગી હતી એ ઘટનાના ૩ દિવસ બાદ પ્રવક્તામંત્રી ઋષિકેશ પટેલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આદેશ બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવા આવી છે અને આ તપાસ સમિતિના પ્રાથમિક અહેવાલ મુજબ પેડેસ્ટ્રલ અને આર્ટીક્યુલેશન ક્રશ થવાના કારણે આ બ્રિજ તૂટી પડ્યો હોવાનું નોંધાયું છે.માધ્યમો સાથે વાત કરતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, માર્ગ



અને મકાન વિભાગની આ સમિતિ દ્વારા ૩૦ દિવસમાં વિસ્તૃત અહેવાલ આપવામાં આવશે. તેના ટેકનિકલ અને વહીવટી કારણો સાથેનો તપાસ અહેવાલ મુખ્યમંત્રીને સોંપવામાં આવશે. બાદમાં તેના આધારે અન્ય નિર્ણયો લેવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ જ્યાં પણ બેદરકારી ધ્યાને આવી, એ માટેના જવાબદાર માર્ગ અને મકાન વિભાગના ચાર અધિકારીઓને રાજ્ય સરકારે ફરજ મોકૂફી હેઠળ મૂક્યા છે. હજુ પણ જે પગલાં લેવા પડશે, એ પગલાં રાજ્ય સરકાર ચોક્કસ લેશે. તેમણે જણાવ્યું કે. હાલમાં બ્રિજ દુર્ઘટનામાં શોધખોળ કામગીરી અંતિમ તબક્કામાં છે. અંદર પડેલા વાહનો બહાર કાઢવામાં આવ્યા છે. હતભાગીઓનાં મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.

### પાદરા ગંભીરા બ્રિજની ઘટના બાદ તંત્રની ઝડપી કાર્યવાહી

# વડોદરા જિલ્લામાં બે પુલ પર ભારે વાહનવ્યવહાર પ્રતિબંધિત કરાયો

### બંને બ્રિજ પરથી પસાર થતાં વાહનો માટે વૈકલ્પિક માર્ગ જાહેર કરાયો

વડોદરા, તા.૧૧

વડોદરા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા આજે ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ બે પુલ પર ભારે વાહન વ્યવહાર પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નિર્ણય પુલોની જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાયો છે.

જાહેરનામા અનુસાર પોઈચા ગામ પાસે નર્મદા નદી પરનો 'રંગસેતુ' પુલ તેમજ વાઘોડિયા તાલુકામાં વિશ્વામિત્રી નદી પરનો જૂનો મેશનરી બ્રિજ પર પ્રતિબંધ જાહેર કરાયો છે. તંત્ર દ્વારા ડભોઈ-સેગવા-રાજપીપળા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલા નર્મદા નદી પરનો પુલ (રંગસેતુ) બ્રિજ માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં વડોદરાથી રાજપીપળા જતા ભારે વાહનો માટે વડોદરા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા જતો માર્ગ, સેગવા ચોકડીથી રાજપીપળા જતા ભારે વાહનો માટે સેગવા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા માર્ગનો સમાવેશ થાય છે. જ્યારે વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના લીલોરા-પાલડી-ખાખરીયા રોડ પર ચેઈનેજ ૦/૧૦૦થી ૦/૩૦૦ પર વિશ્વામિત્રી નદી પરનો જૂનો મેશનરી બ્રિજના વૈકલ્પિક માર્ગ તરીકે પાલડી-ધનોરા-હરીપુરા-જરોદ-લીલોરા રોડ (૧૦.૨ કિ.મી.) અને પાલડી-શંકરપુરા-બોડીદ્રા-હાંસાપુરા-આસોજ-લીલોરા રોડ (૧૩.૯ કિ.મી.) નો સમાવેશ કરાયો છે.

પ્રતિબંધ જાહેરનામું રંગસેતુ બ્રિજ માટે આગામી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી જ્યારે વાઘોડિયા તાલુકામાં વિશ્વામિત્રી નદી પરનો જૂના મેશનરી બ્રિજ માટે પ્રતિબંધ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશોનો અમલ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક, વડોદરા (ગ્રામ્ય) દ્વારા જરૂરી પોલીસ ગાર્ડ મૂકીને ટ્રાફિક ડાયવર્ઝનની વ્યવસ્થા કરાશે. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગના સસ્પેન્ડેડ ઈજનેરનો વીડિયો વાયરલ

# બ્રિજ દુર્ઘટનામાં સસ્પેન્ડેડ ઈજનેરની ગ્રામજનોએ જાહેરમાં ઝાટકણી કાઢી

### લોકોના જીવ ગયા છે, તમારો કોઈ દીકરો મરી ગયો છે? : ગ્રામજનો

વડોદરા, તા.૧૧

પાદરા અને આણંદને જોડતા ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા સસ્પેન્ડ કરાયેલા કાર્યપાલક ઈજનેર એન. એમ. નાયકાવાલાની એક ગ્રામજન દ્વારા જાહેરમાં ઝાટકણી કાઢવામાં આવી રહી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે. આક્રોશમાં આવેલા નાગરિકે બેજવાબદાર અધિકારીને રીતસરના ઘેરી વળ્યા હતા, જેથી ઈજનેરને ત્યાંથી ભાગવું પડ્યું હતું.



વડોદરા અને પાદરા વચ્ચેના ગંભીરા બ્રિજ તૂટી પડતા નિર્દોષ ૧૮ નાગરિકોના મોત થયા છે, જ્યારે હજુ પણ ગુમ થયેલા નાગરિકોની શોધખોળ ચાલી રહી છે. રાજ્ય સરકારે આ સમગ્ર બનાવ મામલે ચાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. જે પૈકી સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર એન. એમ. નાયકાવાલાની એક નાગરિક જાહેરમાં ઝાટકણી કાઢી રહ્યા હોવાનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.વીડિયોમાં જોઈ શકાય છે કે, ગ્રામજન ભારે આક્રોશ સાથે ઈજનેરને કહી રહ્યા છે કે, આ બ્લોક તૂટી ગયો છે તમને ખબર નથી? તમારી જવાબદારી નથી? લોકોના તમાશા જોવા અહીં આવો છો? ત્યારે તમને ભાન નથી હોતું? તેના જવાબમાં ઈજનેર નમ્રતાપૂર્વક જણાવી રહ્યા છેકે, આવી રીતે વાત નહીં કરવાની. આ સાંભળીને ગ્રામજન વધુ ઉશ્કેરાય છે અને કહે છે કે, કેમ વાત નહીં કરવાની? લોકોના જીવ ગયા છે, તમારો કોઈ દીકરો મરી ગયો છે? ત્રણ વર્ષ પહેલા તમારે આવવાનું હતું, હવે ખાલી હોશિયારી મારવા નહીં આવવાનું. તમારા ભ્રષ્ટ અધિકારીઓના કારણે આજે આ ઘટના બની છે. ગામના લોકો મરી જાય ત્યારે કોઈ આવતું નથી અને તમે સ્ટેબિલિટી રિપોર્ટ જાહેર કરતા નથી. આ વીડિયો દર્શાવે છેકે, દુર્ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં કેટલો રોષ અને દુઃખ વ્યાપેલું છે, અને તેઓ વહીવટી તંત્રની બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે ન્યાય માંગી રહ્યા છે.

### નદીમાં સલ્ફ્યુરિક એસિડ ભરેલું ટેન્કર ખાબક્યું હોવાનું જણાતાં તંત્ર માટે પડકાર

# હાશ! જીપીસીબીની ચકાસણી બાદ ટેન્કરમાં સોડા એશ હોવાનું બહાર આવ્યું

### ટેન્કરના કારણે કોઈ ભય ન હોવાનો અહેવાલ

વડોદરા, તા. ૧૧

ગંભીરા નજીક મહીસાગર નદીમાં અકસ્માતમાં સલ્ફ્યુરિક એસિડ ભરેલું ટેકર હોવાનું માલુમ પડતા તંત્ર માટે આ મોટો પડકાર હતો. જો કે જીપીસીબીની ટીમે ચકાસણી કર્યા બાદ ટેકરમાં એસિડ નહિ પરંતુ સોડા એશ હોવાનું બહાર આવતા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. ગંભીરા અકસ્માતમાં નદીમાં અનેક વાહનો ખાબક્યા હતા જેમાં માલુમ પડ્યું હતું કે નદીના કીચડમાં ફસાયેલા ટેકરમાં સલ્ફ્યુરિક એસિડ છે. આ એસિડ લીક પણ થયું હોવાનું જાણવા મળ્યું હતું જો કે આ લીકેજ બંધ કરવામાં આવ્યું હતું. એસિડ ભરેલું ટેકર બહાર કાઢવું એ તંત્ર માટે મોટો પડકાર હતો. જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગે જીપીસીબીને જાણ કરાતા જીપીસીબીના અધિકારીઓએ આ અંગેના પાણીના સેમ્પલ લીધા હતા અને તપાસ હાથ ધરવામાં આવી હતી જો કે ત્યાર બાદ ટેકરમાં રહેલું કેમિકલ ડાઈલ્યુટ થઈ ગયું હોવાનો અહેવાલ આવ્યો હતો. આ અંગે નિવાસી નાયબ કલેક્ટરે જણાવ્યું હતું કે, ટેકરમાંનું કેમિકલ એ સોડા એશ હોવાનું જીપીસીબીના રિપોર્ટમાં આવ્યું છે. અને તે પાણીમાં રહીને ડાઈલ્યુટ થઈ ગયું છે જેથી હાલમાં તેનાથી કોઈ ખતરો નથી.